ઑપિનિયન

यो वै भूमा तत् सुखम्।

તંત્રી : વિપુલ કલ્યાણી

પુસ્તક : 16 • પ્રકરણ : 07 • સળંગ અંક : 187 **26 ઑક્ટોબર 2010** **ડિજિટલ અવતાર – સાત**

ડાયસ્પોરા ગુજરાતી સાહિત્યના ભાગ્યવિધાન

• વિપુલ કલ્યાણી

ક્યાં છે નવા લેખકો

ક્યાં છે નવા લેખકો ? પ્રશ્ન ઊભો છે. પ્રશ્નનો જવાબ નથી. લેખકો - સર્જકો નિસ્તેજ મોંયે ને ખાલી હાથે ખડા છે. લેખકો પોતાની કંગાલ કૃતિઓનાં અવલોકનો ન લેવાય તેની રાવ કરવામાં સમય ગુમાવે છે. અવલોકન નથી લેવાતાં એટલે પોતાની સામે કોઈ વ્યવસ્થિત કાવતરું થઈ રહ્યું હોય તેવી તેઓ બૂમો પાડે છે. પોતાની કૃતિને નબળી કહેનારો અવલોકનકાર કાં તો ‘વાડા’નું ઢોર છે, કાં લેખકોનો તેજદ્વેષી છે, કંઈ નહીં તો તુંડમિજાજી ને ઘાતકી છે! આટલું, બસ, લેખકોનું આશ્વાસન.

તેમને નથી ભાસતો એક ફક્ત પોતાનો દોષ. તેમને પોતાની કલમ પરિપક્વ થઈ ગઈ જણાય છે. તેમની ખૂબીઓ કોઈના ખ્યાલમાં વસતી નથી. આવો ખિજવાટ તેમની અભ્યાસવૃત્તિને આવરી બેસે છે. છૂપી અદાવતના અસુરો એમના મગજમાં ઊભા થાય છે.

… પોતાની કોઈ પણ રચનાને એ પાંચદસ સામાન્ય વાચકો પાસે વંચાવી અભિપ્રાય મેળવવાની રાહ જોતો નથી. એક કૃતિનું બે કે ત્રણ વાર પૂનર્લેખન કરવાનું એ જરૂરી ગણતો નથી. જગત-સાહિત્યના ઉત્કૃષ્ટ ગ્રંથોને, કે એ ગ્રંથના થોડા થોડા ખંડોને, કેવળ હથોટી બેસાડવા માટે, ફક્ત ‘એક્સરસાઇઝ’ લેખે. એ ગુજરાતીમાં ઉતારી પછી ફાડી નાખવા તૈયાર નથી.

… પોતાનું લખેલું તદ્દન રદ્દી ને માલ વિનાનું છે, એવું એને મોંયે ચડીને કહેવામાં આવે છે. છતાં એ કોઈ પણ હિસાબે એક વાર, બસ, પુસ્તકરૂપ ધરે એવી કંગાલ ખ્વાએશને સંતોષવા માટે એ પ્રકાશકોને વિનવે છે. ખુશામદ કરે છે. લાચારી કરે છે. ને એમ કરી એક વાર કાગળ પર બીબાં પડાવીને પછી એ પોતાને લેખકોના મંડળમાંની એક મહત્ત્વની માન્ય થઈ ચૂકેલી વ્યક્તિ લેખે ખપાવે છે.

- ઝવેરચંદ મેઘાણી

(૧૦.૧૧.૧૯૩૭, “જન્મભૂમિ”; ‘પરિભ્રમણ’, નવસંસ્કરણ, ખંડ ૧, પૃ. ૫૬૦)

•

(ગાંધીને પગલે પગલે … ફોટો : વેબ પરથી)

ગાંધીને પગલે પગલે તું ચાલીશ ને ગુજરાત ?
કૃષ્ણચરણથી અંકિત ધરતી તણી બની આ કાયા;
પવિત્ર જરથુષ્ટ્રી આતશ બહેરામ અહીં લહેરાયા.
અશોકધર્મલિપિથી ઉર પાવન;
જિનવર-શિષ્યોની મનભાવન.
સત્ય-અહિંસાની આંખે તું ભાળીશ ને ગુજરાત ?
ગાંધીને પગલે પગલે તું ચાલીશ ને ગુજરાત ?
નરસિંહ-મીરાંની ગળથૂથી, ઘડી શૂર સરદારે,
મૃદુલ હૃદય તું, તોયે નિર્ભય સિંહડણક ઉદગારે.
મસ્જિદ મંદિર વાવ તોરણે
લચે રમ્યતા તવ વને-રણે.
બિરુદ ‘વિવેકબૃહસ્પતિ’નું જે, પાળીશ ને ગુજરાત ?
ગાંધીને પગલે પગલે તું ચાલીશ ને ગુજરાત ?

-ઉમાશંકર જોશી

•

પોતાના ગુજરાત રાજ્યને ગાંધીના પગલે પગલે ચાલવાનું આહ્વાન આપતા કવિ આ ધરતી કૃષ્ણ, જરથુષ્ટ્ર, ભગવાન બુદ્ધ અને મહાવીર સ્વામીના સંસ્કારોથી સિંચિત હોવાનું અને નરસિંહ-મીરાં જેવા ભક્તકવિઓ અને સરદાર જેવા શૂરાઓની સિંહડણક અને ગાંધીના સત્ય-અહિંસાની આંખે દેખતી હોવાનું યાદ કરાવે છે.

સદ્‌ભાવ : http://urmisaagar.com/saagar/?p=4866

એટલાન્ટિક મહાસાગરની પેલે પાર, ‘યુનાઈટેડ સ્ટેટ્સ ઑવ્ અમેરિકા’ના પાટનગર વૉશિંગ્ટનમાં, નટવર ગાંધી નામે આપણા એક અગ્રગણ્ય સર્જક વિરાજમાન છે. અમેરિકાથી પ્રગટ થતા “સન્ધિ” સામયિકના ચૌદમા અંકમાં, ‘Gujarati Diaspora Writing A Call For Independence’ નામે એમનો એક લેખ આમેજ છે. તે લેખ જાણકારો વચ્ચે નટવરભાઈએ ઈન્ટરનેટથી ય હરતોફરતો કરેલો. અને વળી, અમેરિકાના આપણા એક વિદ્વાન લેખક હરીશ ત્રિવેદીએ તે વિશે લંબાણથી ચર્ચાને જાગતી રાખી હતી. ‘ગુજરાતી લિટરરી ઍકાડમી ઑવ્ નૉર્થ અમેરિકા’ની, તાજેતરમાં ફ્લોરિડા રાજ્યના ટૅમ્પા શહેરમાં મળેલી, આઠમી પરિષદમાં ય નટવર ગાંધીએ આ વિષે વિષદ રજૂઆત કરવાની રાખી હતી.

નટવરભાઈનો આ મૂળ લેખ અંગ્રેજીમાં છે અને તેનું ગુજરાતી આગામી એકાદ અંકમાં આપવાનો મનસૂબો છે. તેમ હરીશભાઈએ માંડી ચર્ચાને ય સારવીને લેવાના મનોરથ છે. આથીસ્તો, આ વિશે ઝાઝી વાતનાં ગાડાં ભરવાંના હાલ લગીર અભરખા નથી.

અમેરિકાના ગુજરાતી ડાયસ્પોરા સર્જક બાબુ સુથારને ‘ડાયસ્પોરા લેખન પારિતોષિક’ એનાયત થયાનું ય ઘોષિત થયું છે. ‘પી.પી. જે.જે. મેમોરિયલ ચેરિટેબલ ટ્રસ્ટ, રાજકોટ’ સંચાલિત ‘ગાર્ડી રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ ફૉર ડાયસ્પોરા સ્ટડીસ’ દ્વારા આ પારિતોષિકનો આરંભ થયો છે. બાબુ સુથારને બિરદાવીએ અને થાબડીએ. પણ આ તંત્રવ્યવસ્થા ને તેની કામગીરી બાબત હવે પછી ક્યારેક નૂક્તેચીની કરવા ધારી છે.

બીજી પાસ, બળવંત જાનીના સંપાદન સાથે તેમ જ ‘પાર્શ્વ પબ્લિકેશન : અમદાવાદ’ દ્વારા, ‘બ્રિટિશ-ગુજરાતી ડાયસ્પોરા સાહિત્ય શ્રેણી’નું પ્રકાશન હાથ ધરાયું છે. આ શ્રેણી અંગે ય વિષદ છણાવટ કરવી છે. કેટલુંક સારું છે, તો ક્યાંક ક્યાંક પાપડી જોડાજોડ ઈયળ પણ બફાઈ હોય તેમ અનુભવાય છે !

ડાયસ્પોરા ગુજરાતી સાહિત્યના આ સમૂળા વિષય બાબત ગંભીર તત્ત્વચર્ચા હવે માંડવી જ પડવાની છે. ક્યાંક ક્યાંક ‘જીભે જલેબી

ઓપિનિયન

- "ઓપિનિયન" ગુજરાતી ભાષાનું ઈન્ટરનેટી માસિક વિચારપત્ર છે અને દર માસની ૨૬મી તારીખે બહાર પડે છે.
- "ઓપિનિયન"ના વાંચક ગમે તે અંકથી થઈ શકાય છે. રસ ધરાવનારાઓએ સત્વરે પોતાનો 'ઈ.મૈલ આઈ.ડી.' મોકલવો જરૂરી બને છે.
- "ઓપિનિયન"માં શક્ય હોય ત્યાં સુધી જાહેરખબર ન લેવાની અમારી નેમ છે.
- એમાં વ્યક્ત થતા વિચારો માટેની જવાબદારી જે તે લેખકોની છે.
- "ઓપિનિયન"નાં ધોરણ અને સ્વરૂપને અનુલક્ષીને લેખકોએ પોતાની કૃતિઓ મોકલવી. હાલ પુરસ્કારનું ધોરણ નથી. પરંતુ છપાયેલી કૃતિના લેખકને જે તે અંક ભેટ મોકલવાની પ્રથા છે.
- લખાણ શાહીથી ચોખ્ખા અક્ષરે અને કાગળની એક જ બાજુએ લખવું. નનામા લેખો અસ્વીકૃત બનશે.
- ભાષા સારી માઠી હશે તેને વિષે લખનારે જરા પણ અચકાવાનું નથી. અમારી શક્તિ પ્રમાણે અમે સુધારી લઈશું. ઓછામાં ઓછી ગુજરાતી જાણનાર વાચક પણ સામયિકની મારફતે જેટલી દાદ લઈ શકે તેટલી દાદ દેવી એ અમે અમારી ફરજ સમજશું.
- જેઓ લખી ન શકતા હોય તેઓ બીજાની પાસે લખાવીને લખાણ મોકલી શકે છે.

•

સંપાદકીય પત્રવ્યવહાર

"ઓપિનિયન"

'Kutir', 4 Rosecroft Walk,
WEMBLEY,
Middlsex HA0 2JZ [U.K.]

e.mail :
vipoolkalyani.opinion@btinternet.com

•

ભારત માટે સંપર્કનું ઠેકાણું

Villa Bellevue, 30, Avantikabai Gokhale
Street, Opera House, MUMBAI - 400 004

e.mail : bharti_parekh@hotmail.com
સંપર્ક : ભારતીબહેન પારેખ

"ઓપિનિયન"નું આ ડિજિટલ અવતરણ છે. અને ગમતાનો ગુલાલ કરવાની દરેકને રજામજા જ હોય.

પાડવા'ના પ્રયોગો થતા રહેતા હોય, તેવો અનુભવ થાય છે; તો વળી, કેટલાકને પોતાની પ્રચ્છન્ન કાર્યસૂચિ હોય તેવું ઝાંખુંપાંખું ઉપસી આવે છે. તેની ય તરતપાસ કરવી હવે જરૂરી બનવાની છે. કોઈક કોઈક પરિસંવાદમાં, કે પછી, આ તે કે બીજીત્રીજી પરિષદમાં, આ મતલબનો વાણીવિલાસ આચરાતો ય આપણે જોયો છે. કેટલાક 'વડીલો' વળી, સ્વ-સ્વીકૃત વડીલશાહીની સાખે સાખે, 'મુરબ્બીવટ' પ્રદર્શિત કરવાનું રાખે છે. આ દરેક હવે ખમૈયા કરે અને ભાગ્ય વિધાનને ઉજાગર કરવાનાં અક્કેક કામમાં પાટલો માંડે, તેમ હવે થવું જરૂરી છે.

'ગુજરાતી સાહિત્ય અકાદમી'ના મુખપત્ર "અસ્મિતા"ના, સન ૧૯૮૫માં પ્રકાશિત, બીજા અંકનો સંપાદકીય સૌએ ધ્યાનપૂર્વક વાંચવા વાગોળવા જેવો છે. સંપાદકો લખે છે :

' … પણ આત્મસંતોષમાં રાચી જડ થઈ જવાનો આ વખત નથી. ચિંતા કરવી જ રહી. હજુ આપણા આગવા અવાજ માટે આપણે ખૂબ જ લાંબી મજલ કાપવાની છે. કૃતિઓની પસંદગીમાં ધોરણ કરતાં પ્રોત્સાહન પર વધુ ધ્યાન આપવું પડે છે. આપણા સર્જકોએ અભ્યાસ નેજવે મૂકી દીધો હોય એવું વર્તાયા કરે છે. અકાદમી દ્વારા યોજાતી વર્કશોપ્સમાં હાજર સંખ્યા આ વાતની ચાડી ખાય છે. તો ભારતના એકાદ જાણીતા લેખકે 'વ્યવહારુતા'માં કરેલી પ્રશંસાથી પોતાનો સંપૂર્ણ વિકાસ થઈ ચૂક્યાનો અહોભાવ પણ જોવા મળે છે. હું પણ અભ્યાસ કરી, કટિબદ્ધ થઈ, સાહિત્યિક વિકાસ સાધી ઉચ્ચ સ્તરનું સાહિત્ય આપું એવું વિચારવાને બદલે સર્જકો પોતાના કાલાઘેલા કાચાપાકા લખાણની કક્ષા સુધી "અસ્મિતા"ને ઢસડી લાવવા દબાણ લાવે છે તે ઈચ્છનીય નથી. આ દેશમાં સાહિત્યનો વિકાસ આવી વૃત્તિથી રૂંધાશે.'

આ રજૂઆતને હવે પા સદી વીતી છે. પરંતુ હકીકત સુધરી નથી, ક્યાંક વણસી પણ છે. "અસ્મિતા" ઉપરાંત "ઓપિનિયન" સમેતના વિધવિધ સામયિકોને પણ આવો આવો અનુભવ થતો જ હોય. આ માત્ર હવે સ્થાનિક સવાલ રહ્યો નથી, તે વ્યાપક કોયડો બની બેઠો છે. વારુ, "અસ્મિતા"ના સંપાદક મંડળમાં યોગેશ પટેલ. વિનોદ કપાસી અને વિપુલ કલ્યાણી હતા. અને આ ત્રિપુટી સંપાદકો વતી યોગેશભાઈની કલમ આગળ વધીને કહે છે :

'એક ભ્રામક અભિપ્રાય એ પ્રવર્તે છે કે સરળ તે જ સાચું સાહિત્ય. સરળતા કે અસંદિગ્ધતાને ઉત્તમતાનું ધોરણ ગણવું એટલે તો વિનાશના રસ્તે જવું થયું. માત્ર સરળતા અને ઉપલક સ્તરનું જ લખાણ મનુષ્ય કે પ્રજાની પ્રગતિમાં કોઈ પ્રદાન નથી આપતું. જે સમાજમાં ગંભીર વિચાર કરનારા નહીં હોય, તલસ્પર્શી જ્ઞાનના ઉપાસકો નહીં હોય તે સમાજ ચોક્કસ દિશાશૂન્ય થઈ છિન્નવિછિન્ન થઈ જવાનો. જેઓ જ્ઞાનની શુષ્ક લાગતી ગંભીરતાને નકારે છે અને કહે છે કે "અસ્મિતા" માત્ર સમજાય એવું જ સાહિત્ય પ્રગટ કરે, તેઓ કદાચ અકાદમીના કાર્યક્ષેત્રને સમજતા નથી.'

હવે થયું છે એવું કે દીપક મહેતાએ "મુંબઈ સમાચાર"ની 'વરાઈટી' પૂર્તિમાં ૧૮ જુલાઈ ૨૦૧૦ના કહ્યું હતું તેમ, '… પ્રમાણમાં સાધનસંપન્ન એવા ત્રીજી ધારાના (એટલે કે 'વિદેશવાસી ગુજરાતીઓનું સાહિત્ય') લેખકોને એટલો સંઘર્ષ કરવો પડ્યો નથી. તેમનાં પુસ્તકો વિદેશમાં તેમ જ દેશમાં ટપોટપ છપાય છે અને ચપોચપ વખણાય છે.' અને આ 'ટપોટપ' છપાતાં પુસ્તકોમાં, આમુખ રૂપે જે રીતે 'ચપોચપ' વખાણનો સ્રોત વહેતો જોવા મળે છે, તેથીસ્તો, સ્વાભાવિક, કમકમાં છૂટે છે.

તળ ગુજરાતની ભૂમિકાને પણ આ બાબત નજર અંદાજ કરવાનો પ્રયાસ અયોગ્ય સાબિત થશે. ત્યાંનાં સામયિકોમાં ડાયસ્પોરા વિષયને સ્થાન જરૂર મળ્યું છે પણ હજુ મહદ્ અંશ ખુદમાંથી બહાર આવતો જ નથી. આ નરી કરુણતા છે.

ગુજરાતી સાહિત્ય પરિષદની નબળાઈઓ, અણસમજ તથા ઉપેક્ષાનાં વારિ પાકિસ્તાને આ સાલ દીઠાં પૂરની જેમ હડસેલાયાં કરે છે. એક જ દાખલો પર્યાપ્ત રહેશે. "પરબ"માં આરંભે લખાતું રહ્યું છે : 'પરિષદના આજીવન સભ્યપદનું શુલ્ક રૂ. ૨,૦૦૦ છે તથા સંસ્થા આજીવન સભ્ય ફી રૂ. ૩,૦૦૦ છે. (વિદેશવાસીઓ માટે ૭૫ પાઉન્ડ અથવા ૧૩૦ ડૉલર.)'. વળી, એમ પણ કહેવાય છે : 'ગુજરાતી સાહિત્ય પરિષદના વાર્ષિક તેમજ આજીવન સભ્યપદના શુલ્કમાં 'પરબ'ના લાવજમનો સમાવેશ થઈ જાય છે.' વારુ, સરસ. હવે જોઈએ "પરબ"નો મે ૨૦૧૦નો અંક. પાન ૮૦ પરે 'પરદેશના ગ્રાહકો માટે' પરિષદવૃત્ત જણાવે છે : 'ત્રણ માસ સુધી sea mailવાળા તમામ આજીવન સભ્યોને Air mailથી મોકલવામાં આવશે. સભ્યો, ૬૬૦/- લેખે લવાજમ મોકલાવે એવી અમારી શ્રદ્ધા છે.' અને જુલાઈ ૨૦૧૦ના અંકમાં આ આંકડો ફરી બેઠો છે ! પાન ૮૬ પરની 'પરદેશના સભ્યોને વિનંતી' નામે નોંધ આમ છે : 'પરબ એરમેઈલથી હવે મોકલવામાં આવે છે. જેની નોંધ લેવા વિનંતી. વધેલા પોસ્ટ ખર્ચના રૂ. ૭૨૦ (વાર્ષિક) સત્વરે મોકલી આપવા વિનંતી.' સીધો રૂ. ૬૦નો તફાવત ! … સરસ. પણ વહીવટકારોને સમજાતું ય હશે કે પરદેશથી આ રકમ મોકલવા માટે બેન્કનો કેટલો ખર્ચ આવે છે ? લખનાર અને મોકલનારે થોડુંક 'હૉમવર્ક' પણ નહીં કર્યું હોય ? ઉદાહરણ તરીકે, વિલાયતની 'ગુજરાતી સાહિત્ય અકાદમી'ને ભારતમાં કોઈ બેન્ક ખાતું જ નથી. આવું કોઈ પણ વ્યક્તિનું ય સહજપણે બનવાનું. તો શું તેને "પરબ" મોકલવા / મળવા બંધ થવાના ને ? તેનું શું ? આ અંગે પરિષદનો શો રવૈયો હોઈ શકે ? આવી કોઈ પ્રતિક્રિયાને કારણે પરિષદને પહોંચતી માઠી અસરનું શું ? ડાયસ્પોરા ક્ષેત્રે પથરાયેલાં સભ્યો પ્રત્યેની ઉદાસીનતાનો, ઉપેક્ષાનો જ આ સિલસિલો બનવાનો તો નથી ને ? બંધારણીય કાયદાની એરણે પણ આ પાયાગત બાબતને તપાસવી જરૂરી છે.

સંતોષકારી સમતોલ ઉકેલ આવે તેવી ઈચ્છાશક્તિનું બળ સૌને મળજો.

પાનબીડું :

'હું પરિષદમાં રસ નથી લેતો. પરિષદના ભાગ્યવિધાન સાથે મને નિસ્બત નથી. પરિષદ સાહિત્યના ઉત્કર્ષમાં કોઈ સક્રિય વધારો કરી શકી નથી. ગુજરાતી સાહિત્ય છેલ્લાં પંદર વર્ષમાં જે કંઈ જોર કરી શક્યું છે તેનો જશ અમુક સંસ્થાઓને, તેમાં ય ખાસ અમુક વ્યક્તિઓને, અમુક પ્રકાશકોને અને પુસ્તક-વિક્રેતાઓને ભાગે જાય છે. પરિષદ એક અથવા બીજા માણસનો કુટુંબ-મેળો બને છે; કાં કુરુક્ષેત્ર બને છે; ને કાં નિબંધ-વાચનના ચોરાની ગરજ સારે છે.'

- ઝવેરચંદ મેઘાણી

(૧૧.૦૯.૧૯૩૫, "જન્મભૂમિ"; 'પરિભ્રમણ', નવસંસ્કરણ, ખંડ ૧, પૃ. ૬૧૯)

e.mail : vipoolkalyani.opinion@btinternet.com

પરંપરાગત વિરુદ્ધ પ્રગતિશીલ કેળવણી

• જૉન ડ્યૂઈ

અનુવાદક : નટવરલાલ બુચ



જૉન ડ્યૂઈ
John Dewey
[20.10.1859 – 01.06.1952]

જૉન ડ્યૂઈ છેલ્લા પોણોસો વર્ષોમાં કેળવણીના ક્ષેત્રમાં પ્રયોગો કરી તેમાંથી નવી પેઢીને સારી અને ઉપયોગી કેળવણી મળે તેવા પ્રયત્નો કરતા વિચારકોમાં મોખરે છે. તેમના ૧૯૩૮માં પ્રકાશિત નાના પણ ઘણાં ઉપયોગી પુસ્તક “Experience and Education”નો ગુજરાતીમાં અનુવાદ નટવરલાલ પ્ર. બુચે ગુજરાતીમાં “અનુભવ અને કેળવણી” અંતર્ગત કર્યો છે. આપણી સમજમાં કેળવણી શબ્દનો સ્પષ્ટ અર્થ શું થાય ? જૉન ડ્યૂઈ કહે છે, ‘કેળવણીનું વસ્તુ તે ભૂતકાળમાં તૈયાર થયેલ માહિતીના જથ્થા અને આવડતોનું બનેલ છે; તેથી શાળાનું મુખ્ય કામ આ બન્નેને નવી પેઢીને પહોંચાડવાનું છે.’ પ્રસ્તુત લેખ જે પુસ્તક ‘અનુભવ અને કેળવણી’માંથી લેવામાં આવ્યો છે તેમાં લેખક પરંપરાપ્રાપ્ત અને પ્રગતિશીલ એ બંને કેળવણી પ્રવાહોનું પૃથક્કરણ કરે છે. મૂળત: અમેરિકન શિક્ષણશાસ્ત્ર અને વ્યવસ્થા ઉપર આધારિત આ પુસ્તક આપણી શિક્ષણવ્યવસ્થાને એથી ય વધુ લાગુ પડે છે. અહીં એક એવી શિક્ષણ વ્યવસ્થાનું સ્વરૂપ વિચારાયું છે જે નકારાત્મક નહીં, વિધેયાત્મક રચના અને કેળવણી પર આધારિત હોય. પ્રસ્તુત લેખ આ પુસ્તકના પ્રથમ પ્રકરણમાંથી લેવામાં આવ્યો છે.

•

માનવજાતને આત્યંતિક વિચારવાનું ગમે છે. પોતાની માન્યતાઓને તે ‘કાં આ, કાં તે’ની રીતે રજૂ કરે છે. એ બેની વચ્ચે મધ્યમ માર્ગની શક્યતાને તે સ્વીકારતી નથી. બે આત્યંતિક વિચારોનો એક સાથે અમલ થઈ શકે તેમ નથી, એમ જ્યારે તેને સ્વીકારવું જ પડે છે ત્યારે પણ તે એમ કહેવાનું વલણ રાખે છે કે બંને છેડાઓ સિદ્ધાન્તમાં તો સાચા જ છે; પણ વ્યાવહારિક પરિસ્થિતિ આપણને બન્ને વચ્ચે મેળ કરવા મજબૂર બનાવે છે. કેળવણીનું તત્ત્વજ્ઞાન આમાં અપવાદ નથી. કેળવણીના સિદ્ધાંતના ઇતિહાસમાં એક બાજુ, ‘કેળવણી એ માનવીની અંદરથી વિકાસ પામતી પ્રક્રિયા છે.’ એ એક વિચાર અને ‘બહારથી કરવામાં આવતી ઘડતરની પ્રક્રિયા છે.’ એ બીજો વિચાર; ‘કેળવણી માનવની સહજ શક્તિ પર આધારિત છે.’ એ એક વિચાર અને ‘કેળવણી એ માનવીનાં સહજ વલણોને નિયમનમાં રાખી બાહ્ય દબાણોની જગ્યાએ સુટેવો પાડવાની પ્રક્રિયા છે’ એ બીજો વિચાર, – આમ બે વિચારોનો પરસ્પર વિરોધ થતો રહ્યો જોવામાં આવ્યો છે. આજકાલ શાળામાં ચાલતા કેળવણીના વ્યવહાર પરત્વે આ વિરોધ પરંપરાગત કેળવણી અને પ્રગતિશીલ કેળવણી વચ્ચેના વિરોધ રૂપે વ્યક્ત થવા તરફ છે. જો પરંપરાગત કેળવણી પછી તે રહેલા વિચારોને, ચોક્કસ વિધાન કરવા માટે જરૂરી વિશેષો વિના, જાડી ભાષામાં મૂકીએ તો તે આમ રજૂ થાય – કેળવણીનું વસ્તુ તે ભૂતકાળમાં તૈયાર થયેલ માહિતીના જથ્થા અને આવડતોનું બનેલ છે; તેથી શાળાનું મુખ્ય કામ આ બન્નેને નવી પેઢીને પહોંચાડવાનું છે.

ભૂતકાળમાં વર્તનનાં ધોરણો અને નિયમો પણ તૈયાર કરવામાં આવ્યાં છે; નીતિ શિક્ષણ આ ધોરણો – નિયમોને અનુરૂપ ટેવો પાડવામાં રહેલું છે, અને તેથી છેવટે શિક્ષણની તંત્રરચના (એટલે કે વિદ્યાર્થીઓની વચ્ચેના અંદર અંદરના અને વિદ્યાર્થીઓના શિક્ષક સાથેના સંબંધો, એમ હું કહેવા માંગું છું) શાળાને બીજી બધી સામાજિક સંસ્થાઓમાંથી તદ્દન જુદી પાડે છે. શાળાનો વર્ગખંડ, એનાં સમયપત્રકો, ધોરણોનું વર્ગીકરણ, પરીક્ષાઓ અને ચડાવાની પદ્ધતિ, વ્યવસ્થાના નિયમો આ બધાનું ચિત્ર તમારી કલ્પનામાં લાવો એટલે મને લાગે છે કે તમે સમજી જશો કે શિક્ષણની તંત્રરચના એટલે શું. હવે જો તમે આ દૃશ્યને બીજી કોઈ સમાજસંસ્થા, દાખલા તરીકે કુટુંબસંસ્થા સાથે સરખાવો તો શાળા અન્ય સમાજસંસ્થાથી, તદ્દન જુદી પડે છે, એ વિધાન તમને સમજાશે.

હમણાં કહેલી ત્રણ લાક્ષણિકતાઓ શિક્ષણ અને શિસ્તના હેતુઓ અને પદ્ધતિઓ નિશ્ચિત કરે છે. મુખ્ય હેતુ કે ઉદ્દેશ્ય ઊગતાં બાળકોને વિવિધ વ્યવસ્થિત માહિતી અને આવડતોરૂપી શિક્ષણ વસ્તુની પ્રાપ્તિ દ્વારા ભાવિની જવાબદારીઓ અદા કરવા અને જીવનની સફળતા પ્રાપ્ત કરવા માટે તૈયાર કરવાનો છે. વસ્તુ અને યોગ્ય વર્તનના ગજ ભૂતકાળથી પરંપરાપ્રાપ્ત છે તેથી વિદ્યાર્થીઓનું વલણ એકંદર, કહ્યાગરાપણાં, ગ્રહણતત્પરતા અને આજ્ઞાધારકતાનું હોવું જોઈએ. પુસ્તકો, ખાસ કરીને પાઠ્યપુસ્તકો ભૂતકાળના વારસા અને ડહાપણના મુખ્ય સંપર્કમાં મૂકનારાં સાધનો છે. – શિક્ષકો રૂપી ઓજારો દ્વારા એમને આ જ્ઞાન અને આવડતો પહોંચાડવામાં આવે છે, અને શિસ્તપાલન કરાવાય છે. આ શિક્ષણરચનાની પછીતે રહેલા સિદ્ધાંતોની આ ટૂંકી નોંધ મેં એની ટીકા કરવા માટે નથી કરી. જેને આજ નવી કેળવણી અને પ્રગતિશીલ શાળા કહેવાય છે. તેનો ઉદય પોતે જ કેળવણીની પરંપરાપ્રાપ્ત રચના પ્રત્યેના અસંતોષમાંથી થયો છે. હકીકતમાં તે જૂની કેળવણીની જ ટીકા છે. આ ગર્ભિત ટીકા સ્પષ્ટ શબ્દોમાં મૂકવામાં આવે તો આવું કાંઈક થાય, પરંપરાપ્રાપ્ત રચના, મૂળમાં બહારથી અને ઉપરથી લદાયેલી કેળવણીની છે. જે બાળકો હજી માત્ર પક્વતા તરફ ગતિ કરતાં હોય છે તેમના પર પુખ્ત ઉંમરવાળા માટેના ગજ, જ્ઞાનનું વસ્તુ અને પદ્ધતિઓ આ રચના લાદે છે. બંને વચ્ચે અંતર એટલું બધું છે કે ભણવાની અને વર્તનની પદ્ધતિઓ બાળકોની વર્તમાન શક્તિઓને માટે તદ્દન ક્ષેત્રબાહ્ય છે. આ નાના વિદ્યાર્થીઓના વર્તમાન અનુભવોના ક્ષેત્રથી ક્યાં ય દૂર આ બધાં છે તેથી એ લાદવાં પડે; જો કે સારા શિક્ષકો એનાં સ્પષ્ટ અમાનવીય લક્ષણોમાંથી કંઈક રાહત આપે એવી રીતે શીખવવાને હિકમતો અજમાવશે. પણ પુખ્ત પરિપક્વ ઉંમરવાળા માટેના વસ્તુ અને બીજી બાજુ બાળકોના અનુભવો અને શક્તિ વચ્ચેની ખાઈ એટલી પહોળી છે કે જે ભણાવવામાં આવે

Doctor.., seems like there is some mistake! How can I have pumonoultramicroscopicsilicovolcanoco ? I can't even spell that disease!

છે તેને સમજવા સંવર્ધવાના કાર્યમાં ભણનારાઓ સક્રિય ભાગ લઈ શકે જ નહીં. પેલા છસો ઘોડેસવારોને જેમ, 'કરવાનું કે મરવાનું જ હતું … ' તેમ આ બાળકોએ તો કહ્યું કરવાનું અને ભણવાનું જ હતું. ભણવું એટલે આ સ્થળે ચોપડીઓમાં અને વડીલોના મગજમાં જે જ્ઞાન જમા થયું છે તે બધું પ્રાપ્ત કરવું.

વળી ભણાવાય છે તે બધું સ્થિર, ચોક્કસ છે એમ માનવામાં આવે છે. એ જ્ઞાન પૂરા તૈયાર માલ તરીકે તે મૂળથી કેવી રીતે વધ્યું, વિકસ્યું કે તેનાથી ભવિષ્યમાં જે ફેરફારો થવાનાં જ છે તે બન્નેથી નિરપેક્ષ રીતે આપવામાં આવે છે. આ જ્ઞાન ઝાઝે અંશે જે સમાજોએ એમ માની લીધેલું કે ભવિષ્ય ભૂતકાળ જેવો જ હશે એ સમાજોની સંસ્કૃતિના ફળરૂપ છે. અને છતાં સમાજમાં પરિવર્તન સતત થતું જ રહે છે. માત્ર અપવાદરૂપ નથી એવા સમાજના શિક્ષણ-ખાદ્ય તરીકે એ જ્ઞાન પિરસાય છે. જો નવી કેળવણીના વ્યવહારમાં જે સિદ્ધાંત ગૃહીત છે તેને શબ્દમાં મૂકવા મથીએ તો મને લાગે છે, આજ ચાલતી વિવિધ પ્રકારની પ્રગતિશીલ શાળાઓ વચ્ચે અમુક સર્વસામાન્ય સિદ્ધાંતો આપણને દેખાશે. ઉપરથી લાદેલા ભણતરના વિચારોમાં વ્યક્તિત્વના આવિષ્કાર અને વિકાસને સ્થાન અપાયું છે. બ્રાહ્ય શિસ્તને સ્થાને મુક્ત પ્રવૃત્તિ રહે છે. પાઠ્યપુસ્તકો અને શિક્ષકો પાસેથી જ્ઞાન લેવાને બદલે જાત અનુભવથી શિક્ષણ લેવાની વાત છે. છૂટી-છવાઈ આવડતો અને ટેકનીકો પ્રાપ્ત કરવાને સ્થાને બાળકોને સીધી અપીલ કરે તેવી પ્રવૃત્તિઓ દ્વારા એ આવડતો પ્રાપ્ત કરવાની છે; નજીક કે દૂરના ભવિષ્ય માટે તૈયારી કરવાને બદલે વર્તમાન જીવનમાં મળતી તકોનો બને તેટલો ઉપયોગ કરવાની વાત છે. નિશ્ચિત હેતુઓ અને બીબાંઢાળ વસ્તુઓની સામે બદલાતી રહેતી દુનિયાનો પરિચય કરવાનો છે.

હવે સિદ્ધાંત માત્ર સિદ્ધાંત રૂપે ભાવાત્મક હોય છે. એના અમલથી મળેલા પરિણામથી જ જે તે પ્રત્યક્ષ થાય છે. આ નવી કેળવણીના સિદ્ધાંતો મૂળ ગામી અને દૂર ગામી છે, તેથી જ શાળામાં અને ઘરમાં એના અમલ વખતે તેનું જે અર્થઘટન થાય છે તેના પર બધો આધાર છે. આ સ્થળે જ અગાઉ જે 'કાં આ કાં તે'ની વાત કરવામાં આવી તે ખાસ મહત્વની બને છે. નવી કેળવણીના સામાન્ય સિદ્ધાંતો બરાબર હોય, અને તોયે જૂના-નવા વચ્ચેના ભાવાત્મક સિદ્ધાંતોના ભેદનિરૂપણથી, નવામાં જે નૈતિક અને બૌદ્ધિક અગ્રિમતાઓ અપાઈ છે તેનો અમલ કેમ થઈ શકે તે નક્કી થઈ શકશે નહીં. નવા કોઈ પણ આંદોલનમાં ભયસ્થાન એ હોય છે કે જે નવાને માટે જૂનાના હેતુઓ અને પદ્ધતિઓને તિલાંજલી આપવામાં આવે છે, તે નવાનો અમલ વિધેયાત્મક અને રચનાત્મક રીતે થવાને બદલે નકારાત્મક રીતે કરવામાં આવે, ત્યારે પછી નવું, જે જૂનાને કાઢવામાં આવ્યું છે તેને જ અનુસરે અને સિદ્ધાંતના રચનાત્મક વિકાસને ચૂકી જાય. પ્રત્યક્ષ અનુભવ અને કેળવણીની પ્રક્રિયાઓ વચ્ચે ખૂબ નિકટ અને અવિનાભાવ સંબંધ છે. એવા ખ્યાલમાંથી નવી કેળવણીના સિદ્ધાંતોને અનુસરનારી પ્રગતિશીલ શાળાઓ વચ્ચે મૂળગામી સામ્ય જન્મે છે.

જો આ વાત બરાબર હોય તો અનુભવના સિદ્ધાંતના વિધેયાત્મક અને રચનાત્મક અમલનો આધાર અનુભવના સ્વરૂપનો સાચો ખ્યાલ બાંધવા પર છે. દાખલા તરીકે શિક્ષણની વ્યવસ્થિત વસ્તુસામગ્રીનો પ્રશ્ન લો, – નવી કેળવણી માટેનો પ્રશ્ન આ છે, અનુભવમાં પોતાનામાં જ શિક્ષણની સામગ્રી અને તંત્રરચનાનું સ્થાન શું? અને તેનો અર્થ શું? અનુભવમાં તેને સહજ એવું કાંઈ છે જે શીખવવાની વસ્તુની વ્યવસ્થિત રચનાના આપોઆપ ઊભી કરે? શિક્ષણનું વસ્તુ કઈ રીતે કામ કરે? અનુભવમાં જ એવું કાંઈ સહજ તત્ત્વ છે, જે અનુભવમાં આવેલ વસ્તુને આપોઆપ ક્રમશ: ગોઠવે ? જ્યારે અનુભવમાં આવતું વસ્તુ કે હકીકતો ક્રમસર વ્યવસ્થિત થાય કે ન કરવામાં આવે ત્યારે શા પરિણામ આવે છે? જે સિદ્ધાંત કેવળ વિરોધ કરવામાં જ સાબિત હોય તે આવા પ્રશ્નોની ઉપેક્ષા કરશે. એનું વલણ તો એવું રહેવા સંભવ છે કે જૂની કેળવણી તૈયાર વ્યવસ્થા પર આધારિત હતી, તેથી વ્યવસ્થાનો સિદ્ધાંત એટલે શું અને અનુભવના સિદ્ધાંતના અમલમાં એનો ઉપયોગ કેવી રીતે થઈ શકે એવું કાંઈ વિચારવાને બદલે એ જૂના સિદ્ધાંતને સમૂળગો ફેંકી દેવો. અલબત્ત એવું બની શકે ખરું કે એક વાર આપણે જૂના અને નવા વચ્ચેના ભેદના મુદ્દાઓ તપાસી જઈએ અને પછી આવા જ નિર્ણય ઉપર આવીએ, જે જુદી વાત છે. જ્યારે બાહ્ય નિયમન કાઢી નાંખવામાં આવે ત્યારે અનુભવની પ્રક્રિયામાંથી જ નિયમનો કેમ આવે તે શોધવું એ આપણો મુખ્ય પ્રશ્ન બને છે. જ્યારે બાહ્ય નિયમનો ફેંકી દેવામાં આવે ત્યારે એનો અર્થ એવો નથી કે નિયમ ન જ હોય, પણ ઊલટું એમ હોવું જોઈએ કે વધુ અસરકારક નિયમ કેમ બને એ જોવું જોઈએ. જૂની પધ્ધતિ જ્ઞાન, અને તેના પ્રદાન – વિતરણની પદ્ધતિઓ અને પુખ્ત ઉંમરવાળા માટે વર્તનના નિયમો નાના બાળકો ઉપર લાદતી, તેથી એવું ફલિત નથી થતું કે પુખ્ત ઉંમરના માણસોના જ્ઞાન અને આવડતની ઉપયોગિતા નાનાંને માર્ગદર્શન આપવા જેટલી પણ નથી – સિવાય કે આપણે અગાઉ કહેલી 'કાં આ કાં તે' વાળી વાતને વળગી રહીએ, એથી ઊલટું એનો અર્થ તો એવો થાય કે બાળકના જાત અનુભવ પર કેળવણીનું મંડાણ કરીએ તો જૂની કેળવણીમાં મોટા અને નાના વચ્ચે હતા તેથી અનેકગણા અને વધુ નિકટ સંપર્કો આ નવી કેળવણીમાં રહે અને તેથી નાનાંઓ મોટા પાસેથી ઊલટું માર્ગદર્શન ઈચ્છે ને મેળવે. ત્યારે પ્રશ્ન આ છે – અનુભવ દ્વારા કેળવણીના સિદ્ધાંતને બાધા આવ્યા વિના આવા સંપર્કો કેમ સાધવા ? આ પ્રશ્નના ઉકેલ માટે વ્યક્તિગત અનુભવની પ્રક્રિયામાં જે સામાજિક પરિબળો કામ કરે છે તેનો પૂરો વિચાર કરવો જોઈએ.

ઉપરની ચર્ચા દ્વારા એ બતાવવાનો હેતુ છે કે નવી કેળવણીના સામાન્ય સિદ્ધાંતો પ્રગતિશીલ શાળાઓમાં વર્તનના નિયમો અને એ વ્યવસ્થાના પ્રશ્નો ઉકેલી શકશે નહીં, ઊલટું એ પોતાના નવા પ્રશ્નો પણ ઊભા કરશે જેનો ઉકેલ અનુભવના નવા સિદ્ધાંતના પાયા પર શોધવો પડશે. પણ જ્યારે જૂની કેળવણીના સિદ્ધાંતો અને વ્યવહારોને તિલાંજલી આપી સામે છેડે જઈ બેસીએ એટલે પત્યું એમ જ માની લેવામાં આવે ત્યારે આ નવા પ્રશ્નોના નિકાલની વાત તો કોરે રહી, એ પ્રશ્નો વરતાતાયે નથી, સ્વીકારાતાયે નથી. નવી કેળવણીની ઘણી શાળાઓ અભ્યાસમાં નિશ્ચિત અને વ્યવસ્થિત ગોઠવેલ વસ્તુનું કોઈ સ્થાન જ નથી ગણતી. મોટાઓ તરફથી આદેશ કે માર્ગદર્શનને પણ તેઓ બાળકના વ્યક્તિગત સ્વાતંત્ર્ય પર તરાપ ગણે છે. અને કેળવણીને માત્ર વર્તમાન અને ભવિષ્ય સાથે જ સંબંધ છે. અને ભૂતકાળના પરિચય કે જ્ઞાનને અનુભવથી મળતી કેળવણી સાથે કશી લેવાદેવા નથી એમ કહે છે. અનુભવના સિદ્ધાંતના પાયા પર તેના હેતુઓ, પદ્ધતિઓ અને શિક્ષણનું વસ્તુ અને તેની ભાવિ શક્યતાઓ વિશે વિધેયાત્મક અને રચનાત્મક રીતે વિચાર કરવાને બદલે કેળવણીમાં આજ સુધી જે પ્રવર્તે છે તેની સામે પ્રત્યાઘાત રૂપે કે નકારાત્મક રીતે જ કેળવણીના સિદ્ધાન્તનો અર્થ થાય છે એટલે નવી કેળવણીના આ અભિગમની ઊણપ વધુ ભારપૂર્વક વર્ણવ્યા વિના જ સમજાઈ જશે. સ્વતંત્રતાના વિચાર પર મંડિત હોવાનો દાવો કરનાર કેળવણીનો સિદ્ધાંત, પોતે પણ જે પરંપરાપ્રાપ્ત પુરાણી કેળવણીના વિરોધમાં એ આગ્રહ કરવામાં આવે છે તેના જેટલો જ જડ આગ્રહ હોઈ શકે છે. જે સિદ્ધાંત અને વ્યવહાર પોતાના અસ્તિત્વની પછીતે રહેલા વિચારોની કડક પરીક્ષા પર આધારિત ન હોય તે જડાગ્રહી છે. આપણે કહીશું કે નવી કેળવણી ભણનારની સ્વતંત્રતા પર ભાર મૂકે છે, ભલે, હવે એ પ્રશ્ન ઊઠે કે સ્વતંત્રતા એટલે શું અને કઈ પરિસ્થિતિ વચ્ચે તે સાકાર બની શકે? આપણે કહીશું કે જૂની શાળાઓમાં જે બાહ્ય નિયમન પ્રવર્તતું હતું તે બાળકના બૌદ્ધિક અને નૈતિક વિકાસને વેગ આપવાને બદલે તેને રૂંધતું હતું. આ ગંભીર ઊણપનો સ્વીકાર એક પ્રશ્ન ઊભો કરે છે, તે એ કે અપક્વ બાળકના કેળવણીગત વિકાસને વધારવામાં શિક્ષકનો અને પુસ્તકોનો ફાળો શો?

એમ સ્વીકારીએ કે અભ્યાસના વસ્તુ તરીકે પરંપરાપ્રાપ્ત કેળવણી જે નિયત કરતી તે હકીકતો અને વિચારો એટલા બધા ભૂતકાલીન હતા કે તે વર્તમાન અને ભાવિના પ્રશ્નોની વિચારણામાં બહુ મદદરૂપ ન થઈ શકે. ભલે, તો હવે આપણો પ્રશ્ન એ છે કે ભૂતકાળની પ્રાપ્તિઓ અને વર્તમાનના પ્રશ્નો વચ્ચે અનુભવની પ્રક્રિયામાં પોતાના જે સંબંધ હોય તે કેમ શોધવો? ભૂતકાળ સાથેનો પરિચય ભાવિ માટે ફળદાયી રીતે ઉપયોગમાં કેમ લઈ શકાય તે નક્કી કરવાનો પ્રશ્ન આપણી સામે આવે છે. ભૂતકાળનું જ્ઞાન કેળવણીના સાધ્ય તરીકે ન સ્વીકારીએ; પણ કેળવણીના સાધન તરીકે તેનો સ્વીકાર કરવો રહે. જ્યારે

સ્વાતંત્ર્ય સંગ્રામમાં જામનગર અને ગાંધીજી

• અબ્દુલકાદર કાસમભાઈ મેતર

પ્રસ્તાવના : તાજેતરમાં કેન્દ્ર સરકારની 'ગાંધી હેરિટેજ સાઈટ મિશન' અંતર્ગત કે જે ગામ કે શહેર રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી સાથે કોઈક રીતે સંકળાયેલા છે તે બધાં સ્થળોને નવી પેઢીમાં ગાંધીજીની સ્મૃતિ સચવાઈ રહે અને પ્રવાસનના દૃષ્ટિકોણથી ગૌરવવંતા વારસા તરીકે રક્ષીત જાહેર કરાશે. સ્વાતંત્ર્ય સંગ્રામ સમયે આ ગામોની ગાંધીજીએ ક્યારે અને શા માટે આ સ્થળોની મુલાકાત લીધી હતી, તેની વિગત દર્શાવાતું જરૂરી સાઈન બોર્ડ મૂકાશે, તેમ કેન્દ્ર સરકારે જાહેર કર્યું છે.

આ રીતે ઐતિહાસિક દૃષ્ટિકોણથી જોઈએ તો ગાંધીજીએ જામનગરની બે વખત મુલાકાત લીધી હતી. સ્વાતંત્ર્ય સંગ્રામ વખતે જામનગરમાં જામ રણજિતસિંહનો સમય હતો. તેઓ ૧૧-૩-૧૯૦૭ના રોજ જામનગરના રાજા તરીકે ગાદીનશીન થયા હતા. તેઓએ રાજા તરીકે ૨૬ વર્ષ સુધી રાજ્ય કર્યું હતું. જામ રણજિતસિંહ સાથે જામનગરમાં, વીસમી સદીમાં, આધુનિક યુગનો આરંભ થયો હતો.

રાજકીય પરિસ્થિતિ : જામ રણજિતસિંહજી પશ્ચિમની કેળવણી પામેલા પ્રથમ રાજવી હતા. તેઓનો ઉછેર અંગ્રેજો વચ્ચે થયો હતો અને અંગ્રેજી કેળવણી અને અંગ્રેજ સંસ્કાર પ્રાપ્ત કર્યા હતા. તેથી તેમનામાં જૂનવાણીપણું કે અંધશ્રદ્ધાળુપણું ન હતાં.

બ્રિટિશ સત્તાના મિત્ર હોવાથી અંગ્રેજો તેમને દરેક પ્રશ્નમાં મોખરે રાખતા, જામ રણજિતસિંહને ઘણા ઈલ્કાબો આપેલા. તેઓ મોટે ભાગે ઈંગ્લેન્ડ અને આર્યલેન્ડમાં વસતા હતા. ચાર-પાંચ વર્ષે એક વાર જામનગર આવતા, ત્યારે પ્રજા વિકાસનાં તમામ કાર્યો જાતે તપાસતા અને નવા બાંધકામનું આયોજન કરતા. પશ્ચિમના સુધારાવાદી માનસ ધરાવતા આ રાજાએ જામનગરની કાયાપલટ કરી હતી. પરંપરાગત શહેરને આધુનિક રૂપ આપ્યું. ચકલા, ફળિયાઓમાં ગુંચવાયેલા શહેરમાં નવી લાઈનદોરી નાખીને મોટા રસ્તા કાઢ્યા. બધા ખાતાઓનું પુનઃસંકલન કર્યું, દીવાનને બદલે સેક્રેટરિયેટ પદ્ધતિ દાખલ કરી, મહેસૂલ પદ્ધતિ સુધારી. જામનગરથી દ્વારકા સુધીની રેલવે વધારી, શહેરમાં અંગ્રેજી બનાવટના અને આધુનિક મકાનો બંધાવ્યાં, બેડીબંદર તથા ઈરવીન હોસ્પિટલ બંધાવ્યાં. ટૂંકા ગાળામાં, જામનગર શહેરની બાંધણી સુધારી ને આ શહેર 'સૌરાષ્ટ્રનું પેરિસ' કહેવાવા લાગ્યું.

જામ રણજિતસિંહ બ્રિટિશ સરકારના મિત્ર હોવાથી અને વફાદાર રાજવી તરીકેની શ્રેષ્ઠ છાપ હતી. તેથી આઝાદીની લડતની કોઈ પ્રવૃત્તિ તેમનું શાસન ચલાવી લે તેમ ન હતું. જામનગરમાં શરૂઆતમાં કોઈ ખાદી પહેરવાની હિંમત ન કરતું. કહેવાય છે કે સ્ટેશન પર ખાદીધારી વ્યક્તિ દેખાય તો તેમને ધરપકડનો ડર બતાવી સ્ટેશન પર તહેનાત પોલીસ વળતી ટ્રેનમાં પાછા ચડાવી દેતી. આમ જામનગરમાં ખુલ્લંખુલ્લા કોંગ્રેસના કે અન્ય, આઝાદીની લડતમાં ભાગ લેનારા કાર્યકરો આવવાની હિંમત ન કરતા. આમ, જામનગરમાં આઝાદીની લડતને પ્રોત્સાહક કોઈ વાતાવરણ ન હતું.

જામ રણજીતસિંહ અને ગાંધીજી અભ્યાસના સાથી : ગાંધીજી મેટ્રિક પાસ, રાજકોટમાં આલ્ફ્રેડ હાઈસ્કૂલ જે અત્યારે 'મોહનદાસ ગાંધી વિદ્યાલય' કહેવાય છે તેમાંથી થયેલા. તે વખતે સૌરાષ્ટ્રમાં બે જ કૉલેજો હતી. ભાવનગરમાં શામળદાસ કૉલેજ અને જૂનાગઢમાં બહાઉદ્દીન કૉલેજ. આથી ગાંધીજી ભાવનગર શામળદાસ કૉલેજમાં દાખલ થયેલા પણ ત્યાં એક જ સત્ર કરેલું. આથી તે વખતના એમના સહાધ્યાયીઓમાં જામનગરનું કોઈ નામ જાણવા મળ્યું નથી. એ પછી તો તેઓ કેવળરામ માવજી દવે અને બેરિસ્ટર શુકલના પ્રોત્સાહનથી બેરિસ્ટર થવા ઈંગ્લાંડ ગયા. ત્યારે જે કાયદાની કૉલેજમાં ગાંધીજી દાખલ થયા એ જ કૉલેજમાં એક બે વર્ષ આગળ જામનગરના ભાવિ મહારાજા રણજિતસિંહજી અભ્યાસ કરતા હતા. ક્રિકેટના ક્ષેત્રમાં પ્રિન્સ રણજી તરીકે એમની મોટી પ્રતિષ્ઠા હતી. એમની સાથે ગાંધીજીને અભ્યાસકાળ દરમ્યાન કંઈ મૈત્રી બંધાઈ હતી કે નહિ, એનો ઉલ્લેખ 'આત્મકથા'માં કે બીજે ક્યાં ય મળતો નથી. પરંતુ રણજિતસિંહજી મહારાજ જામ સાહેબ તરીકે જામનગરની ગાદીએ આવ્યા, ત્યાર પછી, ઈ.સ.૧૯૨૫માં, ગાંધીજી પાછા વળતા સ્ટીમરમાં જામનગર આવીને અહીંથી ટ્રેનમાં અમદાવાદ ગયેલા. ત્યારે જામસાહેબ વિદેશમાં હતા. પ્રજાજનોએ ગાંધીજીને જે સન્માનપત્ર આપ્યું હતું એમાં આ 'સહઅભ્યાસજન્ય મૈત્રી'ની યાદ અપાઈ છે.

ઈ.સ. ૧૯૩૦માં રાષ્ટ્રીય નિમક સત્યાગ્રહને કારણે બ્રિટિશ સરકારે “સૌરાષ્ટ્ર” અખબાર બંધ કરાવ્યું. ત્યાર પછી “ફૂલછાબ” નામે એ પત્ર ચાલતું હતું. મહારાજા જામસાહેબ રણજિતસિંહજીના અવસાન વખતે “ફૂલછાબ”માં જે તંત્રીલેખ લખાયેલો એમાં લખેલું કે ‘ગાંધીજીના દિલમાં તેવો (મહારાજા રણજિતસિંહજી) માટે એવો સદ્ભાવ હતો કે એથી જામનગર રાજ્યમાં એમના જુલ્મો વિષેની ફરિયાદોની ગાંધીજીને અતિશયોક્તિ લાગ્યા કરતી. મહારાજા રણજિતસિંહજીએ રાજ્યમાં સુધારા દાખલ કરવા માટે પણ ગાંધીજીની સલાહ માંગેલી.’

વાતો તો એવી પણ ચાલે છે કે બંને મહાનુભાવો વચ્ચે અવારનવાર પત્ર વ્યવહાર પણ થયો છે. પરંતુ એ વિષે કોઈ પ્રમાણભૂત આધાર મળતો નથી. સંભવ છે કે ગાંધીજી અને મહારાજા રણજિતસિંહજી બંનેના વિશ્વાસુ કોઈ સજ્જન દ્વારા સંપર્ક જળવાયો હોય, એવા ગૃહસ્થો ત્યારે મુંબઈમાં હતા જ, જેઓને રાજ્ય સાથે તેમ જ ગાંધીજી સાથે, એમ બંને સાથે સંપર્ક હોય.

જામનગરમાં ગાંધીજીની વકીલાત : ગાંધીજી બેરિસ્ટર થઈને આવ્યા ત્યારે રાજકોટમાં થોડો વખત કેવલરામ બેરિસ્ટર સાથે વકીલાત કરેલી. ત્યારે એક કેઈસમાં ગાંધીજી વકીલ તરીકે જામનગર ઈ.સ. ૧૮૯૧માં આવેલા. કાશી વિશ્વનાથ ટ્રસ્ટ અને રાજ્ય વચ્ચેનો આ કેઈસ હતો. ટ્રસ્ટના ટ્રસ્ટી કરશનભાઈએ કેવલરામ બેરિસ્ટરને વકીલ તરીકે રોક્યા હતા. કેવલરામ બેરિસ્ટરના પ્રતિનિધિ

આપણે એમ કહીએ ત્યારે કેળવણીની કથામાં એક નવો પ્રશ્ન ઉપસ્થિત થાય છે; ભણનાર બાળક ભૂતકાળ સાથે કેવી રીતનો પરિચય કરશે, જેથી સજીવ વર્તમાનને સમજવામાં તે પ્રબળ સાધન બને? આમ પરંપરાપ્રાપ્ત કેળવણીના સિદ્ધાંત અને વ્યવહારને તિલાંજલી અપાય એટલે જેઓ નવા પ્રકારની કેળવણીમાં છે તેમની સામે એક નવા પ્રકારનો પ્રશ્ન ઉપસ્થિત થશે. આ હકીકત નહીં સ્વીકારીએ ત્યાં સુધી, અને જૂનું ત્યાગવા માત્રથી પ્રશ્ન પતતો નથી એવું નહીં સમજીએ ત્યાં સુધી અંધારે અટવાયા કરીશું. બધી અનિશ્ચિતતાઓ વચ્ચે એક મુદ્દો પૂર્વનિશ્ચિત છે, તે એ કે કેળવણી અને ભણનારના જાત અનુભવની વચ્ચે મૂળગામી સંબંધ છે. અથવા તો નવી કેળવણીનું તત્ત્વજ્ઞાન કોઈક જાતના અનુભવજન્ય અને પ્રાયોગિક તત્ત્વજ્ઞાનથી સંબંધ્ધ હોવું જોઈએ. * *

નોંધ – અહીં ક્લિક કરીને : <http://books.google.co.in/books?id=UE2EusaU53IC&printsec=frontcover&dq=john+dewey+experience+and+education&source=bl&ots=ED3V_qQSMc&sig=c54cjswSaqdv5Oo_BEvZFXXbniE&hl=en&ei=YlR6TJbtMorRcarS2ZsG&sa=X&oi=book_result&c> આ આખુંય પુસ્તક અંગ્રેજીમાં ઓનલાઈન વાંચી શકાય છે.

બિલિપત્ર :

નિશ્ચેતનાના ખડકને જે માણસ આત્મવિશ્વાસ અને મહેનતની શારડી વડે ભેદી શકે છે તેને માટે જીવન પાતાળકૂવાના ફૂવારાની માફક ફૂટી નીકળે છે.

(સાભારઃ http://aksharnaad.com)

તરીકે ગાંધીજી ઉપસ્થિત રહ્યા હતા. કોર્ટમાંથી આ બનાવનો દાખલો મેળવવા પ્રયાસ થયો હતો. પરંતુ એ બધા કાગળો હજૂર કોર્ટમાં ગયા છે અને એ લેન્ડ રેકોર્ડઝ દફ્તરમાં એવા બંધાઈ ગયા છે કે એ શોધવા બહુ મુશ્કેલ છે.

પરંતુ એનો પુરાવો ગાંધીજીએ પોતે જ આપ્યો છે. રાજકોટ સત્યાગ્રહ નિમિત્તે ગાંધીજી ઉપવાસ કરતા હતા. એ દિવસોમાં જામનગરના કાર્યકરો ગાંધીજીના દર્શને ગયેલા ત્યારે જામનગરના જાણીતા કાર્યકર ખુશાલદાસ પારેખે ગાંધીજીને પ્રણામ કરીને જામનગર માટે સંદેશો માંગેલો. ત્યારે ગાંધીજીએ એમની લાક્ષણિક ઢબે કહેલું કે 'દીવાનસાહેબ મહેરવાનજી શેઠને મારા સલામ કહેજો અને એમને યાદ અપાવજો કે એક વખત વકીલ તરીકે હું આપની પાસે આવી ગયો છું.' આમ પ્રથમ વખત ગાંધીજી જામનગર આવ્યા હતા.

જામનગરમાં ગાંધીજીનુ આગમન અને સન્માનપત્ર : બીજી વખત ગાંધીજી જામનગરમાં પધાર્યા હતા ત્યારે વિધિસર આવવાનું આમંત્રણ પણ કોઈએ આપ્યું નહોતું. પરંતુ કચ્છ ગયેલા ત્યાંથી પાછા વળતા કચ્છના રાવની આગબોટની વ્યવસ્થા થતાં જામનગર આવીને ત્યાંથી ટ્રેન રસ્તે અમદાવાદ જવાનું નક્કી થયું. ત્યારે ટ્રેન પણ જામનગર સુધી જ હતી. આ સ્ટીમરનું નામ 'લેડી કર્ઝન' હતું. જામ રણજિતસિંહજી ત્યારે વિદેશના પ્રવાસે હતા. રાજ્યના અધિકારીઓને જાણ થતાં જ ગાંધીજીનું સ્વાગત કરવા માટે પણ અંદરખાનેથી તો ગાંધીજીનો લોકો સાથેનો સંપર્ક ટાળવા રોઝી બંદર ઉપર પહોંચી ગયા અને છેક સુધી સાથેને સાથે જ રહ્યા. પરંતુ લોકોને ખબર મળી ગયેલા, એટલે લોકોનાં ટોળેટોળાં બંદર પર એકઠાં થઈ ગયાં. સાંજે ૪ વાગ્યે સ્ટીમર દેખાઈ, લોકોએ 'ગાંધીજીની જય'થી આકાશ ગજવી મુક્યું. સ્ટીમર કાંઠા સુધી આવી શકતી ન હતી એટલે ગાંધીજીને લેવા માટે સ્ટીમલોંચમાં બેસીને બધા સ્ટીમર પર ગયા. બધા ગાંધીજીને પગે લાગ્યા અને લોંચમાં બેસાડીને પાંચ વાગ્યે કિનારે પહોંચ્યા હતાં.

બંદરથી શહેર જતાં રસ્તામાં બેડેશ્વર આવે છે ત્યાં જામનગર શહેર તરફથી ગાંધીજીનો સ્વાગત સમારંભ યોજાયો હતો. તેમાં કરૂણાશંકર વકીલે સન્માનપત્ર વાંચી સંભળાવ્યું હતું. આ સન્માનપત્ર નીચે પ્રમાણે છે :

સન્માનપત્ર :

પૂજ્ય બાપુજી,

આપના સહઅધ્યાયી અને મિત્ર, અમારા નગરના નાથ, યશસ્વી નેકનામદાર મહારાજાધિરાજ જામશ્રી રણજિતસિંહજી સાહેબ હાલ વિલાયતના પ્રવાસે છે. એવા સમયે આપશ્રીના પુનિત પગલાંથી આ ભૂમિ ભાગ્યશાળી થયેલ છે. આ વખતે એવો કૃપાળુ નામદાર અહીં બિરાજતા હોત તો આપના ઉચિત સ્વાગતમાં જરા પણ ઊણપ ન રહેત.

અમારા માનવંત અધિકારીઓએ આપના સુખ અને સગવડ માટે કરેલ ગોઠવણ માટે અમો એમના ઉપકૃત છીએ. કચ્છ પ્રદેશમાંથી અથાક મહેનત લઈને આપનો પ્રવાસ પૂર્ણ કરી આપ સાબરમતી સીધાવો છો તે વખતે આપના આરામમાં ખલેલ પાડવી અનુચિત જાણવા છતાં અમારા હૃદયની લાગણીને અમે રોકી શકવા અસમર્થ છીએ.

આપશ્રીના સ્વાગત યથાર્થ કરી ન શકીએ તે અમારી ત્રુટીઓને દરગુજર કરવા પ્રથમ વિનંતી કરીએ છીએ. અમો આપશ્રીનું સન્માન કરવા હજી લાયક નથી. આપના પવિત્ર ધર્મોપદેશને અમારા જીવનમાં ઊતારવા અમે હજી અસમર્થ નીવડ્યા છીએ. આપનાં પ્રિયપ્રાણ ખાદી અને અંત્યજ ઉપાસના આવશ્યક કાર્ય છે. અમે હજી આગળ વધારી શક્યા નથી. આપનો જમણો હાથ લખે તોયે રેંટીઓ લખાય, ડાબો હાથ પણ એમ જ લખે એ જાણવા છતાં રેંટીઆ પ્રચારની પ્રવૃત્તિ અહીં શિથિલ થઈ ગયેલી છે. એ અમારી નબળાઈઓનો એકરાર છે. સહેલામાં સહેલી વસ્તુ પરદેશી કપડાંનો બહિષ્કાર અમે નથી કરી શકતા, એવી અમારી સ્થિતિ હોવા છતાં આપ પાસે અમો કયા મોઢે ઊભા છીએ, એ અમો જાણી શકતા નથી.

આપના વિશુધ્ધ જીવન અને તેના અંગેના વિશ્વપ્રેમ તથા સનાતન સત્યના સિધ્ધાંતો સમજવા તથા આપના શુધ્ધ ઉજળા ચારિત્ર્ય અને આત્મબળના મોંઘેરા પાઠો ભણવા તથા તેને અમારા જીવનમાં ઊતારવા અમે ઉત્સુક હૃદયે આપ પાસેથી દિવ્ય પ્રાણ સંદેશ મેળવવા આપ સન્મુખ આવ્યા છીએ.

અમારો રાજા-પ્રજા ઉભયનો પવિત્ર, પિતા પુત્રનો સંબંધ સુદૃઢ અને સુખકર થાય. અમારા પ્રજાજનોનાં દુ:ખ દર્દો દૂર થાય અને અમારાં જીવન ઉન્નતર બને, એ માટે આપ અવિશ્રાન્ત પરિશ્રમ સેવો છો, એ અમારા ધ્યાન બહાર નથી.

આપના એ શુભ પ્રયાસોની સફળતા પર અમે અમારા પોતાના વિશુધ્ધ વ્યવહારો પર અમારા ભાવિનો નિર્ધાર છે. આપનો નિવાસ અમારા આંગણે આ છોટી કાશીમાં બહુ થોડા કલાકનો છે. માતૃભૂમિ ભારતની સેવામાં આપની એક એક ક્ષણ પણ અમૂલ્ય છે એટલે આ વખતે વિશેષ પ્રાર્થના ન કરતાં એટલું જરૂર ઈચ્છીએ છીએ કે અમારા ભાગ્યશાળી નરેન્દ્રની અહીંની હાજરી વખતે આપ ફરી એકવાર પુનિત પગલાંથી આ ભાગ્યશાળી ભૂમિને ગૌરવવંતી બનાવશો. અમારા ઉત્સાહના પૂરમાં અમારા હૃદયમાં સન્માન સ્વીકારવા આપે કૃપા કરી છે, તે માટે દેવને નમન.

કાર્તિક વદ-૪, બુધવાર તા-૪-૧૧-૧૯૨૫

ગાંધીજીની સાથે મણિલાલ કોઠારી, લક્ષ્મીદાસ પુરુષોત્તમ, મહાદેવભાઈ દેસાઈ, શેઠ કેશવજી માણેકચંદના બંગલે જમવામાં સાથે હતા. શેઠ હાજર ન હતા પણ છબલબહેને સગવડ કરેલી. છબલબહેને ૧૦૧ રૂપિયા ગાંધીજીને ચરણે ધરીને સ્વાગત કર્યુ હતું.

બીજે દિવસે સવારના ટ્રેનમાં ગાંધીજી નીકળી જવાના હતા. જાહેર સભા કરવાનો સમય ન હતો અને જાહેરસભાની મનાઈ હતી. ગાંધીજીએ નિયમનો ભંગ કરવા ઈચ્છતા ન હતા એટલે સવારે ૭ વાગ્યે રેલવે સ્ટેશને જાહેર સભા રાખવાનું નક્કી થયું. રેલવે સ્ટેશનની હદ એજન્સીના વહીવટ નીચે ગણાતી, એટલે ત્યાં રાજ્યનો કાયદો લાગુ ન પડે. એથી ગાંધીજી સ્ટેશનની બાજુમાં રહીને બોલવાના હતા અને લોકોએ સ્ટેશનની બહાર રહીને સાંભળવાનું હતું. રાતોરાત સભાની જાહેરાત થઈ ગઈ અને વહેલી સવારના સ્ટેશને મોટી લોકમેદની જમા થઈ ગઈ. ગાંધીજીએ ભાષણમાં કહ્યું કે હું જામનગર આવ્યો જ નથી, એમ લોકો સમજે. હું તો કચ્છથી અમદાવાદ જતા અહીંથી પસાર થઈ રહ્યો છું. ખાદી, રેંટીઓ, અતયંજ ઉધ્ધાર અને ગૌરવનું મહત્વ સમજાવ્યું. છેવટે ઝોળી ફેરવવામાં આવી. સાડાસાત વાગ્યે ટ્રેનને ઉપડવાનો સમય હતો. ગાંધીજી બધાના પ્રેમને ઝીલીને ટ્રેનમાં બેઠા અને 'મહાત્મા ગાંધીજી'ના જયનાદ સાથે ટ્રેન ગાંધીજીને લઈને ઉપડી પછી લોકો વિખેરાયા.

ઘણાં લોકો માને છે કે ગાંધીજી જામનગર આવ્યા જ નહોતા અથવા જામનગરના બેડીબંદરથી સીધા જામસાહેબના માણસોએ ટ્રેનમાં બેસાડી અમદાવાદ રવાના કરી દીધા હતા. કોઈ સભા થઈ નહોતી આવી અફવાઓ હજુ

સુધી ચાલે છે. પરંતુ ઉપરોક્ત વિગતો જોતાં જામનગરની પ્રજાનો ગાંધીજી પ્રત્યેનો પ્રેમ, સન્માન તથા રાજકીય અધિકારીઓ તથા જામસાહેબ રણજિતસિંહજી મહારાજને પણ ગાંધીજી પ્રત્યે ખૂબ જ લાગણી હતી. તેમના સહઅધ્યાયી તરીકે તેમ જ મિત્ર તરીકે અવારનવાર પત્રવ્યવહાર પણ થયો છે. પરંતુ એ વિશે કોઈ પ્રમાણભૂત આધાર મળતો નથી.

અસહકારનું આંદોલન : જામનગરમાં પણ અસહકાર આંદોલનના પ્રત્યાઘાતો પડ્યા હતા. અસહકારના એ યુગમાં જામનગરે ધામધૂમથી ગાંધીજીની જન્મજયંતી ઉજવી હતી, મહાત્માજીના જન્મદિવસે સવારે એક મોટું સરઘસ રાષ્ટ્રીય, કીર્તન તેમ જ ખાદીનાં ગીત ગાતું ગાતું મોટી નદીએ ગયું હતું. ત્યાં વિદેશી ટોપીઓની હોળી કરવામાં આવી. એ પછી ગાંધીજીના દીર્ઘાયુષ માટે સમૂહ પ્રાર્થના કરવામાં આવી. પાછા ફરતાં સરઘસ આખા શહેરમાં ફર્યું. સાંજે કાપડ માર્કેટમાં આવેલા સ્વયંસેવક મંડળના મકાનમાં રેટિયા-પૂજન કરવામાં આવ્યું. રાતના આખું સરઘસ શહેરના મુખ્ય માર્ગો પર નીકળ્યું હતું. બર્ધનચોકમાં એક હજાર માણસો ભેગા થયા હતાં. ભાષણ ન કરવા ને કાર્ય કરવાનું નક્કી કરી, સભા વિખરાઈ હતી.

રાષ્ટ્રીય સ્વાતંત્ર્ય ચળવળની સૌરાષ્ટ્રનાં અન્ય દેશી રાજ્યોની જેમ જ જામનગર રાજ્યમાં પણ અસર થઈ હતી. પ્રજામાં આવેલ જાગૃતિને કારણે જામનગર રાજ્યની પ્રજા પણ રાજકીય પ્રવૃત્તિઓમાં રસ લેવા લાગી હતી. ઇ.સ. ૧૯૨૯માં પંડિત જવાહરલાલ નહેરુના અધ્યક્ષસ્થાને રાજકોટમાં મળેલ કાઠિયાવાડ યુવક પરિષદમાં ભાગ લેવા જામનગરની પ્રજા થનગની રહી હતી. પરંતુ કાઠિયાવાડ યુવક પરિષદમાં પોતાની રાજ્યની પ્રજા ભાગ ન લે, એ માટે મહારાજ જામ રણજિતસિંહે કડક પગલાં લીધાં હતા.

સ્વાતંત્ર્ય ચળવળના એ યુગમાં પ્રજા જાગૃતિને લાંબા સમય સુધી દમનના હથિયારથી દાબી રાખવી શક્ય ન હતી. જામનગર રાજ્યની તાનશાહી નીતિને કારણે પ્રજા પર થતાં અત્યાચારોના વિરોધમાં પ્રજાજાગૃતિ અસ્તિત્વમાં આવી રહી હતી. એવા સમયે મગનશી રૂપશી, ગોકુળદાસ હરજી અને રામલાલ નામની નિર્દોષ વ્યક્તિઓ પર જુલ્મ આચરી એમને રાજ્યે કેદમાં પૂર્યા. આ ઘટનાના સમગ્ર સૌરાષ્ટ્રમાં ગંભીર પ્રત્યાઘાત પડ્યા. અમૃતલાલ શેઠ, બળવંતરાય મહેતા, કકલભાઈ કોઠારી વગેરે જેવા કાઠિયાવાડના ૩૦ અગ્રગણ્ય આગેવાનોએ જામનગરના આ ત્રણેય નિર્દોષ નાગરિકો પર થયેલા અત્યાચાર સામે 'જામનગર બેડીબંદર સત્યાગ્રહ' માં જોડાવા એક અપીલ બહાર પાડી હતી. આ અપીલમાં જણાવવામાં આવ્યું હતું કે ‘જામનગર રાજ્યના અન્યાય અને જુલ્મોને શિકાર થઈ પડેલા એ ત્રણે નિર્દોષ જુવાનોને નામે કાઠિયાવાડના જાહેર જીવનને રૂંધવાનો જે અઘટિત પ્રયત્ન આ પગલાં દ્વારા જામનગર કરી રહ્યું છે, તેની યાદ આપીને અને બેજવાબદાર રાજ્યોને લોકમતને માન આપતાં કરવાને આ અસરકારક માર્ગ અવશ્ય લેવા જોઈએ, આ વાત સૌના લક્ષ પર લાવીને સમસ્ત કાઠિયાવાડ વતી કાઠિયાવાડના તમામ દેશપ્રેમી વેપારીઓને પાસે અમે માનપૂર્વક માગીએ છીએ કે તેઓ જામનગર બંદરથી આવતો તમામ માલ લેવો બંધ કરે. કાઠિયાવાડનાં તમામ પ્રજાજનોને અમે વીનવીએ છીએ કે તેઓ જામનગર બંદરથી આવતો માલ ખરીદવાનું બંધ કરે.’

આમ સમગ્ર સૌરાષ્ટ્રના આગેવાનો જામ રણજિતસિંહની અત્યાચારી શાસનનીતિ સામે લડતે ચડ્યા, આથી જામનગરની પ્રજાને પણ પોતાના અધિકારોની પ્રાપ્તિ માટે જેહાદ જગાડવાનાં પ્રેરણા અને પ્રોત્સાહન પ્રાપ્ત થયાં. પરિણામે જામનગર પ્રજામંડળની કાર્યવાહી સમિતિની બેઠક બોલાવવામાં આવી, જેમાં ૬, ૭ ઓગષ્ટ, ૧૯૩૧ના રોજ મુંબઈ મુકામે જામનગર પ્રજા પરિષદનું પ્રથમ અધિવેશન ભરવાનું નક્કી કરવામાં આવ્યું. સ્વાગત સમિતિના સભ્યોની ચૂંટણી કરવા જામનગર પ્રજામંડળની કાર્યવાહક સમિતિ અને પ્રજાપરિષદની સ્વાગત સમિતિની સંયુક્ત સભા ૨૩ જુલાઈ, ૧૯૩૧ના રોજ બોલાવવાનું પણ આ જ બેઠકમાં નક્કી થયું. જામનગરને બદલે મુંબઈમાં પ્રથમ અધિવેશન મળ્યું હતું.

આ અધિવેશનમાં કુલ ૧૪ ઠરાવ પસાર કરવામાં આવ્યા હતા. જેમાં સર્વ પ્રથમ અગત્યનો ઠરાવ જવાબદાર રાજ્યતંત્રને લગતો હતો. આ અંગે જણાવવામાં આવ્યું હતું કે ‘નવાનગર સંસ્થાનની પ્રજા માટે સંપૂર્ણ જવાબદાર રાજ્યતંત્ર અને લોકસત્તાત્મક રાજતંત્ર મેળવવું એ આ પરિષદનું મુખ્ય ધ્યેય છે.’

આ ઉપરાંત જામસાહેબે એક લાખનું સલિયાણું સ્વીકારે, ઈજારદાર પદ્ધતિ કાઢી નાખે, તત્કાળ રાજ્યમાં ધારાસભા સ્થાપે, વિલાયતની ખર્ચાળ સફરો બંધ કરે અને પ્રજાના ફંડનો જાહેરમાં હિસાબ આપે, વગેરે પ્રજાકીય ઠરાવો પણ આ પરિષદમાં પસાર કરવામાં આવ્યા હતા. અધિવેશન પછી જામનગરના આગેવાનોએ ઠરાવોના અમલીકરણ માટે સક્રિય પ્રયાસો પણ હાથ ધર્યા હતા.

આમ જામસાહેબના જુલ્મો, અત્યાચારો સહન કરતી જામનગરની પ્રજામાં ચેતના પ્રગટી. આ ચેતનાને જીવંત રાખવામાં જામનગર રાજ્ય પ્રજાપરિષદના આગેવાનો સતત જાગૃત રહ્યા હતા. જામનગર રાજ્ય પ્રજા પરિષદના પ્રથમ અધિવેશન પછી, અસ્તિત્વમાં આવેલ રાષ્ટ્રવ્યાપી મીઠા સત્યાગ્રહ(૧૯૩૦-૩૨)માં જામનગરની પ્રજા તેમ આગેવાનોએ પોતાનો ફાળો નોંધાવ્યો હતો. મીઠા સત્યાગ્રહ પછી સૌરાષ્ટ્રમાં દેશી રાજ્યોમાં જવાબદાર રાજ્યતંત્ર માટેની લડત શરૂ લઈ હતી. આ સમયે જામનગરમાં પણ પ્રજા જાગૃત બની હતી. આથી જવાબદાર રાજ્યતંત્રની લડત પોતાના રાજ્યમાં ચલાવવા જેટલી નૈતિક હિંમત જામનગરની પ્રજાએ કેળવી હતી. જામનગરના કાર્યકરો અને આગેવાનોએ આ સમયે જામનગરમાં જ જામનગર પ્રજાપરિષદનું અધિવેશન ભરીને જવાબદાર રાજ્યતંત્રની માંગણી જામસાહેબ દિગ્વિજયસિંહજી પાસે કરવાનું નક્કી કર્યું. જામનગરના કાર્યકરો અને આગેવાનોએ પ્રજાપરિષદના પ્રચારનું કાર્ય ઉપાડી લીધું. પ્રજાના આ જુવાળને દાબી દેવા જામસાહેબે અત્યાચારનું હથિયાર ઉપાડ્યું. પરિષદના કાર્યકરો જ્યાં જ્યાં ત્યાં ત્યાં રાજ્યના ગુંડાઓ એમને મારીને ભગાડી મુકતા, શાંતિલાલ દલાલ નામનો એક જુવાન જામનગર રાજ્યનાં આટકોટ તરફી ગામડાઓમાં પરિષદનો પ્રચાર કરતો હતો. તેને ગુંડાઓએ અંતર્યો ને માર મારી ધમકી આપી કે ‘પરિષદનું કામ છોડી દે, નહિ તો તારી ખેર નથી’. ૨૫ જાન્યુઆરી, ૧૯૩૯ના રોજ જામનગરના યુવકો રૂપશી નજરઅલી, કેશવલલ કુંડળિયા, લાલજીભાઈ, ચુનીલાલ પોપટ, મગનલલ ચાંદલિયા વગેરે પરિષદના પ્રચારાર્થે ભાણવડ ગયા હતા. ત્યાં સભા ભરી ત્યારે ત્યાં પણ રાજ્યના ગુંડાઓ તૂટી પડ્યા. એમણે યુવકોને તેમજ સ્થાનિક કાર્યકરો બાબુભાઈ ઘેલાણી અને દલપતભાઈને એવો માર માર્યો કે એમને જામનગરની હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા. લોકો જામસાહેબ પાસે આ અંગે દાદ માગવા ગયા તો દાદને બદલે ડામ આપતા જામસાહેબે કહ્યું : ‘મને પણ સત્યાગ્રહ આવડે છે. હું કૂવા, દવાખાનાં બધું જ બંધ કરાવી દઈશ.’

આ જ રીતે જામનગર પ્રજાપરિષદનો પ્રચાર કરવા ગયેલ જામનગરના અગ્રગણ્ય સૈનિક નવલપ્રસાદ ફૂલચંદ શાહને ધુતારપુરમાં ગુંડાઓએ સખ્ત માર મારી બેભાન કરી મુક્યા હતા.

રાજ્યના આવા અમાનુષી અત્યાચારો છતાં જામનગર રાજ્ય પ્રજાપરિષદના કાર્યકરોએ પરિષદના પ્રચારનું કાર્ય ચાલુ રાખ્યું હતું. પરિષદના કાર્યકરોએ પરિષદની પ્રચારસભાઓમાં જામસાહેબના કુટુંબની અંગત ટીકાઓ કરે છે એવી વાત સરદાર પટેલને કાને ગઈ, આથી એમણે જામનગરના આગેવાન વીરચંદભાઈ શાહને ૧૭-૧-૧૯૩૯ના પત્ર દ્વારા પરિષદના પ્રચારમાં મર્યાદા જાળવવા અંગે લખતા જણાવ્યું કે ‘જામનગરમાં આપણા કાર્યવાહકો પૈકી કેટલાક મર્યાદા છોડી, જામસાહેબની અને એમના કુટુંબની અંગત ટીકાઓ અને અયોગ્ય ચેષ્ટાઓ કરે છે. કોઈ પણ રાજ્યમાં આ પ્રકારનો પ્રચાર થાય તો એ રોકવો એ આપણું કર્તવ્ય છે. મને લાગે છે કે જામનગરમાં આપણા કાર્યવાહકો સીધા રહેશે તો આપણો માર્ગ સરળ કરી શકીશું. કામ બગડવું જોઈએ નહિ. જામનગરની વસ્તુસ્થિતિ જાણવાની અને આપણે શું કરવું જોઈએ એ નક્કી કરવાની જરૂર છે. એ ખાતર તમે જામનગરના મુખ્ય કાર્યકર્તાઓ ભાઈ ગોકળદાસની સાથે મસલત કરી, કોણ કોન છે એ નક્કી કરી, દસ-પંદર આગેવાનોને લઈ તા.૨૪થી ૨૯ સુધીમાં એક દિવસ અહીંયાં આવી જશો. ભાઈ લવણપ્રસાદને સાથે લેતા આવશો.’

આ પત્ર મળતાં જામનગરના આગેવાનો વીરચંદભાઈ શાહ, વિઠલદાસ દામોદર, લવણપ્રસાદ શાહ વગેરે સરદાર વલ્લભભાઈ પટેલને મળ્યા. આ બેઠકમાં જામનગર રાજ્યની પ્રજાપરિષદની ચળવળ રાજ્યની અંગત ટીકા કર્યા વગર સંયમિત ધોરણે સરદાર પટેલના માર્ગદર્શન નીચે ચલાવવાનું નક્કી થયું. જામનગર પરત આવી વીરચંદભાઈ શાહે જામનગર પ્રજાપરિષદના કાર્યકરો જોગ એક નિવેદન બહાર પાડ્યું. જેમાં જણાવવામાં આવ્યું કે 'આથી પરિષદના સર્વે કાર્યકરોને આગ્રહપૂર્વક સૂચના આપવામાં આવે છે કે બીજા સૂચના મળતાં સુધી તેઓએ ભાષણ કરવાં નહિ, પણ પરિષદની પત્રિકાઓ જ વાંચવી. આશા રાખવામાં આવે છે કે કોઈ પણ કાર્યકર આ સૂચનાનું ઉલ્લંઘન નહિં કરે.'

કાઠિયાવાડનાં દેશી રાજ્યોમાં ચાલેલી જવાબદાર રાજ્યતંત્ર માટેની લડતોમાં સરદાર પટેલનું વલણ રાજ્ય સાથે વિચાર વિમર્શ દ્વારા શાંતિથી જેટલું મળે તેટલુ પ્રથમ લઈ લેવાનું હતું. એ પછી જ લડતના હથિયારનો ઉપયોગ કરવા તેઓ ઈચ્છતા હતા. માટે જ એમણે વીરચંદભાઈ શાહને ૨૯-૧-૧૯૩૧ના પત્રમાં લખ્યું હતું કે 'હમણાં પરિષદનું કાર્ય બે મહિના થોભાવી દેશો તો હરકત નથી. મારી સલાહ છે કે આપણે હમણાં જામસાહેબને પૂરતો સમય આપવો. દરમિયાન ખેડૂતોને રાહત અપાવવા જેટલું કરી શકાય તેટલું કરવું. બાકીનું એમની સાથે વાટાઘાટ કર્યા પછી નક્કી કરીશું. પણ હમણાં પ્રજાપરિષદનું કાર્ય મુલત્વી રાખવાની મારી ઈચ્છા છે.'

સરદાર પટેલના આ સૂચન પછી પરિષદના પ્રચારનું કાર્ય થોડું ધીમું પડ્યું. જામસાહેબ સાથે વાટાઘાટો શરૂ થઈ અને અંતે સમાધાન થયું. એ મુજબ પરિષદ મે માસમાં તા. ૧-૨ ના રોજ ભરવી. આ શરતનો સ્વીકાર આગેવાનોએ કર્યો. એની સામે જામસાહેબે નીચે મુજબના હક્કો આપવાનું સ્વીકાર્યુ.

• ખેડૂતોની ફરિયાદોની તપાસ માટે સમિતિ નીમવી. એમાં ત્રણ સભ્યો પરિષદનાં, ત્રણ તટસ્થ અને રાજ્યના ત્રણ સભ્યો રાખવામાં આવશે. સમિતિના પ્રમુખ તરીકે દીવાનસાહેબ રહેશે.

• રાજ્યે પ્રજાપરિષદનો સહર્ષ સ્વીકાર કરવો.

• પ્રજાકીય સુધરાઈની સ્થાપનાની જાહેરાત કરવી અને એનું બંધારણ પ્રજા તેમ જ રાજ્યના પ્રતિનિધિઓને મળીને તૈયાર કરવું.

આ સમાધાન પાછળ જામસાહેબની ચાલ હતી. તેઓ પરિષદને ભાંગી નાખવા માટે તૈયારીનો સમય મેળવવા ઈચ્છતા હતા. તેથી એમણે સમાધાન થતાં ગરાસદારોમાંથી જુવાનોને પસંદ કરી 'તોફાન'ની તાલીમ આપવાનું શરૂ કર્યું. બીજી બાજુથી મુસ્લિમો અને અરબોને પરિષદના ઉજળિયાત વર્ગ સામે ઊભા કર્યા, પરિષદ મળવાને દસ દિવસ બાકી હતા ત્યારે તા. ૨૦ એપ્રિલ, ૧૯૩૯ના રોજ આ ગુંડાગીરીનો પ્રથમ અંક શરૂ થયો. રાજ્યનાં જુદાં જુદાં ખાતાઓમાં કામ કરતા કર્મચારીઓ, પસાયતાઓ, રસ્તા-બાંધકામના મજૂરો, સુધરાઈના મુસલમાન પટ્ટાવાળાઓને આમરણબેલાના મિયાણાએ તથા પલટણ રસાલના ગિરાસદાર ભાઈઓને તૈયાર કર્યા. એમના હાથમાં લાકડી, તલવાર, ભાલા અને છરીઓ આપ્યાં. ખંભાળિયાના દરવાજાથી બે હજાર માણસોનું એક સરઘસ દેકારો કરતું જામનગરના મુખ્ય માર્ગો પરથી પસાર થયું. રસ્તામાં જે કોઈ ખાદી ટોપીવાળા મળ્યા તેમની ટોપી ઉડાડી દીધી. એમને માર માર્યો. એમાંના કેટલાકની સાઈકલો તોડી નાખી. કેટલાકની દુકાનો લૂંટી. 'પરિષદ મુર્દાબાદ' અને 'જામસાહેબ ઝિન્દાબાદ'ના પોકાર કર્યા. આ ગોઝારા દિવસે મુસ્લિમો, ગરાસદારો અને બીજા ભાડુતી માણસોએ ઘણા નિર્દોષ માણસોને પણ લાઠીથી ઘાયલ કરેલા. એમની ફરિયાદ કરવા આગેવાનો જ્યારે જામસાહેબ પાસે ગયા ત્યારે એમણે તોછડો જવાબ આપતાં કહ્યું : 'તમે લોકો સરઘસ કાઢો ને તેઓ ન કાઢે? અમે કેવી રીતે એમની સામે મનાઈ હુકમ કાઢી શકીએ?' રાજ્યના આવા જવાબથી રોષે ભરાયેલ પરિષદના કાર્યકરો અને પ્રજાએ રાજ્યની આ ગુંડાશાહી સામે સખત હડતાળ પાડી. ૨૦ માર્ચ થી ૨૯ માર્ચ, ૧૯૩૯ સુધી સતત નવ દિવસ જામનગરની બજારોમાં સ્મશાનવત્ શાંતિ છવાઈ ગઈ. સરદાર પટેલને જામસાહેબની ગુંડાશાહી અને હડતાલની જાણ થતાં એમણે વીરચંદભાઈને લખ્યું કે 'છ દિવસની હડતાલ છે, એ ખબર છાપાથી જાણ્યા. આશા છે કે પરિષયનું કાર્ય નિર્વિઘ્ન પાર પડશે. લોકો મક્કમ હશે તો બધું ઠીક થશે. 'બેડીબંદર બહિષ્કાર' નો વિચાર ચાલી રહ્યો છે.'

નવ દિવસ ચાલેલ સખત હડતાળને કારણે જામસાહેબની સમગ્ર સૌરાષ્ટ્રમાં બદનામી થઈ. આ ઉપરાંત જામસાહેબના અત્યાચારોના વિરોધમાં ફરી એકવાર રાષ્ટ્રીય કક્ષાએ 'જામનગર બેડીબંદર બહિષ્કાર' અંગે વિચારણા શરૂ થઈ. આથી જામસાહેબે પરિષદના આગેવાનો સાથે સમાધાનકારી વલણ દાખવ્યું. રાજ્ય હવે પછી કોઈ જુલ્મો આચરશે નહિ તેમ જ જેમને નુકસાન થયું છે તેની તપાસ કરવામાં આવશે. એવી બાંહેધરી રાજ્ય તરફથી આપવામાં આવી. આમ પરિષદ પ્રત્યે જામસાહેબનું વલણ બદલાયું. તેથી નક્કી થયેલ તારીખ ૧, ૨ મે. ૧૯૩૯ના રોજ જામનગરમાં જામનગર રાજ્ય પ્રજાપરિષદનું અધિવેશન મળ્યું. પરિષદના પ્રમુખ વિઠલદાસ દામોદર ગોવિંદજી હતા, જ્યારે સ્વાગત પ્રમુખ વીરચંદ પાનાચંદ શાહ હતા. ખજાનચી મગનલાલ જગજીવન તથા સ્વાગત મંત્રી ગોકળદાસ હીરજી ઠક્કર હતા. પરિષદના અધિવેશનને મહાત્મા ગાંધીજીએ ખાસ સંદેશો પાઠવેલો :

જામનગરનાં ભાઈ-બહેનો પ્રત્યે : બીજું કાંઈ ન કરી શકો તો કાઠિયાવાડી શુદ્ધ ખાદી ધારણ કરી ગરીબો સાથે તમારું ઐક્ય સિદ્ધ કરજો.'

આમ જામનગરની પ્રજાએ પ્રજાપરિષદના નેજા તળે જામસાહેબના જુલ્મી અને અત્યાચારી શાસન સામે ટક્કર ઝીલી, પ્રજા જાગૃતિનો સાચો પરચો જામસાહેબને બતાવ્યો હતો.

૧૯૪૨ની 'હિન્દ છોડો' ચળવળ વખતે સામ્યવાદી રંગે રંગાયેલા સનિષ્ઠ કાર્યકરો બિરાદર શાંતિલાલ વસાએ શહેરની લડતનું નેતૃત્વ સંભાળ્યું હતું. નવાનગર સ્ટેટે તેમને, હિન્દ સંરક્ષણ ધારા હેઠળ, ૧૯૪૫ સુધી જેલમાં રાખેલા. શાંતિલાલ વસાએ મજૂરોના ઉત્કર્ષ માટે અને દલિતોના ઉદ્ધાર માટે શહેરમાં કરેલી સેવાઓ સહેલાઈથી ભુલાય તેવી નથી.

આઝાદીની લડતમાં જયાશંકર ઓઝા બુલંદ અવાજે ડીંડવાણાનું ગીત ગાતા અને ગીતના કારણે લોકપ્રિય બનેલા.

અંતે એ સુવર્ણ પ્રભાત નવાનગરના આંગણે ઊગ્યું. ૧૯૪૭ની પંદરમી ઓગસ્ટે નગરજનોએ વિરાટ વિજય સરઘસ કાઢ્યું. દરબારગઢ સામેના ચોકમાંથી ખુશાલચંદ દયાળજી મહેતાના હસ્તે ત્રિરંગો ફરકાવવામાં આવ્યો. નગરજનોએ ધામધૂમથી આ મહોત્સવ ઉજવ્યો. અને જામનગર પોતાનું ચારસો વર્ષનું શૈશવ વટાવી કિશોર અવસ્થામાં પ્રવેશ્યું.

(ઘાંચીવાડ, જામનગર - ૩૬૧ ૦૦૧, ગુજરાત, ભારત)

એવું કેમ ? • **'બાબુલ'**

તું
પલક પર
મલકે છે લગીર
આછા ઉજાસમાં
ને
ઉકલે છે સવાર

નિત્ય
પસાર થતા મારગે
વેરણછેરણ થઈ ગયો છે
દિવસ
એવું કેમ?

શાંત કિનારે
મારાં પગલાં
છેલ્લી છોળમાં ઓગળી જાય
એ જ ઘડીએ થઈ જાય છે
સૂર્યાસ્ત

(ન્યુ કાસલ ૧૪/૬/'૧૦)

e.mail : fdghanchi@hotmail.com

મળ્યાં વર્ષો તેમાં અમૃત લઈ આવ્યો અવનિનું ......



સૌજન્ય : 'વિકિપીડિયા'

ઈસ્વી સન ૧૮૯૯માં, ઈંગ્લૅન્ડના ટ્રેન્ટ બ્રિજ ખાતે, ઈંગ્લૅન્ડ અને ઑસ્ટ્રૅલિયા વચ્ચે ક્રિકેટની હરીફાઈ રમાઈ હતી. તે વેળાની ઈંગ્લૅન્ડના રમતવીરોના જૂથનો આ સમૂહ ફોટો છે. આ છબિમાં, 'વિકિપીડિયા'ની નોંધ અનુસાર, આ પ્રમાણે આ વિખ્યાત નામો છે : છેલ્લી હરોળમાં (ડાબેથી) ડીક બારલૉ (અમ્પાયર), ટૉમ હેયવર્ડ, જ્યૉર્જ હર્સ્ટ, બીલી ગન, જે.ટી. હર્ન (૧૨મા ખેલાડી), બીલ સ્ટોરર (વિકેટ કીપર), બીલ બ્રૉકવેલ, તેમ જ વી. એ. ટીચમાર્શ (અમ્પયાર) જોવા મળે છે. વચલી હરોળમાં (ડાબેથી) સી. બી. ફ્રાય, કે. એસ. રણજિતસિંહજી, ડબલ્યૂ. જી. ગ્રેસ (કેપ્ટન), તથા સ્ટેનલી જેકસન દૃષ્ટિમાન થાય છે. પહેલી હરોળમાં (ડાબેથી) વિલફ્રેડ રોહ્‌ડ્સ અને જહોની ટિલડેસલી છે.

આ છબિમાં, વચલી હરોળમાં એક નામ છે : કે. એસ. રણજિતસિંહજી યાને કે કુમાર શ્રી રણજિતસિંહજી વિભાજી જાડેજા એટલે કે કાઠિયાવાડના નવાનગર રાજના એક વેળાના જામસાહેબ રણજિતસિંહજી (૧૦ સપ્ટેમ્બર ૧૮૭૨ - ૨ એપ્રિલ ૧૯૩૩). ઈંગ્લૅન્ડમાંના વસવાટ વેળા એ 'સ્મીથ' નામે ય ઓળખાતા. આ 'સ્મીથ' નામ, ભલા, કેમ આવી મળ્યું હશે ? કોઈ સગડ સાંપડતી નથી ! કોઈ પાસે હોય તો જણાવે.

ઈંગ્લૅન્ડના વસવાટ વેળા રણજિતસિંહજી કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા હતા. ક્રિકેટમાંના અપ્રતીમ લગાવને કારણે ઈંગ્લિશ ક્રિકેટ ટીમમાં નમૂનેદાર 'ટેસ્ટ ક્રિકેટર' તરીકે નીખર્યા હતા. કેમ્બ્રિજ યુનિવર્સિટી માટે એમણે 'ફર્સ્ટ-ક્લાસ' ક્રિકેટ ખેલેલી અને સસેક્સ માટે 'કાઉન્ટી ક્રિકેટ' પણ રમેલા. રણજી એક સર્વોત્તમ બેટ્સમેન પૂરવાર થયા છે. નેવિલ કાર્ડસ જેવા વિવેચક તો એમને 'the Midsummer night's dream of cricket' તરીકે જ જાહેર કરે છે. રણજીએ ચીલાચાલુ રીતે રમાતી ક્રિકેટમાં ક્રાંતિ આણી હતી અને નવી હવા ઊભી કરેલી, તેમ ક્રિકેટના પંડિતો કહેતા થાકતા નથી. એમના અવસાન પછી, ભારતમાં પહેલી હરોળની ક્રિકેટની રમત રમાતી રહે તેને સારુ એક સ્પર્ધાની રચના કરવામાં આવેલી અને ૧૯૩૫માં 'રણજી ટ્રૉફી'નો આદર કરવામાં આવેલો. એમના ઉપરાંત, એમના ભત્રીજા, દુલિપસિંહજીએ પણ પહેલી હરોળની ક્રિકેટમાં નામના કાઢી હતી.

સન ૧૯૦૭માં નવાનગર રાજ્યના જામસાહેબપદે નિયુક્ત થયેલા રણજિતસિંહજીએ 'રાજવી પરિષદ'માં અધિકારપદ પણ શોભાવ્યું હતું અને હિંદુસ્થાન વતી 'લીગ ઑવ્ નેશનસ'માં ભાગ લીધેલો. જામનગર પાસેના સરોદરમાં જન્મેલા રણજિતસિંહજીએ રાજકોટની રાજકુમાર કૉલેજ, લંડનમાંની હેરૉ સ્કૂલમાં તેમ જ કેમ્બ્રિજ યુનિવર્સિટીની ટ્રિનિટી કૉલેજમાં અભ્યાસ કરેલો.

પ્રથમ વિશ્વ યુદ્ધ વેળા, સંખ્યાબંધ સૈનિકોને પશ્ચિમ વતી લડવા મોકલી આપેલા. પોતાના સઘળાં વાહનો પણ એમણે યુદ્ધને સારુ ઉપયોગ લેવા માટે સત્તાવાળાઓને સુપ્રત કરેલા. આટલું ઓછું હોય તેમ, મહાનગર લંડનની પશ્ચિમે આવેલા સ્ટેઈન્સમાં એમનું એક 'કન્ટ્રી હાઉસ' પણ હતું - 'જામનગર હાઉસ'. નદીકાંઠે થૉર્નકોટ નામનું અ મકાન એમણે એડિથના ભાઈ ક્લેમેન્ટ પાસેથી ખરીદેલું. એમણે હૉસ્પિટલ તરીકે તેનો ઉપયોગ કરવાને સારુ બ્રિટિશ સરકારને ભેટ આપી દીધેલું. બ્રિટિશ સરકારે એમને ખિતાબોથી નવાજેલા ય ખરા.

સને ૧૯૨૪માં, રણજિતસિંહજીએ સ્વતંત્ર આયર્લૅન્ડની અધિકૃત મુલાકાત લીધેલી અને બેલીનાહિન્ચ ઈસ્ટેટમાં 'કોન્નેમારા'[Connemara]માં ૫૦,૦૦૦ એકરની જગ્યાની ખરીદી પણ કરેલી. એન ચેમ્બર્સે, ૨૦૦૨માં, 'રણજી મહારાજા ઑવ્ કોન્નેમારા' નામની એક ચોપડી પણ આપી છે. એન ચેમ્બર્સના મત અનુસાર, હિંદમાં નહીં તો ઈંગ્લૅન્ડમાં, રણજિતસિંહજી સારો એવો વખત આ એડિથ સાથે ગાળતા.

નવાનગરના આ રાજકુમારના, જામસાહેબના રેશમી વ્યવહારની જ આ વાતો હોઈ શકે છે ! સંશોધનનો સરસ વિષય બની શકે છે ! - છે કોઈની તૈયારી?

'ક્યાં છે કવિતા ?'

લંડન જેવાં શહેરોમાં, તેને એક છેડેથી બીજે છેડે સાંકળતી અન્ડરગ્રાઉન્ડ ટ્રેઈન એના રોજ-બ-રોજના જીવનનો એક ભાગ બની ગઈ છે. કેટકેટલા અને કેવા કેવા વિશ્વભરના લોકો પરસ્પર સંકળાતા, છતાં પણ જાણે પોતાનામાં કે થોડાંક પોતીકાઓમાં ગૂંથાયેલા... નવરાશની પળોમાં બધાં કંઈક ને કંઈક કરતાં રહે. કોઈકની ચકર ચકર નજર ટ્રાન્સલાઈટ્સની જાહેરાતો પર અમસ્તી અમસ્તી ફરતી હોય તો કોઈકની એકમેક પર. કોઈક ટૅબ્લોઈડ, મોઢું ઢંકાઈ જાય એ રીતે વાંચતું હોય તો કોઈક વળી એવામાં પર્સમાંથી નાજુક-નમણું પુસ્તક બહાર કાઢી વાંચવામાં મશગૂલ બની જાય. એવું કંઈ ન હોય તો છેવટે, ખાદ્યસામગ્રી ખરીદી હોય એના પરનું રૅપર કે મીનરલ વૉટરની બૉટલ પરનું લખાણ પણ આવી સાવ ખાલીપણાની પળોમાં વાચનસામગ્રી બની જાય !

થોડાં વર્ષો પૂર્વે કેટલાક લંડનવાસીઓને એવો વિચાર આવ્યો કે કવિતા, હા કવિતા એમના આવા રોજ-બ-રોજના જીવનનો એક ભાગ કેમ ન બની શકે ? લંડનની ટ્યૂબ ટ્રેઈનના પરિવેશમાં જાહેરાતોથી ભરેલી ખીચોખીચ જગામાં ય થોડીક ખાલી જગા એમને કવિતા માટે દેખાઈ અને આર્ટ્સ કાઉન્સીલ, ક્રોમ્પ્ટન પોએટ્રી ફન્ડ અને ફૅબર એન્ડ ફૅબર જેવી પ્રકાશનસંસ્થાની આરંભિક સહાયથી ૧૯૮૬માં લંડનની અન્ડરગ્રાઉન્ડ ટ્રેઈનના પરિવેશને કવિતા-પંક્તિઓથી રળિયામણો બનાવવાનો વિચાર અમલમાં મૂકાયો. ત્યારે, જાતભાતની જાહેરાતો અને પ્રવાસ કે સ્ટેશનને લગતી અનેકવિધ સૂચનાઓની ભરમાર વચ્ચે પ્રવાસીઓને કીટ્સની 'Much have I travell'd in the realms of gold' જેવી જેવી પંક્તિઓ વચ્ચેથી પણ વિહરવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું.

આ પ્રકલ્પના પ્રારંભમાં જ એના પ્રયોજકોને એ વાતની પાકી પ્રતીતિ થઈ કે ઇંગ્લૅન્ડ કવિતાપ્રેમીઓનો દેશ છે. કેટલાય લંડનવાસીઓએ આ વિચારને વધાવ્યો અને વિધાયક પ્રતિભાવ આપ્યો. કેટલાકે તો પોતાની પસંદીદા કવિતાની પંક્તિઓ પણ મોકલી આપી. ત્રણેક વરસના ગાળામાં તો લંડન અન્ડરગ્રાઉન્ડે આ યોજનાને પૂરેપૂરી અપનાવી અને બધો જ ખર્ચ ઉપાડી લીધો. હવે તો લંડન ટ્રાન્સપોર્ટ મ્યૂઝિયમ દ્વારા આ કવિતાઓની વિગતવાર સૂચિ બનાવવામાં આવે છે જે શાળાઓ, પુસ્તકાલયો અને જેલો માટે પણ ઉપયોગી નીવડે છે. માત્ર બ્રિટીશકુળના કવિઓની જ નહિ, જગતભરના અંગ્રેજી ભાષામાં લખતા જૂના અને નવા, જાણીતા અને અજાણીતા કવિઓની, સમાજના જુદા જુદા વર્ગના અને વયના લોકોને આકર્ષતી આ કવિતાનું 'Poems in the Underground' નામે ૧૯૯૧માં સંપાદન-પ્રકાશન થયું અને ૧૯૯૫ સુધીમાં તો એની સંવર્ધિત પાંચ પાંચ આવૃત્તિઓ પ્રગટ થઈ. પ્રકલ્પના પ્રથમ દશકામાં જ આ વિચારે એવું જોર પકડ્યું કે વિશ્વના બીજા ભાગોમાં, ખાસ તો યુરપ અને અમેરિકાના દેશોમાં – ડબ્લીન, પૅરિસ, ઑસ્લો, મૅલબોર્ન, સિડની, સેન્ટ લુઈ, સાન ફ્રાન્સિસ્કો અને ન્યૂયોર્ક જેવાં શહેરોમાં ટ્રેઈનો અને બસોમાં કવિતાદર્શન સહજ બનવા લાગ્યું. 'પોએટ્રી રિવ્યૂ'એ લખ્યું : '*Poems on the Underground* has restored the true currency of Poetry' (*પોએમ્સ ઑન ધ અન્ડરગ્રાઉન્ડે કવિતાના ચલણને પુનઃ પ્રસ્થાપિત કર્યું છે.*)

કવિતા તરફ પાછા વળવાના પ્રયત્નો વિશ્વભરમાં થતા રહે છે. ૨૦૦૧માં અમેરિકાના 'પૉએટ લૉરિઅટ' (રાષ્ટ્રકવિ) બનેલા કવિ બિલી કોલીન્સનું કવિતા સંપાદન 'Poetry 180 : A Turning back to Poetry' નામે પ્રસિધ્ધ થયું છે. (શીર્ષક જોતાં જ થયું : આપણે તો અહીં, જાણે કવિતા તરફ પીઠ ફેરવવા માંડ્યા છીએ !) હમણાં અમેરિકાના પ્રવાસ દરમ્યાન સુરેશ દલાલની નજરે ચડ્યું અને પછી તો એ કવિતાના આનંદમાં એમણે મને સહભાગી કર્યો. જુદા જુદા કવિઓની ૧૮૦ કવિતાઓના આ સંપાદન પાછળ બિલી પ્રવૃત્ત થયા એનો ય રસપ્રદ ઈતિહાસ છે. એ પોએટ લૉરિઅટ થયા ત્યારે અમેરિકાની જુદી જુદી શાળાઓમાં ફરી ફરીને કવિતાને લોકપ્રિય બનાવવાનું બીડું એમણે ઝડપેલું. એક શાળામાં કોઈક દસ વર્ષની બાળકીએ શાળાનું મુખપત્ર એમના હાથમાં મૂક્યું. એમાં એણે કવિતા વિશે એક લેખ લખેલો. લખેલું : 'હું જ્યારે જ્યારે કવિતા વાંચું છું ત્યારે મને એવું કેમ લાગે છે જાણે, મારો ભાઈ મને સ્વીમીંગ પુલમાં ગળાડૂબ પાણીમાં લઈ જઈ ગૂંગળાવતો હોય...' આ ગૂંગળામણ આજકાલ લખાતી અને ન-સમજાતી કવિતાને લઈને હતી, એ બિલી સમજી શક્યા. પછી એમણે જે રાષ્ટ્રીય અભિયાન આદર્યું એને એમણે નામ આપ્યું 'Poetry 180 – A Poem a Day for American High Schools' બિલીનો ઉદ્દેશ એવો કે શાળાના સક્રિય ૧૮૦ દિવસોમાં રોજેરોજ એક કવિતા, પ્રત્યેક શાળામાં વંચાય. પબ્લીક ઍનાઉન્સમેન્ટ સિસ્ટમ – જાહેર સંભાષણ વ્યવસ્થા કે એવા બીજા કોઈ માધ્યમ દ્વારા કવિતા પઠનનો ઉપક્રમ રચતાં એમણે એવો આગ્રહ પણ રાખ્યો કે કવિતા સ્વયમ્ કંઈક સમજાય એવી હોવી જોઈએ અને એનું, પાછળથી કોઈ શિક્ષક દ્વારા અર્થઘટન કરવામાં ન આવે કે ન તો બાળક પર એવું કરવા માટેનું દબાણ થાય. ચર્ચા નહિ, અવનવાં અળવીતરાં અર્થઘટનો નહિ, કવિતા-કસોટી જેવું નહિ, સાત પાનાંનું વિવેચન નહિ, માત્ર કવિતા.

આ પૂર્વે મૂળ રશિયાના અને પછી અમેરિકામાં સ્થાયી થયેલા અને પૉએટ લૉરિઅટ બનેલા જૉસેફ બ્રોડસ્કીએ પણ એવું સ્વપ્ન સેવેલું કે કવિતા સુપરમાર્કેટ્સમાં વહેંચાય અને વંચાય, મૉટેલ રૂમ્સના બૅડ ટેબલ પર બાઈબલની સાથે મૂકાય... પણ આમ થવું સરળ નથી. વયસ્કો પણ જ્યારે કવિતા સમક્ષ થાય છે ત્યારે એક પ્રકારની મૂંઝવણ અનુભવે છે. એક અમેરિકન વિદ્યાર્થીએ લખ્યું હતું : 'હું અંગ્રેજી જાણું છું / આ કવિતા અંગ્રેજીમાં લખાઈ છે / મને ખબર નથી પડતી આ કવિતામાં...' કોઈ ગુજરાતી ભાષા જાણતો વિદ્યાર્થી પણ ગુજરાતી કવિતા વિશે આમ જ કહેતો હશે ?! આપણા સમાજનો એક મોટો વર્ગ કવિતાથી વિમુખ થતો ચાલ્યો છે અને કંઈક એવું જ લાગે છે કે કવિતાને સમજવાનો પ્રયત્ન જ એણે છોડી દીધો છે. એનું એક કારણ તો એ આંધળા અનુકરણથી ઉત્તરોત્તર દુર્બોધ બનતી ચાલી છે તે, અને બીજું, આપણે એને લોકો સુધી પહોંચાડવાનો, એક ઝુંબેશની જેમ સન્નિષ્ઠ પ્રયત્ન કરતા નથી. એકલ દોકલ પ્રયત્નો જો કે ધ્યાનાર્હ છે; પ્રેરણારૂપ છે. પશ્ચિમ બંગાળના કોઈ હીલ-સ્ટેશન પર, બનતાં સુધી દાર્જિલીંગમાં, મેં ચોરે અને ચૌટે અંગ્રેજી કવિઓ અને લેખકોની પંક્તિઓ–ઉક્તિઓ વાંચી છે. મહારાષ્ટ્રમાં રેશનકાર્ડની પાછળ કવિ કુસુમાગ્રજની કવિતા જોઈ છે તો અમદાવાદમાં કવિતાપ્રેમી મનીષ પટેલના માધુર્ય નામના રેસ્ટૉરન્ટમાં આપણા ગુજરાતી કવિ અને લેખકોના મોટા કદના ફોટાની સાથોસાથ એમનાં લખાણો અને કાવ્યપંક્તિઓ વાંચતા અને પોતાના વારાની ફિકર ઘડીભર ભૂલી જતા ગુજરાતી સાહિત્યરસિકોને જોયા છે.

જો કે એકંદર ચિત્ર તો ચિંતાજનક છે. શાળાઓમાં કવિતા એક પહેલીની જેમ શીખવાય છે. શિક્ષકો મનઘડંત અર્થઘટનો કરતા રહે છે. આપણા કવિ રાજેન્દ્ર શુક્લએ હમણાં 'મીટ ધ ઑથર' કાર્યક્રમમાં કહ્યું કે એમની જાણીતી કવિતા 'અવાજ'ને, અભ્યાસક્રમમાં ધ્વનિપ્રદૂષણના વિષય પર લખાયેલી કવિતા તરીકે ખપાવાઈ હતી ! એક બીજો, આવો જ કિસ્સો સાંભળો : કવિ ચિનુ મોદી ઉત્તર ગુજરાતની એક કૉલેજમાં ભાષણ કરવા ગયેલા. સવારમાં જે મકાનમાં કૉલેજ ચાલે ત્યાં બાર વાગ્યા પછી શાળાના વર્ગો શરૂ થાય. શાળા શરૂ થતાં લાઉડ સ્પીકર પરથી 'હવે આપણે પ્રાર્થના કરીશું' એવી જાહેરાતની સાથે જ બધાં છોકરા–છોકરીઓ ઊભાં થઈ, આંખો મીંચી, પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ એમની રચના 'પર્વતના નામે પથ્થર, દરિયાને નામે પાણી / ઈર્શાદ આપણે તો ઈશ્વરના નામે વાણી' રાગડા તાણીને ગાવા મંડી પડ્યાં. કવિતાના બાર વાગી ગયા ! 'ઈશ્વર' શબ્દને કારણે પ્રેમભંગની અનુભૂતિને પ્રાર્થના કાવ્યમાં ખપાવાય એ ય આપણી કવિતા વિશેની સામૂહિક સમજણ પર પાણી ફરી વળ્યા બરાબર !

કવિતા, આમ જ આપણાથી પૂંઠ ફેરવતી જાય છે. પ્રકાશકો પણ કવિતાસંગ્રહોના પ્રકાશનથી છેટું કરતા ચાલ્યા છે. એમને લાગે છે કે પ્રેરણા આપતું સાહિત્ય વધારે વંચાય છે, વેચાય છે. ઠાંસી ઠાંસીને ફક્ત પ્રેરણાનો ડોઝ પાતાં થોથાં કરતાં કવિતાની એક-બે પંક્તિ વધારે અસરકારક કામ કરી શકે એ પ્રતીતિ, આપણા સમજક્ષેત્રમાં હજુ જન્મી નથી. કવિતા લખનાર અને એને વાંચનાર કે સાંભળનારની સંખ્યા લગભગ સરખી બેસે છે.

આવી પરિસ્થિતિમાં મૂળભૂત પરિવર્તન આણવું હશે તો કવિતાએ બિનજરૂરી રીતે દુર્બોધ બનવાથી બચવું પડશે. મારું કહેવું એવું હરગિજ નથી કે કવિતાને સસ્તી લોકપ્રિયતાના ઢાળ પર લપસવા દેવી. જરૂર માત્ર એ જ સમજવાની છે કે કવિતાને, કવિતા બનવા માટે દુર્બોધ કે અકળ બનવું જરૂરી નથી. સરળતાનું પણ આગવું સૌન્દર્ય હોય છે. સંકુલ ભાવોની અભિવ્યક્તિમાં કવિતા ક્યારેક અનિવાર્યપણે સંદિગ્ધ બની બેસે અને ત્યારે અભિવ્યક્તિનું સરલીકરણ પડકારરૂપ કે છેવટે શક્ય ન બને એ ય ખરું. ભલે. પણ કમ-સે-કમ આપણે કવિતાને પ્રયત્નપૂર્વક અઘરી બનાવવામાંથી તો બચાવીએ.

એમ થશે ત્યારે, આપણને 'આત્માની માતૃભાષા' સહજ સમજાશે અને આપણે પણ એ સૌને સમજાવી શકીશું. કવિ (ઉમાશંકર જોશી)એ તો પ્રશ્ન કરેલો : 'ક્યાં છે કવિતા ?' અને પછી કહેલું :

'જોઉં છું હું દુર્ગમ છે, દુર્લભ છે
પૃથ્વીના સૌ પદાર્થોમાં એ પદાર્થ.
ક્યારેક તો શબ્દમાં જ સરસ્વતી લુપ્ત થતી
ક્યારેક હોલવાયેલા હૈયાની વાસ અકળાવી રહે,
ક્યારેક વળી અર્ધદગ્ધ ખયાલોનો ધૂંવા ગૂંગળાવી રહે.
ખરે જ છે દુર્વાપ કવિતાપદાર્થ...'

અમદાવાદ
૨૧ જુલાઈ, ૨૦૧૦

પ્રબોધ ર. જોશી

(સદ્ભાવ : "ઉદ્દેશ", ઑગસ્ટ ૨૦૧૦ - સંપાદકીય)

વિશ્વના વિવિધ દેશોમાં જઈ વસેલી કાંઠા વિભાગની સાહસિક પ્રજાનો સંક્ષિપ્ત ઈતિહાસ

• મગનભાઈ બી. કરાડિયા

અમારા પૂર્વજો ખૂબ જ સાહસિક હતા, તેઓ ક્યાંથી સ્થળાંતર કરી દક્ષિણ ગુજરાત માંહેના આ કાંઠા વિભાગીય પ્રદેશમાં આવ્યા, તે એક સંશોધનનો વિષય છે. પરંતુ કેટલાક મનીષીઓએ આ સંબંધે તારણ કાઢ્યું છે, તે સંદર્ભે, મૂર્ધન્ય કવિ ઉમાશંકર જોશી નોંધે છે કે અગાઉ ચાંપાનેર ગુજરાતનું શક્તિશાળી સમૃધ્ધ રાજ્ય હતું. તેની પડતી આવતાં તે તૂટ્યું અને તેનું દરિયાઈ શૈન્ય સુરતના કાંઠા વિસ્તારમાં જઈ વસ્યું, તે આ પ્રજા છે. આવી જ એક બીજી પ્રાગૈતિહાસિક દંતકથા છે. હિંદુ સંસ્કૃતિનું ઉગમ સ્થળ સિન્ધુ નદીનો ખીણ પ્રદેશ છે. આ સિંધ પ્રદેશમાંથી જે પ્રજાએ સ્થળાંતર કર્યું, તેઓ પોતાની સાથે કૂળદેવી સિંધવા માતાને લઈ આવ્યા. આ સિંધવા માતાની સ્થાપના તેઓએ પૂર્ણા નદીના મુખ પાસે કરી, જે સ્થળ આજે સિંધવાઈ નામે જાણીતું છે. આજે પણ શ્રધ્ધાળુઓ આ મંદિરે પૂજા અર્ચના કે માનતા બાધા ચઢાવવા આવે છે.

આ વિસ્તારમાં ખેતી અને વહાણવટુ આવકનું સાધન હતું. પરંતુ ખેડવા માટે પર્યાપ્ત જમીન નહોતી. આથી આવક માટે આમાંથી કેટલાક વહાણવટા તરફ વળ્યા. અરબી સમુદ્રમાં દક્ષિણ ભારતના બંદરોએ આ પ્રજાનાં વહાણો નાગરતાં, અને માલની હેરાફેરી કરી આર્થિક ઉપાર્જન કરી લેતા. યંત્ર વગરના, પવનથી ચાલતાં વહાણોમાં સાગર પાર માલની હેરાફેરી કરતા. આ કામ ઘણું જોખમી અને ખતરનાક હતું. પરંતુ આ સાગર-સાવજ સાહસિક વડવાઓ દરિયા ખેડવામાં પાવરધા હતા.

બ્રિટિશ આગમન સાથે સંજોગો બદલાયા, ૧૮૫૦માં અરબી સમુદ્રની લગોલગ તેઓએ રેલવે લાઇન નાખી. પરિણામે વહાણવટુ પડી ભાંગ્યું. આથી લોકો બાંધકામના વ્યવસાય તરફ વળ્યા. વિધિની વક્રતા તો જૂઓ : જે રેલવેએ તેમનો વ્યવસાય છીનવી લીધો હતો તે રેલવેના બાધકામમાં તેઓ રોજીરોટી માટે કામ કરવા લાગ્યા ! દેશના વિવિધ ભાગોમાં, કેટલાક વળી પેટા કોન્ટ્રાક્ટર તરીકે કામ કરવા લાગ્યા તો કેટલાક દરિયાપાર વિદેશોના અજાણ્યા પ્રદેશમાં જઈ વસ્યા. તેમાં બ્રહ્મદેશ, ફિજી, ઈરાક, દક્ષિણ આફ્રિકા અને પૂર્વ આફ્રિકાના દેશો ઉપરાંત ન્યુઝીલેન્ડ, ઈંગ્લેન્ડ, બ્રાઝિલ તથા વેસ્ટ ઈન્ડિઝના ટાપુઓ મુખ્ય છે.

બ્રહ્મદેશ : બ્રહ્મદેશ - મ્યાનમારા ભારતનો પાડોશી દેશ અને એક વખતનો ભારતનો એક ભાગ. બર્મા રેલવે અને રેલવેના પુલના નિર્માણ-બાંધકામમાં આ લોકોનું યોગદાન ઘણું મોટું છે. કાંઠા વિસ્તારના લોકો જ રેલવેના પેટા કોન્ટ્રાક્ટરો હતા. બીજા વિશ્વ યુધ્ધ વેળા જાપાને નષ્ટ કરેલા પુલો અને રેલવે લાઈનનું ફરીથી બાંધકામ આ માણસોએ જ કર્યું છે. તેમાં આટ ગામના લખુભાઈ બુધીઆ અને ખંડુભાઈ મંગાભાઈને આ કામ મળ્યાં હતાં. બીજા વિશ્વ યુધ્ધ દરમ્યાન બ્રહ્મદેશ, સિંગાપોરમાં વસતા આ વિસ્તારના ભાઈઓ નેતાજી સુભાષ ચંદ્ર બોઝની આઝાદ હિન્દ ફોજમાં જોડાઈ રાષ્ટ્ર પ્રેમનો ખુમાર વ્યક્ત કર્યો હતો. તેમાં દેલવાડા-ભીનારાના પાંચ ભાઈઓ હતા.

ફિજી : ૧૯૭૮માં બ્રિટિશ સરકારે ફિજીમાં ભારતીય વસાહતી માટે છૂટ આપતી નવી નીતિ અપનાવી, તેથી મોટી સંખ્યામાં ભારતીયો ફિજીમાં વસવાટ કરી શક્યા. તેમાં પંજાબીઓની સંખ્યા વિશેષ છે. જે બધા કોલકતાથી જહાજ વાટે ફિજી પહોંચ્યા હોય, તેથી આ માર્ગ તે વેળા વધુ વપરાશમાં લેવાતો. શરૂઆતમાં કાંઠા વિસ્તારમાંથી અનેક લોકો ફિજી ગયેલા, અને તેમાંથી કેટલાકે ન્યુઝીલેન્ડ સ્થળાંતર કરેલું. તેમાં કરાડીના સુખાભાઈ ગોંસાઈ એક હતા.

દક્ષિણ આફ્રિકા : દક્ષિણ આફ્રિકા જનારા પ્રથમ હિન્દીઓમાં મદ્રાસીઓ મુખ્ય હતા. પાછળથી ગુજરાતીઓ ગયા તેમાં આ વિસ્તારના ભાઈઓ હતા, જેમાં મુસ્લિમ ભાઈઓની સંખ્યા ય મોટી હતી. કાંઠા પ્રદેશના ભાઈઓમાં વેળાવળના ગોપાળભાઈ ડાહ્યાના દાદા વલ્લભભાઈ પરસોત્તમભાઈ ૧૮૭૫માં જહાજમાં કલકત્તાથી પ્રથમ ડરબન ગયા હતા. બાદ ગોપાળભાઈના પિતા ૧૯૧૪માં મુંબઈથી જોહાનિસબર્ગ ગયા, અને ગોપાળભાઈ ડાહ્યા પોતે ૧૯૩૭માં જોહનિસબર્ગ ગયેલા. એમણે કરાડીના જસમતભાઈ નાનાની દુકાનમાં મેનેજર તરીકે કામ શરૂ કર્યું, તે વખતે જસમતભાઈ નેલ્સન મંડેલા સાથે ગોરી સરકારની રંગભેદની નીતિ સામેની લડતમાં પ્રવૃત્ત હોઈ બન્નેએ સાથે જેલવાસ ભોગવ્યો હતો.

આ લોકોએ દુકાનો શરૂ કરી અને ટેલરીંગનો વ્યવસાય પણ વિકસાવ્યો. પરંતુ મુશ્કેલીઓમાં મેમણ તથા વોરા ભાઈઓ વેપાર ધંધામાં અગ્ર સ્થાને હતા. મુસ્લિમ વેપારી શેઠ અબદુલ્લાનો કેશ લડવા બેરિસ્ટર મોહનદાસ કરમચંદ ગાંધી (મહાત્મા ગાંધી) ૧૮૯૩ની સાલમાં દક્ષિણ આફ્રિકા ગયા, ત્યાં એમને રંગભેદ અને જાતિભેદનો જે કડવો અનુભવ થયો, તેની સામે ન્યાય માટે જ ઝૂંબેશ ઉપાડી તે તો વિશ્વ પ્રસિધ્ધ છે. આ આંદોલનમાં કાંઠા વિસ્તારનાં ભાઈ બહેનો સામેલ થઈ ગાંધીભાઈને જે સહયોગ આપ્યો, તેથી બ્રિટિશ શાસકો સામે ઝીક લેવાની તેમની શક્તિને ગાંધીભાઈએ પિછાણી. તેમની નિષ્ઠા અને વફાદારી, તેમની શૌર્યતાભરી ન્યૌચ્છાવર ભાવનાનો ગાંધીભાઈને પરિચય થયો, જે નમક સત્યાગ્રહ માટે દાંડીની પસંદગીમાં પ્રભાવક નીવડ્યું.

દક્ષિણ આફ્રિકાના આંદોલનમાં મટવાડના નાના સીતા, કરાડીના જસમત નાના અને આટ ગામના ફકીરાની ગાંધી-ભક્તિ, ગાંધી-નિષ્ઠા અને સમર્પિત ભાવના તો દાદ માંગે. આ ફકીરા તો, ૧૯૧૫માં, ગાંધીજીની સાથે, કાયમને માટે, આફ્રિકાનો હક છોડી ભારત આવતા રહ્યા હતા. આફ્રિકાના આંદોલનમાં ભાગ લેવા રૂપતળાવ-આટના મણિબહેને ૨૨ વર્ષ, તથા કરાડીના નારણભાઈ જસમત નાનાએ ૧૮ વર્ષ કારાવાસમાં ગાળ્યાં. આવાં તો કેટલાયે સ્વાતંત્ર્યસેનાનીઓ દક્ષિણ આફ્રિકામાં થઈ ગયાં. બીજી બાજુ, ભાટપોરના શહીદ વીર ડાહ્યાભાઈ ગોવિન્દજીભાઈ શહાદતને વર્યા એ જેવી તેવી કુરબાની નથી ! આજે મટવાડગામમાં કરાડી-માટવાડના શહીદોનું જે સ્મારક રચાયું છે, તેના પ્રણેતા તો દક્ષિણ આફ્રિકાના જસમતજી નાના જ છે. (આ સ્મારક માટે સન ૧૯૫૭માં, યુનાઈટેડ કિંગ્ડમ.માં પણ ફાળો એકત્ર કરવામાં આવેલો. તેની સમિતિમાં કામ કરવાનો લ્હાવો મને મળેલો. યુનાઈટેડ કિંગ્ડમમાંનો આ પ્રથમ જાહેર ફાળો છે.)

વેળાવળના ભાણાભાઈ ભગાભાઈ દરિયાવદિલી દાતા અને સામાજિક કાર્યકર્તા. તેમની સાથે કરાડીના મીઠાભાઈ સુખા ડેધા તથા નરસિંહભાઈ દેલવાડિયા તેમ જ વાંસી બોરસીના ભાણાભાઈ કાનજી વગેરે પણ પાયાના કાર્યકર્તાઓ હતા. સૌમાં આવડા ફળિયા, મટવાડના છોટુ મકન તથા રૂપન તળાવ, આટના ઈચ્છુભાઈનાં નામો રાષ્ટ્રીય સ્તરે વિશેષ ઉભરી આવ્યાં છે. ઈચ્છુભાઈ તો આજે ત્યાંની નેશનલ પાર્લામેન્ટના સભ્ય પણ છે. છોટુ મકન તો આઝાદીના લડવૈયા. તેમણે આફ્રિકાના યુથ નેશનલ કોગ્રેસમાં રહી નેલ્સન મંડેલાની, રંગભેદી શાસનમાં ગ્રુપ એરિયા એક્ટ - ૧૯૬૦ સામેની લડાઈમાં, પણ જસમત નાના, રામલાલ ભૂલિયા સહિતના ભારતીય મૂળના આગેવાનો સાથે સત્યાગ્રહ આંદોલનમાં ભાગ લીધો હતો. યુથ નેશનલ કોંગ્રેસની પ્રવૃત્તિ દરમ્યાન તેઓ પકડાઈ જતાં તેમને ડરબનમાં જેલવાસ ભોગવ્યો હતો. આવી અનેક પ્રવૃત્તિના તેઓ આગેવાન કાર્યકર્તા રહ્યા છે, અને એ રીતે છોટુ મકન અને ગોપાલ ડાહ્યા બન્ને નેલ્સન મંડેલા તથા વોલ્ટર સિસુલુના ગાઢ સંપર્કમાં રહ્યા હતા. છોટુ મકન દક્ષિણ આફ્રિકામાં પ્રથમ ભારતીય પાયલોટ હતા. ગાંધીજીના દક્ષિણ આફ્રિકાનાં સત્યાગ્રહનું જન્મસ્થાન ટોલ્સટોય ફાર્મ નામશેષ થવા માંડ્યું છે તેને જીવંત કરવા છોટુ મકન અને ગોપાલ ડાહ્યા વગેરે આજે સક્રિય છે. સ્થાનિક મુસ્લિમોનાં આર્થિક સહયોગથી ટૉલ્સટોય ફાર્મમાં બે વખત કથા - હવન થયા, જે સાત સમંદર પાર કોમી એકતાની મ્હેક છે. જેમાંથી આપણે બોધપાઠ લેવા જેવા છે.

૧૯૧૫-૧૬ની સાલમાં, દક્ષિણ આફ્રિકાના 'ટ્રાન્સવાલ કોળી હિત વર્ધક મંડળે' આફ્રિકામાં મોટો ફંડ-ફાળો એકત્ર કરી નિર્ધાર કર્યો કે કોળી સમાજના બાળકો શહેરમાં રહી હાઈસ્કૂલ તથા કોલેજનો ઉચ્ચ અભ્યાસ કરી શકે તે હેતુથી નવસારી શહેરમાં કોળી સમાજના વિદ્યાર્થીઓ માટે એક આશ્રમની સ્થાપના કરવી. આ આયોજનને સાકાર કરવા કડિયાવાડ-નવસારીમાં

જમીન ખરીદી, મકાન બાંધી વિદ્યાર્થી આશ્રમનું સ્વપ્ન તેમણે સાકાર કર્યું, આ આશ્રમનું સંચાલન કરવા દક્ષિણ આફ્રિકા સ્થિત સામાપોરનું એક યુગલે કાયમને માટે દક્ષિણ આફ્રિકા છોડી, ભારત આવી કોળી વિદ્યાર્થી આશ્રમનાં ગૃહમાતા-ગૃહપતિની તથા વિદ્યાર્થીઓ માટે રસોઈ બનાવવાની જવાબદારી પણ સાંભળી. આ સ્વાર્પણ કે ફનાગીરીને પણ દાદ આપવી ઘટે ! ૧૯૬૨માં બીજી ઈમારતો ખરીદી જેની કિંમત આજે કરોડોમાં આંકવામાં આવે છે. આ સિવાય દક્ષિણ આફ્રિકાના આ મંડળે અનેક વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપી, સમાજ વધુને વધુ શિક્ષિત બને તે માટે સૌ કોઈ કરતાં વિશેષ પ્રોત્સાહન પૂરું પાડ્યું છે.

દક્ષિણ આફ્રિકાની ટ્રાન્સવાલ લેજિસ્લેટીવ કાઉન્સિલમાં એશિયાટીક એક્ટ રજૂ કરવાની મિ. ડંકને દરખાસ્ત કરી. અને ૧૨મી સપ્ટેમ્બર ૧૯૦૬ના રોજ આ અમાનવીય કાયદો ટ્રાન્સવાલની ધારાસભામાં પસાર થયો. આ અમાનુષી કાયદાનો વિરોધ, નાબૂદી માટે ગાંધીભાઈ સાથે હિન્દીઓએ આંદોલન ઉપાડ્યું. સત્યાગ્રહ કરી લગભગ ૨,૦૦૦ હિન્દીઓ ગાંધીભાઈ સાથે જેલમાં ગયા. આ લડતની તવારીખ ઘણી લાંબી અને કષ્ટભરી છે. અંતે ૩૦મી જૂન ૧૯૧૪ના રોજ શરતી સમાધાન થયું, તેને કારણે હિન્દીઓ વિના રોક ટોક દક્ષિણ આફ્રિકામાં પ્રવેશી શકતા હતા, તેના ઉપર જે નિયંત્રણ હતું, તે સંદર્ભે પરમીટ પ્રથા દાખલ થઈ. આ પાબંધીને કારણે ઘણાં કાંઠાવાસીઓએ ફિજી - ન્યુઝીલેન્ડની વાટ પકડી.

ન્યુઝીલેન્ડ : ૧૮૯૦માં સૌ પ્રથમ પંજાબથી બે શીખ બંધુઓમાં ફુમન સીંગ ગીલ અને વીર સીંગ ગીલે ન્યુઝીલેન્ડ જઈ સ્થાયી વસવાટ કર્યો. પાછળથી તેઓએ ગોરી સ્ત્રી સાથે લગ્નગ્રંથિથી જોડાતાં તેમની કૂખે જન્મેલ ન્યુઝીલેન્ડમાં નવી પેઢી અસ્તિત્વમાં આવી. ગુજરાતીઓમાં સર્વ પ્રથમ મછાડના કેશાભાઈ દાજી ૧૯૦૨ની સાલમાં ન્યુઝીલેન્ડ ગયા. ૧૯૦૩ની સાલમાં બોદાલીના નરોત્તમ બાબર અને કેશાભાઈ છીબા તેમ જ અમાદપુરના ગુલાબ અને મકન જીવણ ન્યુઝીલેન્ડ જઈ સ્થાયી થયા. સર્વ પ્રથમ ન્યુઝીલેન્ડ પહોંચેલા કેશાભાઈ દાજીને પહેલું કામ જંગલ ખાતામાં મળ્યું. તેઓ ૧૯૦૯થી ૧૯૧૧ના ગાળામાં બે વર્ષ માટે ભારત આવ્યા અને ફરીથી ન્યુઝીલેન્ડ ગયા ત્યાં ૧૯૧૮માં ઈન્ફ્લુએન્ઝાની બીમારીમાં મૃત્યુ પામ્યા.

Keshaw Daji from Machhad may have been the first Gujarati to settle in New Zealand in 1902. *Source: Uka Chhiba*

શરૂઆતમાં આ જમાતના ભાઈઓ કોલકત્તા બંદરેથી જહાજ મારફતે ફિજી જતા અને આ જ માર્ગે ન્યુઝીલેન્ડની 'યુનિયન સ્ટીમ શીપ કંપની' દ્વારા ન્યુઝીલેન્ડ પહોંચતા. પાછળથી મુંબઈથી સીડની થઈ, ઓકલેન્ડનો પ્રવાસ-માર્ગ ગુજરાતીઓ માટે વધુ સુગમ બન્યો. શરૂઆતમાં ત્યાં કામ મળવું મુશ્કેલ બનતા ફેરિયા (Hawking) જેવાં કામ કરવા પડતાં. ૧૯૧૪માં કરાડીના ઢેડિયાભાઈ ભાણાએ સમય અનુસાર આધુનિકતા લાવી. રેશમનું કાપડ આયાત કરી, મોટર કે લોરી દ્વારા ફેરી ફરી, કાપડનો વેપાર શરૂ કર્યો.

દક્ષિણ આફ્રિકામાં એશિયન વસાહતીઓ છૂટથી જઈ શકતા તેના ઉપર ૧૮૯૭ની સાલમાં નિયંત્રણ દાખલ થયું. અને ૧૯૧૩ની સાલમાં નવા વસાહતીઓ ઉપર સદંતર પ્રતિબંધ આવવાથી, અર્થાત્ દક્ષિણ આફ્રિકા જવાનું બંધ થતાં, સન ૧૯૧૬-૧૭થી ન્યુઝીલેન્ડ જવાનો ધસારો વધ્યો. ૧૯૨૦માં એકી સાથે ૧૪૦ ભાઈઓ ન્યુઝીલેન્ડ ગયા. જેઓને ઊતરવાની પરવાનગી મળી; પરંતુ ૨૦મી નવેમ્બર ૧૯૨૦ના દિનથી પ્રતિબંધ આવતાં, માત્ર હામી (સ્પોન્સર) દ્વારા પરમીટ થકી, ન્યુઝીલેન્ડમાં સ્થાયી થવાની પ્રથા અમલી બની.

ઓકલેન્ડમાં 'ઈન્ડિયન એસોસિયેશન' વર્ષોથી કાર્યરત છે. તેના સામાજિક તથા ધાર્મિક કાર્યકર્તાઓમાં કરાડીના રમેશભાઈ, સામાપોરાના પ્રભુભાઈ જોગી, મટવાડના મોરારિ સોમા, દયાળજી કેસરી, છોટુભાઈ સીમા, જેકભાઈ વગેરે છે. સામાજિક કે ધાર્મિક બધી પ્રવૃત્તિઓ એસોશિયેશનની છત્રછાયા હેઠળ ચાલે છે. ઈન્ડિયન એસોસિયેશને પ્રથમ તો ઓકલેન્ડમાં ભવ્ય 'મહાત્મા ગાંધી સેન્ટર હોલ'નું નિર્માણ કર્યું, ત્યારબાદ તેની બાજુમાં ખૂબ જ આકર્ષક અને કલાત્મક રાધાકૃષ્ણ મંદિર બાંધવામાં આવ્યું. આ બધુ એસોસિયનની સંપ, સહકાર, સંગઠિતતાનાં પરિણામ સ્વરૂપે સમજવું રહ્યું. આજ પ્રકારે વેલિંગ્ટનમાં પણ 'ભારત ભવન'નું નિર્માણ થયું છે. જેમાં પણ સામાજિક તથા ધાર્મિક પ્રવૃત્તિઓ થતી રહે છે. આજ પ્રકારે યુવાનો ક્રિકેટ અને હોકીની રમતમાં આંતરરાષ્ટ્રીય સ્તરે રમતો રમે છે. ન્યુઝીલેન્ડમાં આ જમાતની યુવતીઓ પણ રમત ગમતને ક્ષેત્રે ખૂબ આગળ છે, જે નીચેના દૃષ્ટાંતોથી પૂરવાર થાય છે.

ન્યુઝીલેન્ડમાં સર્વ પ્રથમ, કવિ-ચિત્રકાર રમેશભાઈ પટેલને બ્રિટનની મહારાણી ઈલિઝાબેથે, તેમણે ૪૫ વર્ષ પર્યંત જાહેરજનતાની કરેલી સેવા સબબ MBEનો ખિતાબ એનાયત કરી, સન્માન્યા હતા. એમણે વર્ષો સુધી વિના વેતને બાળકોને ગુજરાતી ભાષા શીખવી છે. વર્ષો સુધી ગીતા-ઉપનિષદ તથા રામાયણ -મહાભારતની કથા વાચનના ધાર્મિક વર્ગો ચલાવ્યા. સાધુ સંતો અને સાહિત્યકારોની મહેમાનગીરીથી એમનું ઘર સાર્વજનિક સંસ્થા બની રહેતું. એમણે લગભગ ૩૫૦થી પણ વધુ યુગલોને હિન્દુ ધર્મ અનુસાર ધાર્મિક વિધિથી લગ્નો કરાવ્યાં છે. લગ્નની વિધિ કે મૃત્યુ પ્રસંગે સ્મશાનગૃહમાં અંતિમ સંસ્કાર વિધિ કરવા માટે એમણે ન્યુઝીલેન્ડના અલગ અલગ શહેરોમાં યુવાનોને તૈયાર કર્યા છે, આજે પણ એમના મૃત્યુ બાદ પણ આ યુવાનો વિધિ વિધાનથી સંસ્કાર ક્રિયા કરાવી લે છે.

૧૯૭૬માં કેનેડાના મોન્ટ્રીઅલમાં રમાયેલ વર્લ્ડ ઓલમ્પીકમાં હોકીની રમતમાં ન્યુઝીલેન્ડ વિશ્વ વિજેતા બન્યું, આ ટીમમાં મૂળગત કાંઠા પ્રદેશના ત્રણ ખેલાડીઓ રમ્યા હતા. તેમાં કરાડીના મોહન મગનભાઈ ફકીર, બોદાલીના રમેશભાઈ પટેલ તથા તવડીના પીટર દાજીએ ન્યુઝીલેન્ડની સાથે ભારતનું નામ પણ રોશન કર્યું હતું. તે જ રીતે હજુ સુધી આખા ભારતમાં કોઈ કન્યા ઓલંપિકમાં વિશ્વ વિજેતા નથી બની, પરંતુ ન્યુઝીલેન્ડમાં જન્મેલી મૂળ કરાડીના તબીબ કનુ પટેલની પુત્રી શાન્તા પટેલ મેક્સીકોમાં રમાયેલ વર્લ્ડ ઓલમ્પીકમાં 'વિન્ડ સર્ફીન્ગ'ની રમતમાં વિશ્વ વિજેતા બની ન્યુઝીલેન્ડ-ભારતના કીર્તિ-કળશ પર ચાર ચાંદ લગાવ્યા છે. ક્રિકેટની રમતમાં પણ મછાડના નરોત્તમ પૂના અને દાંડીના દીપક પટેલ ટેસ્ટ મેચ રમી, બન્ને દેશોને ગૌરવ અપાવ્યું છે. આ કાંઠા વિસ્તારનો પૂરો સમાજ પણ આ સૌ ખેલાડીઓ માટે મગરૂર છે. હવે ન્યુઝીલેન્ડની સરકારે ઓસ્ટ્રેલિયાની જેમ ઈમિગ્રેશનની નીતિ બદલી છે. હવે પોઈંટ સીસ્ટમ ઉપર શિક્ષિતોને તથા લોહીના સંબંધને નાતે કાયમી વસવાટના હકો મળે છે.

પૂર્વ આફ્રિકા : પૂર્વ આફ્રિકાના કેન્યા. યુગાન્ડા, ટાન્ઝાનિયા વગેરે દેશો મુખ્ય છે. આ દેશોમાં આ જમાતના ભાઈઓ ૧૯૨૫ની આજુબાજુમાં ગયા, પરંતુ ત્યાંની અગવડતા અને કમાણી ઊંચી ન હોવાને કારણે લોકોનો ધસારો એટલો રહ્યો નહિ. પરંતુ બીજા વિશ્વ યુદ્ધ દરમ્યાન ધસારો વધ્યો. ૧૯૪૩માં પૂર્વ આફ્રિકા જવા મુંબઈ બંદરેથી રવાના થયેલી સ્ટીમરને જાપાનની સબમરીને ટૉર્પીડો (પાણસુરંગ) મારી ડૂબાવી દીધી હતી. તેમાં કરાડી ચોપાસનાં થોડાં ભાઈબહેનો ડૂબી પણ ગયાં હતા. પરંતુ મોટા ભાગના તરીને કિનારે સહીસલામત બહાર નીકળી આવ્યાં હતાં. ત્યાર બાદ સ્ટીમરોનો વ્યવહાર બંધ પડતાં, ટ્રાવેલ્સ એજંટ ગણેશભાઈ સુખાભાઈ પટેલે અને છીબુભાઈ લાલભાઈએ મળી જામનગરથી મોટાં વહાણો દ્વારા લોકોને પૂર્વ આફ્રિકા મોકલાવવાનું શરૂ કર્યું. મોમ્બાસા બંદરે વાહણો નાંગર્યાં. આમ મોટી સંખ્યામાં ભાઈબહેનો પૂર્વ આફ્રિકાના દેશોમાં જઈ વસ્યાં. તે અગાઉ વિસ્તારના ભાઈઓ મધ્ય આફ્રિકાના દેશોમાં જઈ વસ્યા હતા. તે અગાઉ વળી કેટલાક મધ્ય આફ્રિકાના ઉત્તર અને દક્ષિણ રોડેશિયા જઈ સ્થિર થયેલા. ઉત્તર રોડેશિયા (આજનું ઝાંબિયા)માં ૧૯૫૨ સુધી ત્યાંના વેપારીઓ પરમીટ મોકલી, પોતાના માણસોને સ્પોન્સર કરતા. તે વ્યક્તિ થોડું અંગ્રેજી ભાષા જાણતી હોવી જોઈએ.

જો તે પરીક્ષામાં પાસ થાય તો તેને તત્કાલીન ઉત્તર રોડેશિયામાં રહેવા માટે હક મળતો.

પૂર્વ આફ્રિકામાં કરાડીના મકનભાઈ બુધિયાભાઈ પટેલનાં અથાગ મહેનતથી સમાજને સંગઠિત કરાયો અને માંધાતા સમાજની સ્થાપના કરવામાં આવી. સૌ પ્રથમ મોબાસામાં આવેલી પોતાની જમીન સમાજને દાનમાં આપી, ફંડફાળો એકત્ર કરી સમાજનું મકાન બાંધ્યું. જે મકાન ભારત જતાં-આવતાં સ્ટીમરનાં ઉતારુઓને ખૂબ ઉપયોગી સાબિત થયું. કેન્યાને ૧૯૬૩માં આઝાદી આપવામાં આવશે, એ સમાચારથી લોકોમાં અફવા-અટકળો થવા લાગી, આફ્રિકનો આપણને ત્રાસ આપી હાંકી કાઢશે, એવા ભયથી ૧૯૬૦ના દાયકામાં યુનાઈટેડ કિંગ્ડમ આવવાનો પ્રવાહ વધ્યો. મોટા ભાગનાં ભાઈબહેનો કેન્યાથી યુનાઈટેડ કિમગ્ડમ ઈમીગ્રાન્ટ થયાં, ત્યારબાદ ત્યાંના માંધાતાની મિલકતમાંથી ઉપજેલી રકમ તેઓ યુનાઈટેડ કિંગ્ડમ લઈ ગયા હતા, અને ત્યાં અસ્તિત્વમાં આવેલા માંધાતા સમાજ યુ.કે.ને સુપ્રત કરેલી, એવી માહિતી ઉપલબ્ધ છે.

બ્રાઝિલ તથા વેસ્ટ ઈન્ડિઝના ટાપુઓ : કાંઠા પ્રદેશના ઘણા ભાઈઓ બ્રાઝિલ તથા વેસ્ટ ઈન્ડિઝ ગયા. ત્યાંના ટાપુઓમાં ટ્રીનીડાડ, બાર્બાડોઝ, જમૈકા વગેરે ટાપુઓ પર વેપાર ધંધા માટે ૧૯૩૦ પછીથી લંડન ગયા. પરંતુ ત્યાં ખૂબ મહેનત કરવા છતાં સફળતાની કોઈ તક ન દેખાતાં તેમાના ઘણાં લંડન થઈ ભારત પરત પહોંચ્યા અને ભારતથી કેન્યા ગયા. તેમાં કરાડીના નાનુભાઈ છીબા, સામાપોરના રણછોડભાઈ રામા વગેરે હતા. તો વળી જેમનાથી પૈસાનો બંદોબસ્ત ન થઈ શક્યો તેઓએ ન છૂટકે બ્રાઝિલ વગેરે સ્થળે રહેવું પડ્યું. તેમાં કરાડી પટેલ ફળિયાના રણછોડભાઈ મંગા, ધલ્લા ફળિયાના કેશાભાઈ, આવડા ફળિયાના હીરાભાઈ બુધીએ એમના પિતાની યુનાઈટેડ કિંગ્ડમ આવી, વર્ષો બાદ ભાળ કાઢી પુનઃમેળાપ કર્યો. જ્યારે ભારતમાં વસતાં પોતાના આપ્તજન સાથે સતત સંપર્કમાં રહેનારાઓમાં મટવાડના ભાણાભાઈ હીરા વગેરે પણ હતા જ.

ઈંગ્લૅન્ડ સહિત યુનાઈટેડ કિંગ્ડમ : પહેલ વહેલા ઈંગ્લૅન્ડ જનારાઓમાં સુરતના મહિપતરામ રૂપરામ નીલકંઠ આગળ પડતા રહ્યા છે. ગુજરાતમાં ૧૮૧૮ બ્રિટિશ રાજની સ્થાપના બાદ મહિપતરામ સુરતમાં શિક્ષણ ખાતામાં હતા. ગુજરાતના શિક્ષણકાર ઈંગ્લૅન્ડ જઈને તાલીમ અનુભવ લઈ આવે તો સમાજને લાભ થાય એ ખ્યાલે શિક્ષણ ખાતાએ મહિપતરામને ૧૮૬૦માં ઈંગ્લૅન્ડ મોકલાવેલા. નાગરી નાતે મહિપતરામને પરદેશ જઈ વટલાઈ ગયા હોય એ વ્હેમે નાત બહાર કરેલા. જ્ઞાતિએ પસ્તાળ પાડી.

કાંઠા પ્રદેશમાંથી સૌ પ્રથમ યુનાઈટેડ કિંગ્ડમ જનારામાં કરાડીના મકનજી પરસોત્તમભાઈ લખોટીનું તથા બોદાલીના દયાળભાઈ ડાહ્યાભાઈનું નામ આવે છે. મકનજીભાઈ રાષ્ટ્રવાદી ક્રાન્તિકારી માનસ ધરાવતા વીર પુરુષ હતા. બારડોલીના કરની લડત વેળા સરદાર વલ્લભભાઈ અને ખંડુભાઈ દેસાઈની દોરવણીથી ખેડૂતો પાસેથી પોલીસે બળજબરીથી જપ્ત કરેલાં કપાસનાં કાલાંના ઢગ બાળવાનું બીડું ઝડપનારામાં કરાડીના આપણા આ મકનજીભાઈ લખોટી તથા રણછોડભાઈ લાલા અને મટવાડના મંગાભાઈ સુખા હતા. તેઓ રાત્રે પહેરા ભરતા પોલીસોની નજર ચુકવી લપાતા-છૂપાતા છાતીએ સરકતા આંકડા સરીખા કાંટાવાળી તારની વાડ ઓળંગી તેઓ કપાસના કાલાંના ઢગ સુધી પહોંચ્યા. અને સાથે રાખેલું ફોસ્ફરસ વેરતા-છાંટતા તેઓ સહીસલામત રીતે કંપાઉન્ડની બહાર નીકળી આવ્યા. બીજે દિવસે સવારે સૂર્ય પ્રકાશના તાપથી ફોસ્ફરસ પૂર જોશમાં સળગી ઊઠતાંની સાથે કપાસનાં કાલાંના ઢગ બળીને ખાક થઈ ગયા. આ ઘટનાથી સરકાર સાબદી થઈ ગઈ. પરંતુ કોઈને જરા સરખો પણ ખ્યાલ ન આવ્યો કે કપાસ બાળનાર કોણ હતા ને કપાસ કેમ બળ્યો? આ હતી મકનજીભાઈ અને સાથીઓની ઝિન્દાદિલ રાષ્ટ્ર પ્રેમભક્તિ! દારૂના પીઠાંઓ પર પીકેટીંગ કરવું, વગેરે ક્રાંતિકારી પ્રવૃત્તિથી સરકાર મકનજીભાઈને શોધતી ફરતી. પરિસ્થિતિનો તાગ મકનજીભાઈના ન્યુઝીલૅન્ડ સ્થિત મિત્ર ડાહ્યાભાઈ પ્રેમાને આવી ગયો, આ અરસામાં એઓએ "પ્રતાપ" અખબારમાં એક જાહેરાત જોઈ. આ જાહેરખબરમાં લંડન સ્થિત વેપારી મરુભાઈ પટેલને એમની દુકાનમાં એક મહેનતકસ માણસની જરૂર હતી. આથી ડાહ્યાભાઈએ મકનજીભાઈનો પાસપોર્ટ તૈયાર કરાવી એમને સ્ટીમર દ્વારા ૧૯૩૪ની સાલમાં લંડન ચડાવ્યા. અને વેપારી પટેલ સાહેબને લખ્યું કે એક પાર્સલ મોકલાવું છું. ખપ લાગે તો રાખશો, નહિતર વગે કરી દેશો. (આ વાત મને વયોવૃધ્ધ વડીલ ડાહ્યાકાકા ઈંગ્લૅન્ડની મુલાકાતે આવેલા, તે વેળા અમારા મહેમાન બનેલા, ત્યારે એમણે મને રૂબરૂમાં કહી હતી.) મકનજીભાઈ જીવ્યા ત્યાં સુધી પટેલ સાહેબ અને પરિવારને વફાદાર રહેલા, પાછલાં વર્ષો એમણે લેસ્ટર અને કોવેન્ટ્રીમાં વીતાવેલાં. પરંતુ કોઈ કારણસર માતૃભૂમિને જોવાની જિજીવિષા બતાવી નહોતી.

દયાળભાઈ ડાહ્યાભાઈ પટેલ ૧૯૩૫માં યુનાઈટેડ કિંગ્ડમ આવ્યા અને મટવાડના વલ્લભભાઈ ઉકાભાઈ, મછાડના વલ્લભભાઈ ભગલ, બોદાલીના લાલભાઈ જેરામ તથા મોખલેના એક ભાઈ વગેરે મુખ્યત્વે કોવેન્ટ્રી અને લંડન એમ બે શહેરોમાં જ રહ્યા. આ ભાઈઓને અઠવાડિયાનો એક પૌન્ડ – સાત દિવસના પગાર પેટે મળતો. આ જ અરસામાં બ્રાઝિલ જનારા ભાઈઓ પણ ઈંગ્લૅન્ડ થઈ ત્યાં વેસ્ટ ઈન્ડિઝ બાજુ જવા લાગેલા. બીજા વિશ્વયુદ્ધના સમયે બોદાલીના વલ્લભભાઈ ફકીરભાઈ (વિલાસ) ન્યુઝીલૅન્ડ થી યુનાઈટેડ કિંગ્ડમ આવ્યા. તે શિક્ષિત અને વેપારી કૂનેહવાળા હોઈ, વિશ્વ યુદ્ધ પતતાં એમણે મોટા જથ્થામાં યુનાઈટેડ કિંગ્ડમથી બાઈસીકલ નિકાસ કરી. વિશ્વયુદ્ધ ચાલુ હતું તે દરમ્યાન, ૧૯૪૨માં કોથમડીના પરભુભાઈ પરસોતમભાઈ પટેલ ઈંગ્લૅન્ડ અભ્યાસ અર્થે જનાર વિદ્યાર્થી હતા. તે યુનાઈટેડ કિંગ્ડમમાં એડવોકેટનો ઉચ્ચતર અભ્યાસ પૂરો કરી, દેશમાં આવી વિવિધ સ્થળોએ મેજીસ્ટ્રેટ-જજના ઉચ્ચ હોદ્દા પર રહી સેવા આપી સમાજને ગૌરવ અપાવ્યું હતું. એમના એક ભાઈ એન્જિનયર, બીજા ભાઈ ડૉક્ટર થયેલા. આમ ત્રણે શિક્ષિત હતા. વિશ્વ યુદ્ધ બંધ થતાં લગભગ દશબાર ભાઈઓ માંડ માંડ દેશ જઈ શકાય તેટલી બચત લઈ ભારત આવ્યા, માત્ર વલ્લભભાઈ ઉકા અને મકનભાઈ ભારત ન ગયા. યુદ્ધ સમયે જેઓ યુનાઈટેડ કિંગ્ડમમાં હતા અને અહીંની હાડમારી ભોગવી ચૂક્યા હતા, તેઓ ફરીથી યુનાઈટેડ કિંગ્ડમ આવવાનું નામ પણ લેવા નહોતા માંગતા, એવી કઠણાઈ તેમણે યુદ્ધ સમયે સહી હતી અને જાતિભેદના અન્યાયના કટુ ઘુંટડા ય પીધા હતા.

પર્લ હાર્બર ઉપર જાપાને આત્મઘાતી વિમાની હુમલો કર્યો તેમાં અમેરિકાના મહાકાયી જહાજોનો ખત્મો થઈ ગયો હતો. એ ઘટનાનું વેર વાળવા અમેરિકાએ જાપાનના હીરોસીમા અને નાગાસાકી શહેર ઉપર ભયંકર આણુ બોમ્બ ઝીંક્યા. આથી વિશ્વએ કદી ન કલ્પેલ, કદી ન અનુભવેલ એવી કરુણ હોનારત સર્જાઈ. આ ભયંકર વિનાશથી દુનિયા સ્તબ્ધ થઈ ગઈ. જાપાને શરણાગતિ સ્વીકારી અને ૧૯૪૫માં બીજા વિશ્વયુદ્ધનો અંત આવ્યો. બીજા વિશ્વયુદ્ધમાં યુરોપમાં ભયંકર માનવ સંહાર થયો. કલ્પના બહારની હોનારત સર્જાઈ. તેમાં પુરુષોનો ધ્વંશ ગંજાવર સંખ્યામાં થયો. આથી બ્રિટનને માનવશક્તિની (મેનપાવરની) તાતી જરૂર ઊભી થઈ. આ મેનપાવરની ભરતી બ્રિટનને રાષ્ટ્રકુળના (કોમનવેલ્થના) દેશોમાંથી આસાનીથી મળતી હતી. (વિશ્વ યુદ્ધ પૂરું થયે, ૧૯૪૬માં, બ્રિટનમાં સાર્વત્રિક ચૂંટણી યોજાઈ. તેમાં યુદ્ધ સમયે સર્વ રાજકીય પક્ષોના સંમિલન થકી નિયુક્ત થયેલા વડા પ્રધાન વિન્સ્ટન ચર્ચીલના વડપણવાળા કન્સરવેટિવ પક્ષની હાર થઈ અને લેબર પક્ષની જીત થઈ. આથી ક્લેઈમન્ટ એટલી વડા પ્રધાન બન્યા અને લેબર પક્ષની પ્રગતિશીલ નીતિના વલણને કારણે ભારતને ૧૯૪૭માં આઝાદી મળી.)

યુદ્ધના ઓળા ઓસરી જતા મટવાડના નરસિંહભાઈ હીરાભાઈ તલાટીએ ૧૯૪૯માં યુનાઈટેડ કિંગ્ડમ આવવાનું સાહસ કર્યું અને કોવેન્ટ્રી શહેરમાં વલ્લભભાઈ ઉકા સાથે આવી સ્થાયી થયા. ત્યારબાદ, બે વર્ષ પછી, ૧૯૫૧માં, આટ ગામના ભાણાભાઈ લખુભાઈ બુધીઆ અને એમના મિત્ર ભાણાભાઈ લખુભાઈ સુખા ઈંગ્લૅન્ડ આવ્યા અને કોવેન્ટ્રીમાં ડેઈમલર કંપનીમાં કામે લાગી સ્થિર થયા. ત્યાર બાદ ૧૯૫૨ની સાલમાં, કોથમડીના ગાંડાભાઈ પરભુ, કેશાભાઈ માસ્તર અને લલ્લુભાઈ નરસિંહભાઈ અને દયાળભાઈ લાલ તથા આટ ગામના દયાળભાઈ નાના તેમ જ છીણમ - કલોળી (મરોલી

વિભાગ)ના ગોપાળભાઈ રવજી તથા છગનભાઈ ભગાભાઈ આવી કોવેન્ટ્રીમાં સ્થાયી થયા. (૧૯૫૫ સુધી બ્રિટનમાં નેશનલ આર્મી ફરજિયાત હતી. ૧૮થી ૨૬ વર્ષની વયના કોઈ પણ યુવક-યુવતીએ નેશનલ આર્મીમાં બે વર્ષ માટે ફરજિયાત સેવા આપવી પડતી. જો નેશનલ આર્મીમાં ન જોડાવું હોય તો બે વર્ષમાં બ્રિટન છોડવું પડે. સૌ પ્રથમ, નેશનલ આર્મીમાં જોડાનાર, છગનભાઈ છે. આ ઉપરાંત લેસ્ટર શહેરમાં રહેવા જનાર તે જ પ્રથમ છે.) આ સાતમાંથી આટ ગામના દયાળભાઈ નાના જ ભારત પરત ફર્યા હતા.

ત્યારબાદ, ૧૯૫૪ ને ૧૯૫૫ના વર્ષમાં, કાંઠા વિભાગ તથા વેળાવળ ને મરોલી વિભાગમાંથી લગભગ ૮૦ની આજુબાજુની સંખ્યામાં વસવાટીઓ આવ્યા. પરંતુ કમનસીબે ૧૯૫૪માં, ભારત સરકારે પાસપોર્ટ આપવા બંધ કર્યા. લંડન એરપોર્ટ એ તે વખતે ફ્રી પોર્ટ હતું. મતલબ કે વિના રોકટોકે બ્રિટનમાં પ્રવેશી શકાતું. બ્રિટનમાં પ્રવેશવા માટે પરમીટની જરૂર ન હતી કે કોઈ પાબંધી નહોતી. જો ભારત સરકારે છૂટથી પાસપોર્ટ આપ્યા હોત તો મોટી સંખ્યામાં કાંઠા પ્રદેશના લોકો ઈંગ્લેન્ડ જઈ શક્યા હોત. એથી આ સમાજ આર્થિક રીતે તો બે છેડા ભેગા કરી શક્યો જ હોત. પણ તેથી વિશેષ બીજી પેઢીએ ઈંગ્લેન્ડમાં શૈક્ષણિકક્ષેત્રે જે સિદ્ધિ-સફળતા મેળવ્યાં છે તેને કારણે આ સમાજ આજે ગૌરવવંતો અને ઊજળો બન્યો છે. આજે યુનાઈટેડ કિંગ્ડમમાં આ વિસ્તારથી આવેલું કોઈ પણ ઘર એવું ન હશે કે જે ઘરમાં ગ્રેજ્યુએટ ન હોય !

આ એક કરુણતા છે કે ઈંગ્લેન્ડ જનારા આ વિભાગના ભાઈઓને પાસપોર્ટ આપવાનું બંધ થયું, તેની સામે તત્કાલિન સ્થાનિક ધારાસભ્યે તે વેળા અવાજ ઊઠાવવાને બદલે મૌન સેવ્યું. જે આપણા માટે હિતાવહ ન હતું. આથી મેં મારી વાત તે વેળાના મુંબઈ ઈલાકાના ગૃહ પ્રધાન અને નાયબ મુખ્ય પ્રધાન મોરારજીભાઈ દેસાઈ સમક્ષ રજૂ કરી હતી. 'ભારત વિદ્યાલય', કરાડી તથા નારગોલની તાતા વાડિયા હાઈસ્કૂલના ઉત્સવોમાં પ્રદર્શિત થયેલ મારી શિલ્પ કૃતિઓ નિહાળી મોરારજીભાઈ ખૂબ રાજી થયેલા, બલકે પ્રભાવિત થયેલા. આથી એ મને શિલ્પકારના નાતે નામથી જાણતા હતા. આ કારણે એમણે મને પાસપોર્ટ અપાવવામાં હિમાયત કરેલી. આ રીતે મને વિના એજંન્ટે ૧૯૫૪ની સાલમાં પોસ્ટથી પાસપોર્ટ મળ્યો હતો. આ ઘટના મારા જીવનમાં અવિસ્મરણીય છે. ત્યારપછી, પાછળથી, એજન્ટો દ્વારા કાંઠા પ્રદેશના ભાઈઓ યુનાઈટેડ કિંગ્ડમ આવ્યા. તેઓ મોટી રકમ ખર્ચી, અનેક દેશો ફરી ફરીને, અનેક પ્રકારની હાડમારી સહન કરીને છેવટે યુનાઈટેડ કિંગ્ડમ આવ્યા હતા. જો તે વખતે સીધી લીટીએ પાસપોર્ટ આપી દીધા હોત, તો આ ઉપેક્ષિત પરિસ્થિતિમાંથી આ વિસ્તારના લોકોને પસાર ન થવું પડત ! પણ ચૂંટાયેલા પ્રતિનિધિઓમાં પ્રજાના અવાજને વાચા આપવાની નૈતિક હિમ્મત ક્યાં હતી ?!

વિશ્વ યુદ્ધ પહેલાં અને પછી, ભારતથી જે ભાઈઓ વિલાયત આવ્યા તે બધા પ્રથમ કોવેન્ટ્રીમાં જ ઊતર્યા, જેથી કોવેન્ટ્રી આ સમાજ સારુ અગ્રગામી સ્થળ (પાયોનિયર સીટી) તરીકે આપણા હૃદયમાં સ્થાન પામ્યું છે. આ કોવેન્ટ્રી વિશે થોડી માહિતી જાણવી રસપ્રદ નીવડશે.

કોવેન્ટ્રી : દશમી સદીમાં, કોવેન્ટ્રી યુરોપનું 'રેશમ શહેર' તરીકે ઉભરી આવ્યું હતું. એની સમૃધ્ધિ પણ વિકસી હતી, આથી ત્યાંનો ઉમરાવ કર વધારતો ગયો. વેપાર ધીમો પડતાં સામાન્ય લોકોને કર બોજારૂપ બન્યો. લોક ત્રાહિમામ્ પોકારવા લાગ્યા. વાત ઉમરાવ લિયોફ્રીકની પત્ની ગોડાઈવાને કાને પહોંચી. પ્રિન્સેસ ગોડાઈવાએ ઉમરાવ સમક્ષ પ્રજાની કર ઘટાડવાની ફરિયાદને વિનંતિરૂપે રજૂ કરી. તેનો પ્રતિભાવ ઉમરાવે ગોડાઈવાને એ આપ્યો કે તને રાજની પ્રજા પ્રત્યે આટલી બધી સહાનુભૂતિ છે, તો પ્રજાનો પણ તારા પ્રત્યે કેટલો પ્રેમ આદર છે, તે મારે જાણવું છે. તે માટે મારી શરત એ છે કે તારે અમુક દિવસે, દિવસ દરમ્યાન ઘોડા ઉપર નગ્ન અવસ્થામાં સવારી કરી, આખા કોવેન્ટ્રી શહેરના દરેક રસ્તા પર થઈ પસાર થવું. જો તું વસ્ત્ર વિના આખા શહેરમાં ફરીશ, તો પ્રજા ઉપરનો કર હું માફ કરીશ. ગોડાઈવાએ શરત મંજૂર રાખી. આ વાતની પ્રજાને જાણ થતાં પ્રજાના આગેવાનોએ લોકોને ભલામણ કરી કે ગોડાઈવા જ્યારે પોતાની લાજને આડે મૂકી આપણે ખાતર નગ્ન અવસ્થામાં ફરવા તૈયાર થઈ, ત્યારે આપણું પણ કર્તવ્ય બને છે કે જ્યારે પ્રિન્સેસ ઘોડા ઉપર આપણા ઘરના માર્ગેથી પસાર થાય, ત્યારે આપણે આપણાં ઘરનાં બારી બારણાં બંધ કરી દેવાં. કેમ કે એ આપણા ખાતર આટલી મોટી આહુતિ આપતી હોય, ત્યારે આપણે પણ તેના પ્રત્યે આદર રાખી તેને જોવાનું ટાળવું જોઈએ. આ રીતે મુક્કર દિવસે ગોડાઈવા જ્યારે નગ્ન અવસ્થામાં ઘોડા ઉપર બેસી શહેરમાં ફરવા નીકળી, ત્યારે આખા શહેરે બારી બારણાં વાસી દીધાં. કોઈએ બહાર જોયું સુધ્ધાં નહિ. પરંતુ આખા શહેરમાં એક માત્ર, એક આંખે કાણા ડોસાએ પોતાના ઘરની બારી ખોલી બહાર ડોકિયું કાઢી, ઘોડા ઉપર નગ્ન અવસ્થામાં બેસી પસાર થતી ગોડાઈવાને નિહાળી. આ ઘટનાને સ્મરણાંકિત કરતું એક ભવ્ય શિલ્પ આજે પણ શહેરની મધ્યમાં રાખવામાં આવ્યું છે. તદુપરાંત શહેરની મધ્યેથી એક જાહેર માર્ગ પસાર થાય છે, તેના ઉપર કમાન (આર્ચ) આકારનું બિલ્ડીંગ છે, તેની કમાન ઉપર એક ઝરૂખો પડે છે. દર કલાકે ઝરૂખાનો એક દ્વાર ખૂલે છે, તેમાંથી ઘોડા ઉપર નગ્ન અવસ્થામાં બેઠેલી લેડી ગોડાઈવાનું શિલ્પ બહાર નીકળે છે અને અર્ધવર્તુળ આકારના માર્ગ પરથી પસાર થાય છે, તે સમયે પેલો એક આંખે કાણો, 'પીપીંગ ટોમ' બારી ખોલી લેડી ગોડાઈવાને જુવે છે. દર કલાકે આ પ્રક્રિયા 'રીપીટ' થાય છે. તે જોવા માટે પર્યટકોનું અહીં આકર્ષણ કેન્દ્ર બને છે.

લેડી ગોડાઈવાનું કોવેન્ટ્રીમાં આવ્યું સુખ્યાત શિલ્પ

બસો-અઢીસો વર્ષ પહેલાં બ્રિટનના ઔદ્યોગિક ક્રાન્તિ આવી. કોવેન્ટ્રી તેનું કેન્દ્ર બન્યું. આમ ભૌગોલિક રીતે પણ કોવેન્ટ્રી લગભગ કેન્દ્ર સ્થાને છે. વિશ્વની પ્રથમ બાઈસીકલ કંપની રેલેએ કોવેન્ટ્રીમાં એક ફેક્ટરી સ્થાપી. વિશ્વની મોંઘી કાર કંપનીઓમાં જગુઆર, ડેઈમલર જેવી કાર કંપનીઓ કોવેન્ટ્રીમાં આવી છે. આલફ્રેઈડ હર્બર્ટ જેવી યંત્રો બનાવતી કંપની કોવેન્ટ્રીમાં હતી. વિશ્વમાં ઈલેક્ટ્રીક સાધનો બનાવતી G.E.C. કંપની તથા વિશ્વમાં પ્રથમ Man made Fabric (Nylon, Rayon) બનાવનાર વિશ્વની સૌથી મોટી કંપની 'Cooltaurds' કોવેન્ટ્રીમાં આવેલી છે. ઉપરાંત ફાઈટર વિમાનો તથા રાઈફલ જેવાં લડાઈનાં સાધનો - હથિયારો પણ કોવેન્ટ્રીમાં જ બનતાં. બ્રિટનની જીવાદોરી તૂટે તો બ્રિટન પડે. આવી ગણત્રીથી હિટલરે કોવેન્ટ્રીને નિશાન બનાવ્યું. કોવેન્ટ્રીને તોડવા હિટલરે ઉપરા ઉપરી બોમ્બ કોવેન્ટ્રી ઉપર ઝીક્યા. ૧૯૪૨ની એક સાંજે કોવેન્ટ્રીના એમ્પાયર પીક્ચર હાઉસમાં ક્લાર્ક ગેબલ અને વિવિયન લ્હેની ફિલ્મ 'ગોન વીથ ધી વીન્ડ' ચાલતી હતી, તેવામાં જર્મન બોમ્બ મારો શરૂ થયો. એક બોમ્બ પીક્ચર હાઉસ ઉપર પડ્યો અને ક્ષણભરમાં બધું ધરાશયી. મોટા ભાગનાં દર્શકો મોતને ભેટ્યાં. કોવેન્ટ્રીનું પ્રતીક, ત્રણ કેથલડ્રલના ત્રણ મિનારા છે. આ ત્રણ કેથેડ્રલમાંના એક કેથલડ્રલ ઉપર બોમ્બ પડતાં બધુ ભસ્મિભૂત ! જે ખંડિયેર બચ્યું તે આજે પણ 'જૈસે થે, વૈસે', સચવાયું છે, તેને અડીને બાજુમાં પથ્થરનું નવું આધુનિક સ્થાપત્યનું કેથેડ્રલ બાંધવામાં આવ્યું છે. તેમાં વિશ્વના અનેક દેશોએ યોગદાન આપ્યું છે. આ બાંધકામ ચાલુ હતું તે વર્ષોમાં હું દરરોજ ત્યાંથી પસાર થતો, ત્યારે કોવેન્ટ્રી

શહેરના મધ્ય ભાગમાં થોડાં જ મકાનો બચેલાં. બાકીનું બધું ખંડિયેર ! આ દૃશ્ય જોઈને યુદ્ધથી સર્જાતી ભયંકર તારાજીનો ખ્યાલ આવતો હતો.

કોવેન્ટ્રીની અદ્વિતીય સિધ્ધિ : વિશ્વ યુદ્ધ બંધ પડ્યાને પાંચ વર્ષ બાદ, ૧૯૫૦માં કોવેન્ટ્રીના જ એક ત્રીસ વર્ષના એરોનોટીકલ એન્જિનિયરે જેટ એન્જિનની શોધ કરી. આ શોધથી વિશ્વની ગતિ બદલાઈ ગઈ ! વિશ્વની આ એક મોટી શોધ હતી. વિશ્વમાં અકલ્પ્ય ફેરફાર થઈ ગયા. આવી તો અનેક સિધ્ધિઓ કોવેન્ટ્રીએ મેળવી છે.

બર્મીંગહમ કે મીડલેન્ડસમાં કે ઉત્તર ઈંગ્લેન્ડમાં હજુ સુધી કાંઠ પ્રદેશમાંથી આવેલા વસવાટીઓની વસાહત સ્થપાયી નહોતી. પરંતુ વુલ્વરહેમ્પ્ટનમાં 'ગુડ ઈયર' ફેક્ટરીમાં પંજાબી ભાઈઓ કામ કરતા. તેઓની કમાણી કોવેન્ટ્રી કરતા સારી હતી. આથી કેશવભાઈ માસ્તર ઓળખીતા એક શીખ ભાઈ સાથે વુલ્વરહેમ્પ્ટન ગયા અને ગુડ ઈયર રબર ફેક્ટરીમાં કામે લાગ્યા. થોડા સમયમાં ગાંડાભાઈ તથા દયાળભાઈ પણ તેમને અનુસર્યા. આમ વુલ્વરહેમ્પ્ટન બાજુ આ વસ્તી સ્થળાંતર કરવા લાગી. તે જ રીતે ભાણાભાઈ લખુ સુખા પણ વેસ્ટ બ્રોમવીચ આવ્યા અને ફીનિક્સમાં કામે લાગ્યા. કોવેન્ટ્રીથી મારા બનેવી લાલભાઈ એમની સાથે ગયા, તેથી મારું ઊતરવાનું પણ એમની સાથે જ બન્યું.

તે સમયે હિન્દીઓ લંડન શહેરમાં રહેતા, ખાસ કરીને બેલસાઈઝ પાર્ક વિસ્તારમાં. બનારસી નામના એક હિન્દી ભાઈ પાસે પોતાના બે ત્રણ મોટાં મકાનો હતાં. તેમાં આગંતૂક હિન્દીને આશ્રય મળતો. સાઉથોલમાં શીખ-પંજાબી ભાઈઓની મુખ્ય વસતી હતી. વેમ્બલી કે હેરો જેવાં પરગણાંમાં કોઈ હજુ રહેતું ન હતું. છેક ૬૦ના દાયકામાં સેન્ટ્રલ લંડનમાંથી નીકળી, બોરી ફળિયાના નારણભાઈ પટેલ વેમ્બલી અને બોદાલીના પ્રભુભાઈ સુ. પટેલ એજવેરમાં રહેવા ગયા. ઉત્તર ઈંગ્લેંડમાં કોઈ હતું નહિ, પહેલ વહેલા અમે ત્રણ મિત્રો પ્રેસ્ટન નામક ગામમાં રહેવા ગયા, ત્યારે અમને જોઈને નાના છોકરાઓને નવાં માનવી જોયાનું આશ્ચર્ય થતું ! ૧૯૫૨-૫૩ના ગાળામાં આટના મોહનભાઈ ભાણાભાઈ પટેલ દક્ષિણ આફ્રિકાથી વધુ અભ્યાસ અર્થે કુટુંબ સાથે લંડન આવેલા. એમની સાથે આફ્રિકાના એમના સંબંધી વિદ્યાર્થીઓ રહેતા હતા. એમણે સૌ પ્રથમ લંડનમાં ૧૯૫૬ની સાલમાં પોતાનું મકાન ખરીદ્યું. મોહનભાઈ સ્વાતંત્રસેનાની છે. એમણે ૧૯૪૨માં જેલવાસ વેઠ્યો છે. જેલમાંથી નીકળી સુરત એમ.ટી.બી. કોલેજમાં બીએસ.સી. થઈ દક્ષિણ આફ્રિકા ગયા, અને થોડા સમય શિક્ષકની નોકરી કરી. ત્યારબાદ વધુ અભ્યાસ અર્થે બ્રિટન આવ્યા. બ્રિટનમાં ફાર્મસીસ્ટનો ઉચ્ચત્તર અભ્યાસ પૂરો કરી તેમણે કેટલાં ય વર્ષ પશ્ચિમ આફ્રિકાના દેશોમાં સરકારના ઊંચ અધિકારીના સ્થાને સેવા આપી હતી.

૫૦ના દાયકામાં આખા ઈંગ્લેન્ડમાં નહિવત ગુજરાતીઓ પાસે પોતાના મકાનો હતાં. મોટે ભાગે યુદ્ધ પહેલાં શીખો તેમ જ પાકિસ્તાનીઓ પાસે પોતાનાં મકાનો હતાં. એટલે આ નવા વસવાટીઓને તેઓના આશ્રયે રહેવું પડતું. માણસ કામે ન લાગે ત્યાં સુધી લેન્ડ-લોર્ડ ભાડું ન લે. પહેલો પગાર લાવે ત્યારથી ભાડું ચાલુ થાય. ત્રણ-ચારની ટુકડીમાં માણસો જમવાનું પકવતા. મોટા ભાગના ઘરોમાં ડાઈનીંગ-રૂમ (ભોજન કક્ષ), બેડરૂમ (શયન ખંડ) તરીકે વપરાતા હોવાથી માણસો રસોડાંમાં જ જમી લેતા. આ સમય એવો હતો જ્યારે આગંતૂકને ફ્લોર વર્ક એટલે મહેનત મજૂરી સિવાયનું સારું કામ ગોરા લોકો આપતા નહિ. કોવેન્ટ્રીમાં એક પંજાબી ભાઈને લેથ મશીન પર કામ મળ્યું. તેનો વિરોધ કરવા ગોરાઓએ હડતાળ પાડી. એવું જ વેસ્ટ બ્રોમવીચમાં થયું. બસ કોરપોરેશને એક એમ.એ. સુધી ભણેલા યુવાનને બસ કંડક્ટરના કામે લીધા કે બીજા દિવસે ગોરાઓએ હડતાળ પાડી. હજુ પોસ્ટ ખાતામાં પણ નોકરી મળતી નહોતી. આવી પરિસ્થિતિમાં ઓફિસ જોબની વાત તો દૂર રહી. એ તો આકાશના તારા ચૂંટવા સમાન હતું. ઘણા શિક્ષિત ભાઈઓએ શરૂઆતમાં મહેનત મજૂરીનું જ કામ કરેલું. પાછળથી ગોરાઓને આ વસવાટીની શક્તિ ઉપર વિશ્વાસ બેસતાં, વખત બદલાતાં, વસાહતી ભાઈઓએ સારાં ઊંચાં સ્થાનો મેળવ્યાં. હજુ બહેનોનો આ દેશમાં વસવાટ ન હતો, તેથી બહેનોનો કામ કરવાનો પ્રશ્ન હજુ ઊભો થતો જ નહોતો.

૫૦ના દાયકામાં, ઉત્તરાર્ધમાં યુદ્ધમાં ખાક બનેલા બ્રિટનની તાસીર 'થર્ડ વર્લ્ડ' દેશોના 'મેન પાવર'થી બદલાવા લાગી. બ્રિટન રાખમાંથી રાષ્ટ્ર બનવા લાગ્યું. આ દાયકામાં બ્રહ્મદેશ - ફિજીમાંથી મૂળ કાંઠા વિસ્તારમાંના ભાઈઓ આવ્યા. સાઠના દાયકામાં કેન્યા, ટાનુઝાનિયા જેવા પૂર્વ આફ્રિકાના દેશોને આઝાદી મળી. આ દેશોની વિદેશીઓ પ્રત્યેની નીતિ માનવ હકને છીનવી લેતી હોવાથી આ સમાજના લોકો આ દેશો છોડી બ્રિટન આવી સ્થાયી થયા. અહીં આવી તેઓ પૂર્વ આફ્રિકાના દેશો કરતાં વધુ સુખ, સમૃધ્ધિને વર્યા. ૧૯૭૨માં યુગાન્ડાના સરમુખત્યાર ઈદી અમીને એશિયનો ઉપર જુલ્મ ગુજારી પહેરેલે કપડે ત્યાંથી હાંકી કાઢ્યાં. બ્રિટને સહાનુભૂતિથી માનવતાવાદી રીતિથી એશિયનોને સહારો આપ્યો. વેપાર ધંધાના અનુભવી એશિયનોએ ખોટ ખાતા ધંધામાં પ્રાણ પૂરી ઉદ્યોગ ધમધમતાં ને ધીકતા કર્યા. બ્રિટનની સમૃધ્ધિમાં ઓર વધારો કર્યો. આજે બ્રિટનની મહાનગરોની કાઉન્સીલોમાં આ વસવાટી સમાજમાત્રના કાઉન્સીલરો, મેયરો બિરાજે છે. વેસ્ટ મિનસ્ટર પાર્લામિન્ટમાં આપણા એમ.પી.ઓએ, અત્યાર પૂર્વે, ૧૮૯૨માં દાદાભાઈ નવરોજીએ ચાતરેલા ચીલાને જીવંત રાખ્યો છે.

બીજા વિશ્વ યુદ્ધ વખતે વી.કે. કૃષ્ણ મેનન લંડનમાં હતા, અને કેમડન બરૉના સેન્ટ પેન્ક્રાસ મત વિસ્તારના કાઉન્સિલર હતા. તેઓ લંડનમાં 'ઈન્ડિયા લીગ' ચલાવતા હતા. તે જ રીતે કોવેન્ટ્રીમાં અનંતરાય વગેરે 'ઇન્ડિયન એસોસિયેશન' ચલાવતા. આથી અમે પણ રમેશ પટેલ 'પ્રેમોર્મિ'ના વડપણ હેઠળ બ્રોમવીચમાં 'ગુજરાતી એસોસિયેશન'ની સ્થાપના કરી હતી. આ ગુજરાતીઓનું સર્વ પ્રથમ મંડળ બન્યું. આ મંડળ થકી ધાર્મિક, રાષ્ટ્રીય તહેવારો ઉજવાતા થયા. પરંતુ સમયાંતર સંજોગો બદલાતા, વસતી વધતાં વેસ્ટ મીડલેન્ડઝમાં વસતા આપણા આગેવાનોને લાગ્યું કે આ વેસ્ટ મીડલેન્ડઝનું એક સંયુક્ત મંડળ હોવું જોઈએ. આ વિચારને સાકાર કરવા ૧૯૬૪માં વુલ્વરહેમ્પ્ટનમાં એક જાહેર સભા મળી. તેમાં વેસ્ટ બ્રોમવીચ, વુલ્વરહેમ્પ્ટન, ડડલી, ટીપટન, વોલસોલ પરગણાંમાં રહેતા મૂળગત કાંઠા પ્રદેશમાંથી આવેલા ભાઈઓનું સંગઠન અસ્તિત્વમાં આવ્યું. તેના પ્રમુખ દાંડીના લાલભાઈ વલ્લભભાઈ પટેલની વરણી થઈ. પરંતુ તે વર્ષોમાં લોકો પાસે પોતાના વાહન-ટ્રાન્સપોર્ટ નહિવત. તે અને બીજી અગવડતાને લક્ષમાં લઈ ૧. વેસ્ટ બ્રોમવીચ-ટીપટન, ૨. ડડલી, ૩. વુલ્વરહેમ્પ્ટન ૪. વોલસોલ. આમ આ ચાર વિભાગમાં પોતાના અલગ અલગ સ્વાયત મંડળો રચાયાં, જે અભિગમ વધુ વ્યવહારુ અને વાસ્તવિક હતો.

સમયાંતરે વેસ્ટ બ્રોમવીચમાં રચાયેલ પ્રથમ મંડળને સ્થાને આ મંડળ વધુ સક્રિય બન્યું. અને આપણા સમાજનું તથા ગુજરાતીઓનું બ્રિટનનું પ્રથમ મંદિર તથા હોલનું નિર્માણ કરી શકાયું. પાછળથી આજ મંડળનું નામકરણ 'માંધાતા હિત વર્ધક મંડળ' થયું. અને એના દ્વારા શ્રીકૃષ્ણ મંદિરનું નિર્માણ થયું. જે મંદિરને અયોધ્યામાં બાબરી મસ્જિદના ધ્વંશ વખતે તે જ રાત્રે બાળવામાં આવ્યું. આજે આ મંદિર નવાં કલાત્મક ક્લેવરમાં સાકાર થયું છે. વુલવરહેમ્પ્ટનમાં ગુજરાતી એસોશિયેશન દ્વારા નવું આધુનિક કોમ્યુનિટી સેન્ટરનું નિર્માણ થયું. તેમાં સામાપોરના સ્વ. રતિલાલ બી. પટેલ (રતિલાલ માસ્તર)નો સિંહફાળો છે. તે જ રીતે વોલસોલમાં શ્રીરામ મંદિર સાથે કોમ્યુનિટી હોલનું નિર્માણ થયું, તેમાં ડાહ્યાભાઈ ઝીણાભાઈ (મૂળ મંદિર ગામ) તથા વલ્લભભાઈ બુધીભાઈ (આ. ફળિયા) અગ્રસ્થાને છે. આ બન્ને મહાનુભાવો ઉદ્યોગપતિઓ છે, અને દરિયાવદિલ દાતાઓ છે. તેમાં ડાહ્યાભાઈ ઝીણાભાઈ પોતે શિક્ષિત હોઈ, એમણે સમાજના ભાઈ-બહેનોનાં અંગત જીવનમાં સહૃદયતાથી માર્ગદર્શન પૂરું પાડ્યું છે. તેમણે ૧૯૬૪માં વુલ્વરહેમ્પ્ટન કાઉન્સિલની એજ્યુકેશન કમિટિમાં મહત્ત્વના હોદ્દા ઉપર રહી સેવા પ્રદાન કરી છે. ખૂબ જ સૌમ્ય પ્રકૃતિના, મિતભાષી સજ્જન આપણા સમાજનું ગૌરવ છે. યુનાઈટેડ કિંગ્ડમ કોળી જ્ઞાતિના 'માંધાતા સમાજ'ને નામે અનેક ગામોમાં મંડળો ચાલે છે, તે સૌના એકીકરણથી 'એસોસિયેશન ઓફ માંધાતા સમાજ યુ.કે.' અસ્તિત્વમાં છે. જે દ્વારા જ્ઞાતિનું મુખપત્ર "માંધાતા પ્રગતિ"નું પ્રકાશન થાય છે.

આ ઉપરાંત ગામડાંઓના પોતાના અલાયદાં મંડળો તેમ જ મોટા ભાગના ગામ તથા શહેરોમાં જ્ઞાતિવાર કે ધાર્મિક મંડળો ચાલે છે.

કેનેડા : ઉત્તર અમેરિકાની ધરતી આ વસવાટીઓ માટે હજુ વણખેડી પડી હતી. પરંતુ પંજાબી-શીખ ભાઈઓનો વસવાટ ત્યાં મોટી સંખ્યામાં હતો. ખાસ કરીને ટોરોન્ટોની બાજુમાં બ્રામ્પ્ટનમાં, વિનિપેગ તથા વાનકૌરમાં વિશેષ. આજે ત્યાંની પ્રોવિન્સીઅલ અને નેશનલ એસેમબ્લીમાં આપણા શીખ ભાઈઓની સંખ્યા સારા પ્રમાણમાં છે.

૧૯૬૦ની આજુબાજુના અરસામાં બ્રિટનના અખબારોમાં કેનેડા ઓસ્ટ્રેલિયાની કંપનીઓને કોઈ પણ જાતના સ્કીલ્ડ કામ માટે તથા પ્રોફેશ્નલ ટ્રેડ માટે માણસની જરૂર છે, એ પ્રકારની વેકેન્સીઓની જાહેરાતો આવતી. ઈન્ટરવ્યુ માટે જે તે ગામ, શહેરમાં મુકરર કરેલી હોટેલોનાં સરનામાં સાથે જરૂરી વિગતો આવતી. જવા માટે એરફેર, ત્યાં જઈ રહેવાની આવાસની સગવડ, વગેરે માહિતી આવતી. ગોરાઓ મોટા પ્રમાણમાં ઈમીગ્રાન્ટ થતા. બોરી ફળિયાના ગિજુભાઈ પટેલ ૧૯૬૪ની આજુબાજુમાં ગયા. ત્યારબાદ કરાડીના રમણભાઈ ડી. મૂળચંદ ૧૯૬૭માં ગયા. પરંતુ સૌથી પહેલાં જનારાઓમાં દક્ષિણ આફ્રિકાના છીબુભાઈ ભાણા આવે છે. છીબુભાઈનો જન્મ દક્ષિણ આફ્રિકામાં થયેલો. તે ૧૯૪૯ની આજુબાજુમાં ભારત વધુ અભ્યાસ માટે ગયા હતા. સુરતની 'જીવન ભારતી'માંથી એસ.એસ.સી. પાસ કરી, કોમર્સ કોલેજમાંથી બી.કોમ કરી. મુંબઈમાં પણ તેમણે કોલેજ કરી હતી. તે ફરીથી ૧૯૫૮માં દક્ષિણ આફ્રિકા ગયા. ત્યાં રંગભેદને કારણે અપમાનિત ભેદભાવનો કડવો અનુભવ થયો. આથી તે ૧૯૬૦ની આજુબાજુમાં કેનેડા ગયા. ત્યાં પણ તેમને સંઘર્ષ તો કરવો જ પડ્યો, અંતે શિક્ષકની નોકરી સ્વીકારી, સાથેસાથે સમાજ સેવાના કામો પણ કરતા ગયા. મોરારિબાપુ કેનેડાના ટોરોન્ટો શહેરમાં રામ કથા માટે જાય ત્યારે એમનો ઉતારો છીબુભાઈના ઘરે જ હોય છે. બીજા જનારામાં ઝાંબિયા સ્થિત અલુરીઆ, મટવાડના સ્વ. રણછોડભાઈ રામજીભાઈ ભાણા હતા. આજ અરસામાં દક્ષિણ આફ્રિકાથી થોડા ભાઈઓ કેનેડા ગયા. ૧૯૭૨ની સાલમાં, આ સમાજના ભાઈઓ એકીસાથે મોટી સંખ્યામાં કેનેડા ગયા, ત્યારે છીબુભાઈએ તે સૌને સારી મદદ કરી હતી.

શરૂઆતમાં મહેનત મજૂરી કરનારો વર્ગ હતો. વખત જતાં ઈંગ્લેન્ડની પેઠે ત્યાં પણ બીજી પેઢી ઉચ્ચત્તર શિક્ષણ પામી છે. સારા હોદ્દા ઉપર પહોંચી છે. રમત ગમતના ક્ષેત્રે સારી પ્રગતિ કરી છે. તેમાં ક્રિકેટની રમત મુખ્ય છે. મોન્ટ્રીઅલમાં રહેતા આટ ગામના અરવિન્દભાઈ જસમતભાઈ પટેલ પોતે ગ્રેજ્યુએટ છે. ક્રિકેટની રમતના એમ્પાયરીંગ માટે એમણે સ્પેશ્યલ કોર્સ કરી ઈન્ટરનેશનલ ધોરણે એમ્પાયર તરીકે સેવા આપી છે. તદુપરાંત કેનેડામાં લોહીના સંબંધને નાતે સ્પોન્સર કરવાથી તથા ઉચ્ચ શિક્ષણ અંતર્ગત દેશથી મોટી સંખ્યામાં યુવાન વર્ગ કેનેડામાં પ્રવેશ મેળવી શક્યો. કેનેડા ઊગતો, નવો વિકસતો વિશાળ ભૂમિક્ષેત્ર ધરાવતો દેશ હોવાથી નવી તકોનો દેશ છે. વિશાળ મોકળાશવાળાં ઘરો અને આધુનિક સગવડ સુવિધાથી સજ્જ હોઈ, રહેવું આરામદાયક લાગે, પરંતુ લાંબો, સખત ઠંડીભર્યો શિયાળો ગાત્ર થરથરાવે છે ખરો !

મોન્ટ્રીઅલ : મોન્ટ્રીઅલ ક્યૂબેક પ્રાંતની, ફ્રેન્ચ ભાષાની બોલચાલવાળું નદીના બેટ ઉપર વસેલું રમણીય શહેર છે. કાંઠા પ્રદેશમાંથી વસવાટી રૂપે આવેલા ભાઈઓ અહીં મોટા પ્રમાણમાં વસે છે. પહેલાં કેથરિન સ્ટ્રીટ ઉપર આવેલા એપાર્ટમેન્ટમાં તેમનો ઉતારો હતો. વસતી વધતાં, સ્થિતિપાત્ર બનતાં આ વસાહત લસાલ, લવાલ, લેચીન જેવા સારા વિસ્તારમાં પથરાઈ ગઈ. પરંતુ આ વસાહતનું મિલન સ્થળ રહ્યું 'શ્રી માંધાતા રામજી મંદિર'. આ મંદિર અગાઉ સામાન્ય મકાનમાંથી મંદિરનું સ્વરૂપ લીધું. વસતી વધતાં, જરૂરિયાત વધતાં આજે ભવ્ય ઈમારત બાંધવાનો પ્રોજેક્ટ હાથ ધર્યો છે. આમ જનતાનો જે સમૂહ જરા અતડો રહે છે, તેમણે થોડું હકારાત્મક વલણ રાખી, સક્રિય સહયોગ આપી ઉદારતાથી દાનનો પ્રવાહ વહેવડાવવાની જરૂર છે. સંસ્થાના હાલના અને ભૂતપૂર્વ સંચાલકોમાં હરીશભાઈ, રવીન્દ્રભાઈ, નવનીતભાઈ વગેરે સૌ અથાગ મહેનત કરે છે. આ પ્રોજેક્ટ પરિપૂર્ણ થશે ત્યારે જનતાના સંપ સહકાર અને સંકલ્પથી સર્જાયેલું એક પ્રતીક બનશે, અને આજની તથા આવનારી પેઢીના સામાજિક ધાર્મિક પ્રસંગો-ઉત્સવોની ઉજવણી માટે આશીર્વાદરૂપ બની રહેશે.

ટોરોન્ટો : ટોરોન્ટોમાં મકાન વગેરે મોન્ટ્રીઅલ કરતાં થોડાં ઘણાં મોઘાં. અંગ્રેજી ભાષા બોલતીચાલતી પ્રજા હોઈ, આંતરરાષ્ટ્રીય સ્તરે તેમનું મહત્ત્વ વધુ. અહીંનાં પરાંઓમાં આપણી તથા પંજાબીઓની સંખ્યા વિશેષ. બ્રામ્પ્ટનમાંથી ફેડરલ સરકારમાં પંજાબીઓની સંખ્યા વિશેષ. બ્રામ્પ્ટનમાંથી ફેડરલ સરકારમાં પંજાબીઓનું પ્રતિનિધિત્વ અને પ્રભાવ વિશેષ. અહીં વર્ષોથી 'હિન્દુ-ગુજરાતી કલ્ચરલ એસોસિયેશન' સરસ રીતે ચાલતું. પોતાના ભવ્ય, વિશાળ હોલ હતા. પણ થોડી લાપરવાહીને કારણે હોલ સ્વામી નારાયણ સંપ્રદાય સંસ્થાને વેચવો પડ્યો. અહીં સ્વામી નારાયણ સંસ્થાના સ્વામી હરિપ્રસાદજીના અનુયાયીઓ ઘણી મોટી સંખ્યામાં છે. પ્રમુખ સ્વામી પંથીઓ પણ મોટી સંખ્યામાં છે, જેઓના મંદિર બેમુલ હોય છે. બહારથી કલાત્મક રીતે કંડારેલા પીક પથ્થર અને અંદરના ભાગે આરસને માખણની જેમ લસોટી લસોટીને કંડારેલી દેવ દેવીઓની મૂર્તિઓ. અહીંના ગુજરાતી સાહિત્ય વર્તુળ, 'શબ્દ સેતુ' નામે ખૂબ જ પ્રવૃત્ત છે. ગુજરાતી ભાષાના ડાયસ્પોરાની કૃતિઓનું અહીં નિયમિત વાચન પઠન થાય છે. સાહિત્યકારો સાથે મર્મગોષ્ટિ યોજાય છે. અહીંનું પાંચ માળી અંડર-ગ્રાઉન્ડનું શોપીંગ સેન્ટર એક અજાયબી છે.

અમેરિકા : અમેરિકા જવામાં સૌથી પ્રથમ કોથમડીના કલ્યાણજીભાઈ પટેલ (ગોબાઈવાળા) છે. એઓ સૌ પ્રથમ વધુ અભ્યાસ માટે ૧૯૪૯માં અમેરિકા ગયા હતા. શાંત સ્વભાવના કલ્યાણજીભાઈ મિતભાષી, ખૂબ તેજસ્વી બુધ્ધિમતા ધરાવે છે. અભ્યાસ પૂરો કરી ત્યાં જ સ્થાયી થયા છે. હવે તો ઘણી મોટી સંખ્યામાં આપણા સમાજના પ્રોફેશનલ ભાઈ-બહેનો ઊંચા હોદ્દાઓ પર છે. પરંતુ વિશાળ દેશમાં બધા પથરાઈ ગયાં છે.

[35, Cleeve View Road, CHELTENHAM, Gloucestershire GL52 5NJ, U.K.]

(અનુસંધાન પાનાં 17 પરેથી)

રહ્યો હતો, ત્યારે ઉગ્રવાદીઓએ તેને વીંધી નાખ્યો. ત્યાર પહેલાં એક કારમાં બોમ્બ ફાટતાં એક પોલીસને ગંભીર ઈજા પહોંચી હતી. તેના અઠવાડિયા પહેલાં દાઘેસ્તાનના વિદેશ નીતિ અને માહિતી ખાતું સંભાળતા મંત્રી પર ખૂની હુમલો થયો હતો, જેમાંથી મંત્રી તો બચી ગયા પણ તેમનો ડ્રાયવર માર્યો ગયો અને બે અંગરક્ષકો ઘાયલ થયા. સપ્ટેમ્બરના આરંભે દાઘેસ્તાનમાં આવેલી એક સૈન્યછાવણી પર સુસાઇડ કાર બોમ્બિંગના હુમલામાં પાંચ જવાન મૃત્યુ પામ્યા અને ૪૦ ઘાયલ થયા. ત્રાસવાદવિરોધી દળના વડાની હત્યા પછી ગયા રવિવારે રશિયાની પોલીસના સ્પેશ્યલ ઓપરેશનમાં માખાચકલામાં ૧૦ ઉગ્રવાદીઓને ઠાર કરવામાં આવ્યા.

બન્ને પક્ષો એકબીજાના અંતિમવાદી વલણ વિશે ફરિયાદ કરી રહ્યાં છે - અને કદાચ બન્ને પક્ષ સાચા છે, પણ તેમની વાત સાચી હોય તેનાથી ખૂનામરકીનો અંત આવતો નથી. તે આગળ વધતી રહે છે. રસૂલ હમઝાતોવે લખ્યું હતું, 'બીજા બધા દેશોનો ઇતિહાસ લોહી ઉપરાંત શાહીથી પણ લખાયેલો છે, જ્યારે દાઘેસ્તાનને એ મોકો વીસમી સદીમાં પહેલી વાર મળ્યો.' પરંતુ લાગે છે કે માંડ મળેલો એ મોકો એકવીસમી સદીના આરંભે જ હાથથી સરી રહ્યો.

દાઘેસ્તાનના પહાડી લોકોમાં કહેવાય છે કે 'અમારા પહાડોની જડીબુટ્ટીઓથી ન મટે એવો કોઈ રોગ દુનિયામાં છે જ નહીં.' પરંતુ લાગે છે કે રાજકીય અશાંતિ, સુસાઇડ બોમ્બિંગ અને ઉગ્રવાદ એવા રોગ છે, જેની જડીબુટ્ટીઓ કોઈ પહાડ પર ઊગતી નથી. રસૂલ હમઝાતોવના દાઘેસ્તાનમાં પણ નહીં.

(Tuesday, September 21, 2010)

સદ્ભાવ : લેખકના બ્લૉગ

- **http://www.urvishkothari-gujarati.blogspot.com/**

દાઘેસ્તાન : કવિનું અને ત્રાસવાદીઓનું - પહાડી શાણપણની ભૂમિમાં લોહિયાળ સંઘર્ષ

• ઉર્વીશ કોઠારી

ભૂતપૂર્વ સોવિયેત રશિયાના એક પ્રાંત દાઘેસ્તાનમાં ગુજરાતી વાચકોને રસ પડવાનું મજબૂત કારણ હોય તો એક જ : કવિ રસૂલ હમઝાતોવે લખેલું - અને પ્રગતિ પ્રકાશન, મોસ્કોના અતુલ સવાણીએ ગુજરાતીમાં ઉતારેલું - પુસ્તક 'મારું દાઘેસ્તાન'.

પહાડી સરળતા, પ્રકૃતિ સાથેની નિકટતા, કોઠાસૂઝ, ડહાપણ, સાદગી જેવાં જીવન મૂલ્યો પુસ્તકમાં આલેખીને રસૂલ હમઝાતોવે પોતાના વતન દાઘેસ્તાનની સ્વર્ગ જેવી છબી ઊભી કરી. સ્મૃતિકથા/આત્મકથામાં રસૂલે દાઘેસ્તાનનાં - પોતાની અવાર ભાષાનાં કવિતા, કહેણી, પ્રસંગોનો છૂટથી ઉપયોગ કર્યો અને પુસ્તકને આત્મીયતાથી ધબકતું બનાવી દીધું.

દાઘેસ્તાનના લોકકવિ તરીકે ઓળખાતા પોતાના પિતા હમઝાત વિશે રસૂલે લખ્યું હતું, 'વરૂનું ઘાતકીપણું અને સસલાનું બીકણપણું, આપખુદ શાસન અને ગુલામ જેવી તાબેદારી બાપુને પસંદ નહોતાં. એ કહેતા, 'કડકડ કરતાં ભાંગી જવાય એટલા સૂકા ન બનવું અને ચીંથરાની જેમ નીચોવી શકાય એટલા ભીના પણ ન બનવું.' કોઈ પણ મહેમાનની ત્રણ દિવસ સુધી તો કંઈ પણ પૂછ્યા વિના જ આગતાસ્વાગતા કરવી પડે, એવો રિવાજ ધરાવતા દાઘેસ્તાન વિશે પુસ્તકમાં એક કહેણી એવી પણ નોંધાઈ છે કે 'મહેમાન બધી બાજુએથી દેખાવડો લાગે, પણ એની પીઠનો દેખાવ સૌથી મજાનો લાગે.'

પહાડી લોકો શાંતિપ્રિય એટલા જ ગરમ મગજના. સંવેદનશીલ એવા જ આક્રમક. એવા એક કવિનો કિસ્સો રસૂલ હમઝાતોવે આપ્યો છે. તેમની કવિતા નવા વર્ષના અંકમાં છાપતી વખતે સંપાદકે તેમાંથી ચાર લીટી કવિને પૂછ્યા વિના ઉડાડી દીધી. નારાજ કવિએ સંપાદકને પૂછ્યું, 'તમારા અખબારના વિશાળ ચરાણમાં મેં ચરવા મૂકેલાં ઘેટાંમાંથી ચાર બહેતરીન ઘેટાંનાં ગળાં કોણે કાપી નાખ્યાં? મારા કાવ્યમાંથી ચાર પંક્તિઓ કોણે ઉડાવી દીધી?'

'બીજું તાકીદનું લખાણ આવ્યું એટલે જગ્યાની જરૂર પડતાં મેં ચાર પંક્તિ ઉડાડી દીધી.' એવો સંપાદકનો ખુલાસો સાંભળીને કવિનો પિત્તો છટક્યો. 'તું કવિનાં કાવ્યોમાંથી એની રજા વગર પંક્તિઓ ઉડાવી શકે તો હું તને બારીમાંથી બહાર ફગાવી શકું.' એમ કહીને તેમણે સંપાદકને ગળચી અને ટાંટિયા પકડીને પહેલા માળની બારીમાંથી બહાર - નીચે ફેંકી દીધો. સારું થયું કે ઓફિસ પહેલા માળ પર હતી અને નીચે ફૂલોની ક્યારી હતી.

કવિના હુમલા અંગે કેસ ચાલ્યો ત્યારે તેમણે પોતાની કેફિયતમાં કહ્યું, 'આંખની સામે આંખ! દાંતની સામે દાંત! એણે મારું સંપાદન કર્યું તો મેં એનું સંપાદન કરી નાખ્યું.'

પુસ્તકમાં નામનું મહત્ત્વ વધારે છે કે તેની અંદરની સામગ્રીનું, એ અંગે પોતાની અવઢવ પ્રગટ કરતાં રસૂલે એક કથા લખી છે : ત્રણ શિકારીઓ એક વરૂનો શિકાર કરવા ગયા. વરૂ ફક્ત એક જણનું માથું જઈ શકે એટલી સાંકડી ગુફામાં છૂપાઈ ગયું. પહેલા શિકારીએ વરૂને મારવા માટે ગુફામાં માથું નાખ્યું, પણ પછી કલાકો સુધી કોઈ હલનચલન થયું નહીં. એટલે બાકીના બે શિકારીઓએ ગુફાની બહાર દેખાતું ધડ ખેંચ્યું, તો તેની પરનું માથું ગાયબ! બન્ને શિકારીઓ એ જોઈને વિચારમાં પડ્યા અને એકબીજાને પૂછવા લાગ્યા, 'આ અંદર ઘૂસ્યો ત્યારે તેનું માથું હતું કે નહીં?' લાંબી ચર્ચા પછી બન્ને શિકારીઓને યાદ આવ્યું નહીં, એટલે તે મૃત શિકારીની પત્ની પાસે ગયા અને તેને પૂછ્યું. પત્નીએ જવાબ આપ્યો, 'મારા ધણીને માથું હતું કે નહીં એની મને કેવી રીતે ખબર પડે? મને ફક્ત એટલું યાદ છે કે તે દર વર્ષે નવી પાપાખા (દાઘેસ્તાની ટોપી) ખરીદતો હતો.'

Rasul Hamzatov/ રસૂલ હમઝાતોવ

રસૂલ હમઝાતોવનું દાઘેસ્તાન — તેનો રસ અકબંધ રાખીને ગુજરાતી વાચકો સુધી પહોંચતું કરનાર અતુલ સવાણી. એંશીમી વર્ષગાંઠે, વહાલસોયી પત્ની કુદસિયા સવાણીને હાથે, કેઈક આરોગતાં અતુલ સવાણી અહીં દૃશ્યમાન થાય છે.

આ પ્રકારના ચોટદાર કિસ્સાની જેમ સ્થાનિક સંસ્કૃતિમાંથી નીપજેલી અનેક શાણપણભરી ઉક્તિઓ પણ રસૂલે નોંધી છે. જેમ કે 'ગરૂડને ખડ ખવડાવવાની અને ગધેડાને માંસ ખવડાવવાની કોશિશ કદી ન કરવી.' અથવા 'જે સવાર પાસે ઘોડા માટે પલાણ કે ચાબૂક ન હોય તેની બીબી તેને છોડીને ભલે ચાલી જતી.' તેમણે લખ્યું છે, 'પહાડી વિસ્તારોમાં શાદીની મહેફિલમાં સામેલ થવા આવતો માણસ પોતાનાથી પહેલાં પહોંચેલા લોકોને પૂછે છે : 'સૌ પૂરતા ભેગા થઈ ગયા છો કે હું પણ આવું અંદર?' અને મહેમાનો જવાબ વાળે, 'તમે ખરેખર તમે જ હો તો જરૂર અંદર આવો.'

પહાડી લોકો ઝઘડતી વખતે એકબીજા વિશે આકરાં વેણ બોલે ખરા, પણ કોઈના મોઢે ભૂલેચૂકે મા કે બહેન વિશે કંઈક આવી ગયું તો ખલાસ! તરત મ્યાનમાંથી કટારો ઝબૂકે. આ ખાસિયત નોંધીને રસૂલ લખે છે, 'દાઘેસ્તાન, તું મારી મા છે ... મને કહેવાતાં તમામ વેણ હું સાંખી લઈશ, પણ મારા દાઘેસ્તાનને બટ્ટો લગાડતા શબ્દો હું કોઈને નહીં બોલવા દઉં.'

'કડકડ કરતાં ભાંગી જવાય એટલા સૂકા ન બનવું અને ચીંથરાની જેમ નીચોવી શકાય એટલા ભીના પણ ન બનવું.'

દાઘેસ્તાનની અવાર ભાષામાંથી રશિયન ભાષામાં અને પછી તો બીજી અનેક ભાષાઓમાં રસૂલ હમઝાતોવની કૃતિઓના અનુવાદ થયા. તેમને દાઘેસ્તાનના સત્તાવાર લોકકવિ જેવું બહુમાન મળ્યું. સાથોસાથ, એક સૂર એવો પણ ઉઠતો રહ્યો કે રશિયાની સામ્યવાદી સરકારના લોખંડી સકંજા સામે તેમણે કદી અવાજ ન ઉઠાવ્યો અને શાસનના અત્યાચારોનો ભોગ બનેલા સર્જકોની પડખે ઊભા ન રહ્યા. બલકે, શાસકો તરફથી મળતાં માનસન્માન-એવોર્ડ વિના સંકોચે સ્વીકારતા રહ્યા. રશિયાની સામ્યવાદી સરકારે બે વર્ષ પહેલાં દાઘેસ્તાનના પાટનગર માખાચકલામાં રસૂલ હમઝાતોવની ઓફિસને તેમના મ્યુઝિયમ તરીકે ખુલ્લી મૂકી. બીજી ઘણી રીતે પણ તેમની તિથિની ઉજવણી થઈ.

'મહેમાન બધી બાજુએથી દેખાવડો લાગે, પણ એની પીઠનો દેખાવ સૌથી મજાનો લાગે.'

રસૂલ હમઝાતોવનું ૩ નવેમ્બર, ૨૦૦૩ના રોજ મૃત્યુ થયું, તે પહેલાં, દાઘેસ્તાન અને તેના પાડોશી મુલક ચેચન્યામાં રશિયાના શાસન સામે બે વિદ્રોહ થઈ ચૂક્યા હતા. બન્ને વખત રશિયાએ બળપ્રયોગ કર્યો અને બીજા યુદ્ધ પછી ચેચન્યામાં રશિયાની કહ્યાગરી સરકાર સ્થાપવામાં સફળતા મેળવી. તેમ છતાં શાંતિ સ્થપાઈ નહીં. ૧૯૯૯માં ચેચન્યા સ્થિત કટ્ટરપંથી 'ઈસ્લામિક ઈન્ટરનેશનલ બ્રિગેડ'ના હથિયારબંધ માણસોએ ક્રુડ ઓઈલ અને ગેસથી સમૃદ્ધ છતાં ગરીબ દાઘેસ્તાનના વિદ્રોહીઓનો પક્ષ લઈને રશિયન સત્તા સામેના સંઘર્ષમાં ઝુકાવ્યું. યુદ્ધમાં રશિયાનાં દળોનો વિજય થયો, પણ દાઘેસ્તાનની શાંતિ હણાઈ ગઈ. રસૂલ હમઝાતોવની કવિતાઓથી ઓળખાતું દાઘેસ્તાન ત્યાર પછી હિંસાની ઘટનાઓને કારણે સમાચારોમાં આવવા લાગ્યું.

કટ્ટરપંથી ઈસ્લામી વિદ્રોહીઓએ રશિયાનો મજબૂત ટેકો ધરાવતી સ્થાનિક સરકાર, તેની પોલીસ અને સરકારી સંસ્થાઓને નિશાન બનાવવાનું ચાલુ રાખ્યું. આ મહિનાના બીજા અઠવાડિયામાં સરકારનો ત્રાસવાદવિરોધી વિભાગનો વડો પાટનગર માખાચકલામાં પોતાની ઓફિસે જઈ

(અનુસંધાન પાનાં 16 પરે)

પ્રકાશ ન. શાહ : સાત રંગનો સરવાળો

• બીરેન કોઠારી

ખાદીધારી હોવાને લઈને ઘણા તેમને 'ગાંધીવાદી' માને છે, તો જયપ્રકાશ નારાયણ સાથે સંકળાયેલા રહેલા હોવાને કારણે ઘણા તેમને 'સમાજવાદી' ગણે છે. અનેક લોકઆંદોલનોમાં તેમની સક્રિયતા અને સંલગ્નતાને કારણે ઘણાને તેઓ 'કર્મશીલ' લાગે છે, તો પોલિટીકલ સાયન્સ ભણાવી ચૂકેલા પ્રાધ્યાપક તરીકે ય તેમને ઘણા ઓળખે છે. ગુજરાતી જ્ઞાનકોશમાં આગવી મુદ્રા ઉપસાવનાર 'જ્ઞાનગંગોત્રી શ્રેણી'ના સંપાદનમાં ભોગીલાલ ગાંધી સાથે પાયાની ભૂમિકા ભજવનાર તરીકે ઘણા તેમને યાદ કરે છે, તો "જનસત્તા" જેવા અખબારની આગવી ઓળખ ઊભી કરનાર તંત્રી તરીકે ઘણા તેમને આદરપૂર્વક સ્મરે છે. છેલ્લા દોઢેક દાયકામાં તેમની મુખ્ય ઓળખ "નિરીક્ષક" નામનું પખવાડિક વિચારપત્ર બની રહ્યું છે. મુખ્યત્વે શાસનવિરોધી અભિગમ, મતોનું વૈવિધ્ય, મતભિન્નતા અને તેને આવકાર તથા સાચા દિલથી તેનો સ્વીકાર, વંચિતો-દલિતો પ્રત્યેની સક્રિય સંવેદના તેમ જ અન્યાય સામે અવાજ ઉઠાવવો, એ તેમના સ્વભાવની મુખ્ય લાક્ષણિકતા ગણી શકાય. આને કારણે અંતિમવાદી વિચારધારાવાળા તરફથી તેમને ક્યારેક 'સેક્યુલર ટોળકીના પોપ' તરીકેનું પણ બિરૂદ મળ્યું છે. તેમની ધારદાર રમૂજો માણનાર એ રમૂજોને ક્યારે ય ભૂલી શકે એમ નથી. તો તેમને મળનારના કાનમાં તેમનું ખડખડાટ, નિખાલસ હાસ્ય ક્યાં ય સુધી ગૂંજતું રહે છે. આવું જ કોઈ પણ મુદ્દાની બહુઆયામી વાતો રજૂ કરતા તેમના વક્તવ્ય વિશે પણ કહી શકાય. આવી અનેક બાબતો - લાક્ષણિકતાઓનો સમન્વય એટલે પ્રકાશ ન. શાહ. અને છતાં, છ અંધજનો અને હાથીની પેલી જાણીતી વાર્તાની જેમ પ્રકાશભાઈની સાચી ઓળખ બાબતે ઘણી ગેરસમજણો પ્રવર્તે છે. પણ પ્રકાશભાઈને મળતાં, તેમની સાથે થોડો સમય વીતાવતાં તેમાં ઉપર જણાવેલી તમામ ઓળખો સમાઈને એક નિખાલસ, પારદર્શક વ્યક્તિ તરીકેની છબિ ઉપસે છે અને નીખરે છે, જેની સમાંતરે તેમના વ્યક્તિત્વનાં વિવિધ પાસાંઓનો પણ પરિચય થાય છે.

નિર્મિશ ઠાકર

પિતા નવીનચંદ્ર લાલભાઈ શાહ અને માતા ઈન્દુબહેનાં બે સંતાનો - પ્રકાશ અને પ્રફુલ્લામાં મોટા પ્રકાશનો જન્મ થયો મોસાળ માણસામાં, ૧૯૪૦ની ૧૨મી સપ્ટેમ્બરે. પિતૃપક્ષે વેપારનો વારસો હતો, તો માતૃપક્ષે વારસો હતો વિદ્યાપ્રીતિનો, સાહિત્યપ્રીતિનો. વ્યવસાયે ડૉક્ટર એવા નાના ફૂલચંદ મહેતાના મુખેથી ક.મા. મુનશીની નવલકથાઓનાં અનેક પ્રકરણો સાંભળવાનો લ્હાવો પ્રકાશભાઈને બચપણમાં મળેલો.

પિતાજીને વ્યવસાય નિમિત્તે અમૃતસરમાં રહેવા જવાનું બન્યું. આ કારણે આરંભના ચારેક વરસ પ્રકાશભાઈનું બાળપણ અમૃતસરમાં વીત્યું, જેની સાવ ઝાંખીપાંખી સ્મૃતિઓ તેમના મનમાં છે. અમૃતસર પછી વડોદરામાં નોકરીની તક મળતાં આખો પરિવાર સ્થાયી થવા માટે ત્યાં આવ્યો. એ રીતે વડોદરામાં પ્રકાશભાઈનું શાળાકીય ભણતર શરૂ થયું. અહીં તેમનાં માતા ઈન્દુબહેન તેમ જ શિક્ષક રમણભાઈ ક્ષત્રિયને કારણે પ્રકાશભાઈની વાંચનરુચિને યોગ્ય દિશા મળી. ૧૯૫૦માં ફરી એક વાર સ્થળાંતર થયું અને આખો પરિવાર આવી વસ્યો અમદાવાદમાં. મણિનગરની 'સરસ્વતી મંદિર હાઈ સ્કૂલ'માં આઠમા ધોરણ પછીનું પ્રકાશભાઈનું શિક્ષણ થયું, જેના સાહિત્યિક વાતાવરણનો તેમને ઘણો લાભ થયો. આ જ શાળામાં એક વખત એક હાસ્યકલાકારે આવીને સૌનું મનોરંજન કરેલું અને બરાબરના હસાવેલા. પણ બીજે દિવસે કિશોરીબહેન નામનાં શિક્ષિકાએ વર્ગમાં આવા સ્થૂળ હાસ્ય અને જ્યોતીન્દ્ર દવેના સૂક્ષ્મ અને માર્મિક હાસ્ય વચ્ચે ભેદ હોવાનું અને તે સમજવાનું કહ્યું. સૂક્ષ્મ અને ઉચ્ચ કક્ષાના હાસ્યની સમજ અંગેની સભાનતા પ્રકાશભાઈમાં કદાચ ત્યારથી કેળવાઈ. એ જ રીતે પાઠકસાહેબ નામના શિક્ષક થકી પાઠ્યપુસ્તકના ઈતિહાસ ઉપરાંતની અનેક બાબતો તેમ જ અંગ્રેજી સાહિત્ય સાથે પણ પરિચય કેળવાયો. શાળાકાળ દરમ્યાન અન્ય એક શિક્ષક હરિશ્ચંદ્ર પટેલ દ્વારા પ્રકાશભાઈને 'રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ' સાથે પણ જોડાવાનું બન્યું.

મેટ્રિક પાસ કર્યા પછી તેમણે બી.એ.નું ભણતર શરૂ કર્યું, એ સમયગાળો નવનિર્મિત રાષ્ટ્ર ભારતનો ઘડતરકાળ હતો, જે ઘણે અંશે ગાંધી - નહેરુ - પટેલના ખ્યાલ પર આધારિત હતો. જો કે, પ્રકાશભાઈને કોઈ એક વિચારધારામાં બંધાવાને બદલે પ્રત્યેક વિચારધારાનાં સારાં તત્વો ગ્રહણ કરવાનું વધુ યોગ્ય લાગતું. આથી જ કોલેજકાળમાં તેમને સર્વપલ્લી રાધાકૃષ્ણનનું પુસ્તક 'ધ હિન્દુ વ્યૂ ઑફ લાઈફ', ગાંધીજીનું 'હિંદ સ્વરાજ' અને રવીન્દ્રનાથ ટાગોરનું 'સ્વદેશી સમાજ' - આ ત્રણેય પુસ્તકોએ ખૂબ પ્રભાવિત કર્યા. એક ચોક્કસ વિચારધારામાં બંધાઈ રહેવાને બદલે આ ત્રણેય ધારાઓનો સંગમ થતો હોય એવા બિંદુ પર તેમને વધુ રસ પડશે એમ લાગ્યું. આ જ ગાળામાં પુરુષોત્તમ માવળંકરે શરૂ કરેલા 'લાસ્કી ઈન્સ્ટિટ્યૂટ'માં યોજાતા ચર્ચાસત્રોમાં પ્રકાશભાઈની હાજરી નિયમિત બની. મહાગુજરાતના આંદોલન વખતે ય તેમને ઈન્દુચાચાનાં જોશીલા ભાષણો સાંભળવા ગમતાં, પણ ચન્દ્રકાન્ત દરૂ અને જયંતિ દલાલની મુદ્દાસર અને વાસ્તવદર્શી રજૂઆત વધુ આકર્ષતી. એક વાર અમદાવાદની મુલાકાતે આવેલા કોમરેડ ગોપાલનને સાંભળવા માટે હાજર રહેલા મર્યાદિત લોકોમાં ય પ્રકાશભાઈ હાજર હતા. કૉલેજના નોટિસબોર્ડ પર કોઈક કાર્યક્રમ હોવાની જાણ થાય એટલે ત્યાં તેઓ ઉપડ્યા જ હોય. આમ, વધુ ને વધુ વિચારધારાઓથી પરિચિત થવાના તેમના પ્રયત્નો જારી રહ્યા. ગુજરાત રાજ્યની સ્થાપનાના આગલે દિવસે અમદાવાદના ટાઉન હૉલમાં યોજાયેલા કવિ સંમેલનમાં ઉમાશંકર જોશીએ રજૂ કરેલી કાવ્યપંક્તિઓ 'એ તે કેવો ગુજરાતી, જે હોય કેવળ ગુજરાતી!' પ્રકાશભાઈને બહુ અસર કરી ગઈ. ગુજરાત અને ગુજરાતીઓ વિષેના પોતાના ખ્યાલોનું પ્રતિબિંબ આ પંક્તિઓમાં સચોટ રીતે ઝીલાયું હોય એમ તેમને લાગ્યું હતું, કેમ કે ત્યારના પોતાને ગમતા ચાર ગુજરાતી અગ્રણીઓ - ગગનવિહારી મહેતા, કૃષ્ણલાલ શ્રીધરાણી, ઈન્દુલાલ યાજ્ઞિક તેમ જ ચં.ચી. મહેતા - આ વ્યાખ્યામાં બરાબર બંધ બેસે છે એમ તેમને લાગ્યું હતું.

બી.એ. પછી તેમણે એમ.એ. શરૂ કર્યું. આ અરસામાં પોતાના અર્થશાસ્ત્રના અભ્યાસના ભાગરૂપે રોમેશ ચંદ્ર દત્ત લિખિત પુસ્તક 'ધ ઈકોનોમિક હીસ્ટ્રી ઑફ ઈન્ડિયા' તેમના વાંચવામાં આવ્યું, જેમાં બ્રિટિશ શાસનમાં થયેલું શોષણ તેમ જ જૂની પ્રણાલિકાઓનો વિગતે ખ્યાલ આપવામાં આવ્યો હતો. આ વાંચીને પ્રકાશભાઈને લાગ્યું કે ભારતની અર્થનીતિનો સચોટ ઉકેલ ખાદીમાં જ રહેલો છે. પરિણામે તેમણે રોજિંદા પોષાક તરીકે ખાદી અપનાવી, જે હજી આજ લગી તેમના જીવનનો હિસ્સો બની રહી છે. પોતાના જીવનમાં સભાનપણે લીધો હોય એવો આ સૌ પ્રથમ નિર્ણય પ્રકાશભાઈ ગણાવે છે. જો કે, આમાં કોઈ જડ વલણ કે ઝનૂન નહોતું. પ્રકાશભાઈ કહે છે એમ, 'મારી એક પણ પ્રતિજ્ઞા તૂટી નથી, કેમ કે મેં એકેય પ્રતિજ્ઞા લીધી નથી.' (પ્રકાશભાઈને ઓળખનારા અહીં તેમના ખડખડાટ હાસ્યનો ધ્વનિ સાંભળી શકશે.)

કૉલેજમાં હતા ત્યારે જ સંસ્કારલક્ષી વિદ્યાર્થીપ્રવૃત્તિ તરીકે 'આરત'નો આરંભ કરવામાં પ્રકાશભાઈની ભૂમિકા મહત્ત્વની બની રહી, જેના ઉપક્રમે ચર્ચાઓ - વ્યાખ્યાનો, ચર્ચાસત્રો યોજાતા. ફાધર વાલેસનું અમદાવાદમાં સૌ પ્રથમ જાહેર વ્યાખ્યાન સંભવત: 'આરત'ના ઉપક્રમે યોજવામાં આવેલું. એ ઉપરાંત અનેક નામાંકિત વક્તાઓને નિમંત્રવામાં આવતા. દિલીપ ચંદુલાલ,

સુવર્ણાબહેન, અચ્યુત યાજ્ઞિક જેવા ત્યારના સીનિયર-જુનિયર વિદ્યાર્થીઓ આમાં સક્રિય હતાં. એ રીતે 'આરત'ને અમદાવાદના સાવ આરંભિક સ્ટડી સર્કલનું શ્રેય આપી શકાય.

જો કે, વિશાળ વાંચન અને વિવિધ વિષયોમાં ઊંડો રસ હોવા છતાં પ્રકાશભાઈ ભણતર પ્રત્યે થોડા બેદરકાર હતા, આથી એમ.એ. તેમણે પાસ તો કર્યું, પણ લગભગ પોઇન્ટ માર્ક સાથે. અધ્યાપક તરીકે તેમનો ઇન્ટરવ્યૂ લેવા માટે બેઠેલા યશવંત શુક્લ અને રસિકલાલ છો. પરીખને આવા માર્ક જોઈને આશ્ચર્ય થયું, અને શુક્લસાહેબે પૂછ્યું, 'તમે માર્ક બહુ જોખી જોખીને લો છો.' પ્રકાશભાઈએ પોતાના લાક્ષણિક હાસ્યનો પરચો દેખાડતાં તત્ક્ષણ કહ્યું, 'જૈન કુટુંબમાં ઉછર્યો છું, એટલે અપરિગ્રહનો ખ્યાલ તો હોય જ ને!' યશવંતભાઈ જેવા સાક્ષર અને જૈન ગૃહસ્થ રસિકભાઈ બન્નેની પૃચ્છાને એક જ વાક્યમાં સમાવતો અને સંતોષતો આ ચબરાકિયો જવાબ હતો. જો કે, પ્રકાશભાઈની અધ્યાપક તરીકેની નિમણૂક થઇ ગઇ. તેઓ વર્ગોમાં કેવળ પોલિટીકલ સાયન્સ જ ભણાવતા એમ નહોતું. જીવન અને જીવનનો આનંદ તેમના મુખ્ય રસના વિષયો હતા. આ ખાસિયતો તેમના સહજ વર્તનમાં ય ઝળકતી. આને કારણે, કૉલેજમાં યોજાયેલા એક 'ફીશપોન્ડ'માં પ્રકાશભાઈને 'હસતું-ઘૂમતું બુલબુલ' કહીને સંબોધવામાં આવેલા.



પ્રૉફેસર 'હસતું ઘૂમતું બુલબુલ'નું અધ્યાપનકાર્ય

૧૯૬૮માં 'માનવ અધિકાર દિન' નિમિત્તે 'ગાંધી શાંતિ પ્રતિષ્ઠાન' દ્વારા યોજવામાં આવેલી ઉજવણી માટે વક્તા તરીકે નિમંત્રણ આપવા માટે ગયેલાં નયનાબહેન સાથે પ્રકાશભાઈનો પરિચય થયો, જે બહુ ઝડપથી લગ્નમાં પરિણમ્યો. ત્યારથી આજ સુધી નયનાબહેન પ્રકાશભાઈની જીવનયાત્રાનાં સક્રિય જોડીદાર બની રહ્યાં છે.

દરમ્યાન પ્રકાશભાઈનો પરિચય ભોગીલાલ ગાંધી સાથે થયેલો અને તેમના માસિક "વિશ્વમાનવ" માટે પ્રકાશભાઈ લખતા પણ ખરા. એ જ રીતે વિચારપત્ર "નિરીક્ષક" માટે પણ તેઓ લખતા, જેના તંત્રી હતા પ્રબોધ ચોકસી. પછી તો "વિશ્વમાનવ"ના નવેસરથી આયોજન નિમિત્તે તેના સંપાદક મંડળમાં ય પ્રકાશભાઈનો સમાવેશ કરવામાં આવ્યો. નયનાબહેન સાથેના લગ્ન પછી 'ગાંધી શાંતિ પ્રતિષ્ઠાન' સાથે પણ પરિચય વધતો ગયો, જેના થકી જયપ્રકાશ નારાયણનો પરિચય અને આકર્ષણ થયાં. લેખન - સંપાદનમાં તેમનો રસ વધતો ચાલ્યો. છ વરસના અધ્યાપનકાર્ય પછી આખરે 'સરદાર પટેલ યુનિવર્સિટી' દ્વારા તૈયાર થઇ રહેલા ગુજરાતી જ્ઞાનકોશ 'જ્ઞાનગંગોત્રી' શ્રેણીમાં ભોગીલાલ ગાંધીની સાથે જોડાવાની ઑફર આવી, ત્યારે પ્રકાશભાઈએ ઝાઝો વિચાર કર્યા વિના ગમતું કામ કરવા મળે, એ હેતુથી અધ્યાપનકાર્ય છોડી દીધું.

સાઠના દાયકાના અંત ભાગમાં રાષ્ટ્રીય રાજકારણમાં ઇંદિરા ગાંધીનો ઉદય થયો ત્યારે શરૂઆતથી જ પ્રકાશભાઈ તેમને સાશંક રીતે નિહાળતા હતા અને અંગત ધોરણે માનતા હતા કે ઇંદિરા ગાંધી સામે સૌએ સંગઠિત થવું જોઈશે. નવનિર્માણ આંદોલન વખતે જયપ્રકાશ નારાયણના વધુ સંપર્કમાં આવવાનું બનતું ગયું અને આરંભ થયો 'લોકસ્વરાજ આંદોલન'નો, જે આગળ જતાં 'લોકશક્તિ સંગઠન', બિનકૉંગ્રેસી પક્ષોના સહકાર અને આખરે જનતા મોરચાની રચનાના ઠરાવમાં પરિણમ્યું. જયપ્રકાશજીને કારણે "ઇન્ડિયન એક્સપ્રેસ" જૂથના સ્થાપક રામનાથ ગોએન્કા સાથે ય તેઓ પરિચયમાં આવેલા. તો આચાર્ય કૃપલાણી સાથે પણ તેમને અંગત અને આત્મીય પરિચય થયેલો, જે કૃપલાણીજી જીવ્યા ત્યાં સુધી ટકી રહેલો. એ રીતે રાજકારણમાં પણ તેમનો સક્રિય રસ વધતો ચાલ્યો હતો, જેનું પરિણામ પણ તેમણે ભોગવવું પડ્યું. ૧૯૭૫માં કટોકટી લાદવામાં આવી અને ગુજરાતમાં તેની અસર થઈ એ સાથે જ ધરપકડોનો જે દોર શરૂ થયો, તેમાં પ્રકાશભાઈનો નંબર લાગી ગયો અને દસ મહિનાના જેલવાસનો 'લ્હાવો' તેમને મળ્યો. પણ, જેલની ચાર દિવાલોમાંથી બહાર આવ્યા પછી તેઓ એક એવા ખુલ્લા જગતમાં આવી ગયા કે હવે વર્ગખંડની ચાર દિવાલો તેમને સાંકડી પડવા માંડી. અધ્યાપનકાર્યને બદલે પત્રકારત્વનું ક્ષેત્ર પોતાના માટે વધુ અનુકૂળ છે એમ લાગ્યું.

"'લોકશાહી વિકલ્પ'નું સ્થાન હોવું અનિવાર્ય છે,
પણ કોઈ 'લોકશાહીનો વિકલ્પ' બની જાય એ ન ચાલે."
– લોકશક્તિના મહાસ્રોત જયપ્રકાશ નારાયણ જોડાજોડ પ્રકાશ ન. શાહ

અગાઉ ગોએન્કાજી સાથે ગુજરાતી અખબાર અંગેની ચર્ચા અને દરખાસ્ત તાજી થઈ અને પ્રકાશભાઈ "જનસત્તા" જૂથ માં જોડાયા. અલબત્ત, તેમણે સંભાળવાનું અને પલોટવાનું હતું આ જ જૂથનું "નૂતન ગુજરાત". સમય જતાં, "જનસત્તા"માં પણ આવશ્યકતા જણાતાં તેમણે એ સંભાળ્યું અને મુખ્ય ધારાનાં અન્ય ગુજરાતી અખબારોમાં પ્રચલિત ન હોય એવા વિષયો અને વિચારો ખેડીને તેને એક આગવી મુદ્રા આપી. ગુજરાતી અખબારોમાં તંત્રીલેખ વાંચવા માટે નહીં, કેવળ લખવા માટે હોય છે, એ પ્રચલિત માન્યતા દૂર કરીને પ્રકાશભાઈએ પોતે તંત્રીલેખો લખીને સૌનો રસ તેમાં જાગૃત કર્યો. 'સમયના ડંકા' નામની કોલમમાં કોઈ પણ સાંપ્રત ઘટનાને ધ્યાનમાં રાખીને પ્રકાશભાઈ જે લેખ લખતા તેમાં પણ તેમનું સર્વગ્રાહીપણું અને આગવું દૃષ્ટિબિંદુ દેખાતું.

આ ગાળામાં "જનસત્તા"ની વડોદરા આવૃત્તિના તેઓ નિવાસી તંત્રી પણ નિમાયા. રામનાથ ગોએન્કાની વિદાય પછી "જનસત્તા" સાથેનું તેમનું લાગણીનું બંધન શિથિલ થવા લાગ્યું અને તેમણે "જનસત્તા"ને અલવિદા કરી. "ટાઇમ્સ ઑફ ઇન્ડિયા" જૂથ ત્યારે ગુજરાતીમાં દૈનિક શરૂ કરવાની વેતરણમાં

હતું અને તેઓ કોઈક લાયક વ્યક્તિની તલાશમાં હતા. સલાહકાર મંડળમાં જોડાવા માટે ‘ટાઈમ્સ’વાળા ઉમાશંકર જોશીને તેમ જ પુરુષોત્તમ માવળંકરને મળ્યા, પણ તે બન્નેએ એક જ નામ સૂચવ્યું – પ્રકાશ ન. શાહનું. અશોકકુમાર જૈન સાથેની નિખાલસ મુલાકાતમાં પ્રકાશભાઈએ ‘ટાઈમ્સ’ના ગુજરાતી મોડેલ માટે નજર સમક્ષ તેના પ્રતિસ્પર્ધી જૂથનું પ્રભાસ જોશીના તંત્રીપદ હેઠળનું હિન્દી “જનસત્તા” જ હોવું જોઈએ એમ સૂચવ્યું. જો કે, ‘ટાઈમ્સ’ સાથે તેમનું જોડાણ ત્યારે તો ન જ થઈ શક્યું. થોડા સમય પછી પ્રકાશભાઈ ‘ટાઈમ્સ’માં જોડાયા ખરા, પણ બહુ ઝડપથી સત્તાધીશો સાથેનું તેમનું વૈચારિક અંતર સ્પષ્ટ દેખાઈ આવ્યું. ‘ટાઈમ્સ’ સાથે તેમનો મેળ ન બેઠો, ત્યાર પછી તેમણે “સમકાલીન”, “ગુજરાત મિત્ર” અને “ગુજરાત ટુડે”માં કટારલેખન શરૂ કર્યું, જે ગાળો લગભગ તેર વરસનો રહ્યો. આ જ અરસામાં “અખંડ આનંદ” જેવા એક જમાનાના સંસ્કારી અને શિષ્ટ ગણાતા માસિકના પુનર્જન્મમાં પ્રકાશભાઈની ભૂમિકા મુખ્ય બની રહી, તો ૧૯૯૨માં “નિરીક્ષક”નું નવનિર્માણ પણ તેમના જ હાથે થયું અને તેમને તંત્રીપદ સોંપવામાં આવ્યું.

સાબરમતી - યમુના – હડસનનો ત્રિવેણી સંગમ

ફેબ્રુઆરી ૨૦૦૮ વેળા ‘પ્રકાશ’ બંગલામાં લેવાયેલી સમૂહ છબિ. આ છબિમાં માતા ઈન્દુબહેન શાહ આગલી હરોળે ખુરશીમાં વિરાજમાન છે. જ્યારે, એમની ફરતે, ડાબેથી, પૌત્રી સુરતા સંગાથે મોટી પુત્રી ઋતા પહેલવહેલાં દૃષ્ટિમાન છે. તેમની પડખે મોટા જમાઈ સેતુ શાહ, નયનાબહેન અને પ્રકાશભાઈ શાહ, નાની દીકરી રીતિ, જમાઈ આશિષ મહેતા તેમ જ પૌત્રી અમૃતાને જોઈ શકાય છે.

પ્રકાશભાઈનો મુક્ત અભિગમ, સહિષ્ણુતા, લોકશાહીની સાચી સમજણ અને વિવિધ મુદ્દાઓ પર પ્રકાશભાઈએ વખતોવખત અપનાવેલું સ્પષ્ટ દૃષ્ટિબિંદુ (સ્ટેન્ડ) આ પખવાડિકની ઓળખ નવેસરથી ઊભી કરવામાં મહત્ત્વનાં બની રહ્યાં, જે તેમના સળંગ તંત્રીપદ હેઠળ “નિરીક્ષક”માં બરાબરનાં ઝીલાયાં.

કટોકટી નિમિત્તે જાહેરજીવનમાં સીધા આવી ગયેલા પ્રકાશભાઈ હંમેશાં ‘રાજકીય વિકલ્પ’ અને ‘વિકલ્પની રાજનીતિ’માં માનતા આવ્યા છે. આ બાબત માત્ર રાજકારણમાં નહીં, કોઈ પણ ક્ષેત્રમાં લાગુ પડે. ‘ગુજરાતી સાહિત્ય પરીષદ’ સાથે તેમનો નાતો સાહિત્યના પ્રવાહો પ્રત્યેના આકર્ષણ ઉપરાંત આ કારણે પણ જોડાયો. અહીં બારોબાર નીમાવાને બદલે તેમણે હંમેશાં ચૂંટણી લડવાનો વિકલ્પ અપનાવ્યો. શરૂઆતમાં મર્યાદિત રીતે, પણ પછી તેઓ સક્રિય બન્યા ત્યારે તેમને સૂચવવામાં આવ્યું કે તેઓ ઉમેદવારી પત્રક ભરી રાખે અને છેલ્લે લાગે કે બાજી તરફેણમાં નથી તો ઉમેદવારી પાછી ખેંચી લે. આના પ્રત્યુત્તરમાં જે જવાબ આવ્યો એ માત્ર પ્રકાશભાઈ જ આપી શકે. તેમણે કહ્યું, ‘ચૂંટણીમાં ઊભા રહ્યા પછી મને હારવાની બીક નથી.’ પછી ક્ષણેક અટકીને ઉમેર્યું, ‘આઈ ડોન્ટ માઈન્ડ વીનીંગ.’ (જીતવાનો મને વાંધો નથી.) જો કે, પ્રકાશભાઈ ચૂંટણી જીત્યા અને જીતતા રહ્યા. અને પરિષદના કેટલાક મહત્ત્વના વળાંકો માટે નિમિત્ત બની રહ્યા. એમ તો, તેમણે ૧૯૮૭માં અમદાવાદ મ્યુનિસિપિલ કોર્પોરેશનની ચૂંટણીમાં ઝંપલાવેલું; પણ તેઓ કહે છે, એમ, ‘એમાં વાજતેગાજતે હાર્યા હતા.’

“દિવ્ય ભાસ્કર” ગુજરાતીમાં શરૂ થયું ત્યારે તેમાં તંત્રીપાનાને વાંચનક્ષમ બનાવવામાં મોટો ફાળો પ્રકાશભાઈનો હતો. પણ સૌથી મહત્ત્વની બાબત એ બની કે તેમની કલમ વ્યાપક સમૂહ સુધી પહોંચી શકી. તેમની ભાષાશૈલી, તેમાં વપરાતા તદ્દન નવા અને અર્થસભર શબ્દપ્રયોગો, જે મોટે ભાગે અખબારની રોજેરોજની ચુસ્ત કામગીરીમાં ડેડલાઈનની વચમાં જ સહજપણે રચાતા અને એ લખાણ થકી પમાતું દર્શન એવું હતું કે તેમનો એક નવો જ ચાહકવર્ગ ઊભો થયો. કેમ કે વિષય કોઈ પણ હોય, વાત એવા અલગ અલગ દૃષ્ટિકોણથી આવે, જે અંતે એક મુખ્ય વિચાર કે વિષય સાથે સુસંગત બને. આ શૈલીમાં તેમનું વિશાળ વાંચન અને એથી ય વધુ એમનું દર્શન ઝળકે છે.

સતત વાંચન, મનન અને લેખન પ્રકાશભાઈના નિત્યક્રમમાં સહજ રીતે વણાયેલા છે. જનઆંદોલનો સાથે સંકળાયેલી અનેક સંસ્થાઓમાં તેમની સક્રિય સામેલગીરી રહી છે. આઝાદી પછી ગુજરાતે જોયેલા તમામ આંદોલનોના તેઓ કેવળ સાક્ષી જ નહીં, સક્રિય કાર્યકર બની રહ્યા છે.

તેમનાં સંતાનોમાં બે દીકરીઓ છે, જેમાં સેતુ શાહ સાથે પરણેલાં ઋતા ન્યૂ યોર્કમાં સ્થાયી છે, તો આશિષ મહેતા સાથે પરણેલાં રીતિ દિલ્હીમાં સ્થાયી છે.

પ્રકાશભાઈનું સ્વપ્ન અમદાવાદ આધારિત એક દૈનિકનું છે, કેમ કે તેમના મત મુજબ એક જ અમદાવાદમાં વસતાં અનેક અમદાવાદનો ધબકાર ઝીલતા દૈનિકનું સ્થાન હજી ય ખાલી જ છે. એ ઉપરાંત ત્રણ પુસ્તકો લખવાનો તેમનો મનસૂબો છે, જેમાં એક નવલકથા. તેઓ કાઉન્ટેસ સોફિયા ટોલ્સટોયના દૃષ્ટિબિંદુથી લખવા માંગે છે. આ ઉપરાંત જયપ્રકાશજીની પૂરા કદની વૈચારિક જીવનકથા લખવાની તેમની ઈચ્છા છે. આધુનિક ગુજરાતના વિચારવિકાસની ગાથા ‘સ્ટોરી ઑફ ગુજરાત’ લખવાનું તેમને મન છે, જેમાં ૧૮૫૭થી વર્તમાન સુધીનો કાળક્રમ આવરી લેવામાં આવે. એ સિવાય ‘વિચારયાત્રા’ પ્રકારના પુસ્તકમાં થોરો, રસ્કિન, ટોલ્સ્ટોય, ગાંધીના વિચારોની સાથે ફૂકુયામા, હંટિંગ્ટન વગેરેને સમાવવાનો તેમનો ઈરાદો છે. પણ તેમનું સમગ્ર દર્શન આ એક વાક્યમાં પ્રતિબિંબિત થાય છે. તેઓ કહે છે, “‘લોકશાહી વિકલ્પ’નું સ્થાન હોવું અનિવાર્ય છે, પણ કોઈ ‘લોકશાહીનો વિકલ્પ’ બની જાય એ ન ચાલે.”

(પૂરક માહિતી : ચંદુભાઈ મહેરિયા, ગાંધીનગર)

(સદ્‌ભાવ : “આહ ! જિંદગી !”, ઑક્ટોબર ૨૦૧૦)

[A/403, Saurabh Park, Behind Samta Flats,, Subhanpura,
VADODARA - 390 023, India]
e.mail : birenkamini@yahoo.com

•••••••••••••••••••••••••••••

હાથમાં કારોબાર રાખ્યો તેં,
ને મને બારોબાર રાખ્યો તેં.
એક ડગ છૂટથી ભરી ન શકું,
ખીણની ધારોધાર રાખ્યો તેં.
આંખમાં દઈ નિરાંતનું સપનું,
દોડતો મારોમાર રાખ્યો તેં.
કોણ છું કોઈ દિ’ કળી ન શકું,
ભેદ પણ ભારોભાર રાખ્યો તેં.
શ્વાસ સાથે જ ઉચ્છવાસ દીધા,
મોતની હારોહાર રાખ્યો તેં.

– મનોજ ખંડેરિયા

સ્મરણો દરિયાપારનાં અને મુઠ્ઠી ઊંચેરા માનવી

• ડાહ્યાભાઈ નાનુભાઈ મિસ્ત્રી

સ્મરણો દરિયા પારનાં : લેખક - જયન્ત પંડ્યા : સંપાદન - નંદિની ત્રિવેદી :
નવભારત સાહિત્ય મંદિર, ૧૩૪ શામળદાસ ગાંધી માર્ગ, મુંબઈ - ૪૦૦ ૦૦૨ :
પહેલી આવૃત્તિ - ૨૦૧૦ : પાનાં - ૧૯૦ + ૧૨ : કિંમત - રૂ. ૧૩૦

•

વિદેશમાં વસતા ગુજરાતીઓ સાથે સંબંધ બાંધવામાં, એમની નજદીક આવવામાં અને ઓળખવામાં તેમ જ ગુજરાતને નવા ઊભરતા ગુજરાતી સમાજોની સાથે સેતુરૂપ થવામાં, ગુજરાતના સાહિત્યકારો - સર્જકોએ, આમ જોવા જોઈએ, તો અનન્ય ભાગ ભજવ્યો છે.

બ્રિટનનો ગુજરાતી સમાજ એ બધાનો ઋણી રહે છે. અત્યારે બ્રિટનમાં આશરે સાડા છ લાખ ગુજરાતીઓ વસે છે. તેઓની કથા-વ્યથા નિરૂપવામાં ગુજરાતી સાહિત્યકારો - સર્જકોનો અનેરો ફાળો રહ્યો છે. અને પ્રવાસી સાહિત્ય સર્જવાનાં પ્રયત્નોમાં સ્થાનિક સર્જકોને પ્રોત્સાહિત કરવામાં પણ તેઓ મદદરૂપ બનતા રહે છે. છેલ્લા ત્રણચાર દાયકાઓથી લંડનસ્થિત 'ગુજરાતી સાહિત્ય અકાદમી'ના આમંત્રણથી, લેસ્ટરની 'શ્રુતિ આર્ટસ' વાટે કે ઉત્તર ઇંગ્લૅન્ડનાં શહેરો - બોલટન, બાટલી, પ્રેસ્ટન, ડ્યુઝબરીના ગુજરાતી સાહિત્ય સંકુલો ને મંડળોના નેજા હેઠળ, કે પછી બાર-તેર વરસથી "ઓપિનિયન" સામયિકના આમંત્રણથી, કેટકેટલાં સાહિત્યકારો, કવિઓ, ઇતિહાસકારો, વિચારકો અને લેખકો - પત્રકારો બ્રિટનની મુલાકાતે આવી ગયાં છે અને અહીંના ગુજરાતી સમાજને માર્ગદર્શક બનતા રહ્યાં છે. એ સમાજનું દસ્તાવેજીકરણ કરતાં રહ્યાં છે અને અહીં સ્થાયી થયેલાં કલમવીરોને પ્રોત્સાહિત કરતા રહ્યાં છે. એમાંના એક મોટા ગજાના સાહિત્યકાર - સર્જક એટલે દિવંગત પ્રા. જયન્ત મ. પંડ્યા.



જયન્તભાઈ પંડ્યાએ એમના લાંબા જીવન દરમિયાન બ્રિટનની અનેક લાંબી મુલાકાતો લીધી હતી. આ દેશની લોકશાહીમાં અને બ્રિટિશ પ્રજાનાં શિસ્ત, સમજણ અને ખેલદિલીના સવભાવે એટલા પ્રભાવિત કર્યા હતા કે આ દેશમાં કાયમી વસવાટ થવાના સંજોગો ઊભા થાય તો તેમ કરી જોવામાં રાજી હતા. સન ૨૦૦૦ની સાલમાં, થોડો વખત મારી સાથે સટન કોલ્ડફિલ્ડમાં એમણે વિતાવ્યો ત્યારે આવો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો. એમની આ છેલ્લી, ૨૦૦૦ની મુલાકાતમાં, બ્રિટનના ઊભરતા ગુજરાતી સમાજોનો અભ્યાસ કર્યો, જુદા જુદા ક્ષેત્રોમાં કામ કરતી ગુજરાતી વ્યક્તિઓને મળ્યા અને એમનાં વ્યક્તચિત્રો લખી ગુજરાતી ડાયસ્પોરાના ઇતિહાસનું દસતાવેજીકરણ કર્યું.

જયન્તભાઈની પ્રબળ ઈચ્છા રહી હતી કે આ બધી લેખનસામગ્રી પુસ્તકરૂપે પ્રગટ થાય. પરંતુ એમનાં પુત્રી નંદિનીબહેન ત્રિવેદી પ્રસ્તાવનામાં લખે છે તેમ, 'અનોખા વ્યક્તિચિત્રોને વૈશ્વીકસ્તરે પહોંચાડવાની તેમની ઝંખના અધૂરી રહી. ૧૦ ઑગસ્ટ ૨૦૦૬, રક્ષાબંધનના પવિત્ર દિવસે, પપ્પા દિવ્યગતિ પામ્યા.' નંદિનીબહેન આગળ ચાલતાં લખે છે, 'પરંતુ આદરણીય વિપુલ કલ્યાણી અને પ્રકાશ શાહના સહયોગ તેમ જ પ્રેમલાગણીને કારણે વ્યક્તિચિત્રોને મૂર્તિમંત કરવાની પપ્પાની ઈચ્છા હવે પરિપૂર્ણ થઈ રહી છે.'

નંદિનીબહેને આ પુસ્તક નવેમ્બર ૨૦૦૯માં પ્રગટ કર્યું અને તેને નામ આપ્યું છે : 'સ્મરણો દરિયાપારનાં'. જયન્તભાઈ બ્રિટનમાં અને અમેરિકામાં ઘણી બધી વ્યક્તિઓને મળ્યાં હતાં. તેમાંથી વીસ જણાંનાં વ્યક્તિચિત્રો અહીં લેવાયાં છે. પુસ્તકના બીજા ભાગમાં, 'મુઠ્ઠી ઊંચેરા માનવી'(જેવાં કે સ્વામી આનંદ, કાકાસાહેબ કાલેલકર, વિનોબા ભાવે, મહાદેવ દેસાઈ, રવિશંકર મહારાજ, ઠક્કરબાપા)ઓનાં વ્યક્તિચિત્રો પ્રગટ કરવામાં આવ્યાં છે. આ વિશે નંદિનીબહેન લખે છે, 'આશા રાખું કે પપ્પાની સૌંદર્યપ્રેરક, રસાળ અને લાઘવપૂર્ણ શૈલીમાં લખાયેલું અને કેટલીય નોખી વ્યક્તિઓનાં જીવનના ઉત્તમ અંશ તથા બારીકીઓને ઉજાગર કરતું, સંબંધોની સુષમાને સંકોરી આપતું અને કૃતજ્ઞતા વ્યક્ત કરતું આ સ્મરણાત્મક પુસ્તક આવકાર પામશે.'

જયન્તભાઈની વ્યક્તિચિત્રો આલેખવાની કળા માટે સ્વામી આનંદને ગુરુ સ્થાપ્યા હોય એવો વાચકોનો અનુભવ રહેશે; સ્વામી આનંદના 'નખશીખ સુંદર વ્યક્તિચિત્રો' અને 'ફટાકડાની લૂમ જેવી ભાષા'ના જયન્તભાઈ પ્રખર અભ્યાસી રહ્યા હશે. એમનું વ્યક્તિચિત્ર, જયન્તભાઈએ આવા થોડા શબ્દોમાં આલેખી આપ્યું છે : 'સ્વામી આનંદ ગાંધીજીના કાસદ બન્યા. ગાંધીએ ચીંધેલા એક એક કામને માથે ચઢાવ્યા. "યંગ ઇન્ડિયા" અને "નવજીવન"ના રખોપા બાબરા ભૂતની જેમ કર્યા. અને શબ્દ સંસારમાં નકલંક મોતી જેવાં સંતાનો આપ્યા : ધરતીનું લૂણ; ધરતીની આરતી; કુળ કથાઓ; સંતોના અનુજ જેવા સીમાસ્થંભો હૈયાના હેતથી એમણે ખોડ્યા છે. હરિદ્વારની નિર્મળ ધારામાં એ દીવા નિત્ય ઝબૂકતા રહેવાના કેમ કે એ ધરતીની આરતીની જ્યોત છે.'

ઉત્તર ઇંગ્લૅન્ડના બોલ્ટન શહેરમાં વસતા અદમ ટંકારવીનું રેખાચિત્ર ત્રણચાર વાક્યોમાં તેમના જીવન-કવનને સરસ રીતે ઉપસાવે છે : 'અદમ ત્રણ અટકોના ત્રિભેટે ઊભેલું નામ છે. ગઝલને રસ્તે ચાલો તો અદમ ટંકારવીનો સાથ મળે. અંગ્રેજી શિક્ષણનો માર્ગ પકડો તો સોબત મળે આદમ ઘોડીવાળાની અને એમના મૂળ ગામના રસ્તે ચાલો તો પગેરું નીકળે આદમ મુસા પટેલને બારણે ... પણ અહીં ફાવે તે રસ્તે તમે મોજથી જાઓ માણસ મળે એકના એક જ. હા. અદમમાંથી આદમ થઈ ગયા હોય, તે સિવાય બીજો ફેર નહીં પડે. એનું કારણ એટલું જ કે અદમ ટંકારવી છિન્ન નહીં બલકે સુગ્રથિત વ્યક્તિત્વ છે.'

નવસારી જિલ્લાના કરાડી ગામના બાબુભાઈ રામભાઈ પટેલ. તેમાંથી પોતાના નામના બે તેમ જ પિતાના નામના બે આદ્યાક્ષરોના સમાસથી એમનું નામ બન્યું બાબુ રામા. સ્વદેશી નામની વિલાયતી આવૃત્તિ, પણ બાબુભાઈએ તો એમને સહજ રીતે ધારણ કરી લીધું છે. ... ૨૫ પાઉન્ડની નોકરીથી શરૂઆત કરનારા આ માણસે અહીં આવ્યા પછીના ત્રેવીસ વર્ષોમાં ત્રેવીસ લાખ પાઉન્ડથી ઓછી નહીં એટલી મિલકત જમા કરી લીધી છે. બાબુભાઈની સિદ્ધિ અસૂયાનો વિષય નથી. માણસને તેની મહેનત તથા નિષ્ઠાના ફળો માટે પૂરા હકદાર છે.'

'લાડલી' ઝાલી કલમ
સર્જને - વિવેચને !
જોર ઝાલ્યું ના રહે,
ઓળખ્યા 'બળવંત'ને ?

– નિર્મિશ ઠાકર

જન્મ : ૧૫.૧૧.૧૯૨૦, વાપી
બળવંત નાયકને ૯૦મી વર્ષગાંઠે મુબારકબાદી

•

રહ્યાં વર્ષો તેમાં -

રહ્યાં વર્ષો તેમાં હૃદયભર સૌન્દર્ય જગનું
ભલા પી લે; વીલે મુખ ફર રખે, સાત ડગનું
કદી લાધે જે જે મધુર રચી લે સખ્ય અહીંયાં;
નથી તારે માટે થઈ જ નિરમી 'દુષ્ટ' દુનિયા,
-- અહો નાનારંગી અજબ દુનિયા! શે સમજવી ?
તને ભોળા ભાવે કરું પલટવા, જાઉં પલટી;
અહંગર્તામાં હા પગ, ઉપરથી, જાય લપટી !
વિસારી હુંને જો વરતું, વરતે તું મધુરવી. --

મને આમંત્રે ઓ મૃદુલ તડકો, દક્ષિણ હવા,
દિશાઓનાં હાસો, ગિરિવર તણાં શૃંગ ગરવાં;
નિશાખૂણે હૈયે શશિકિરણનો આસવ ઝમે;
જનોત્કર્ષે-હ્રાસે પરમ ઋતલીલા અભિરમે.
-- બધો પી આકંઠ પ્રણય ભુવનોને કહીશ હું :
મળ્યાં વર્ષો તેમાં અમૃત લઈ આવ્યો અવનિનું.

– ઉમાશંકર જોશી

બ્રિટનના ખૂબ જ પ્રખ્યાત સાહિત્યકાર - સર્જક બળવંત નાયકના વ્યક્તિચિત્રની શરૂઆત આ રીતે થાય છે : ‘લાગે છે કે બિલ ક્લિન્ટનની ફોઈએ તેમનું નામ બળવંત નાયકના ‘બિલ નાઈટ’ પરથી પાડ્યું હશે. ગુજરાતના આ અનાવિલ બ્રાહ્મણ તેમના કોઈ કોઈ લખાણો બિલ નાઈટના ઉપનામથી લખે છે. એમ એક સાથે હિન્દી અને ઈંગ્લિશ હોવાનું બેવડું સુખ મળે છે. એ સુખના કારણે બળવંત નાયક લગભગ ૮૧ વર્ષની વયે પણ પુષ્ટ લાગે છે.’ અને સમાપન થાય છે, આ રીતે: ‘લંડનના સાઉથોલ વિસ્તારના શેકલટન રોડ પર બળવંતભાઈ રહે છે અને તેમણે કરેલા સર્જનોના પ્રકાશમાં નિવૃત્ત જીવન ગુજારે છે. અને બિલ નાઈટની સોબત નિભાવ્યે જાય છે.’

બ્રિટનના બીજા એક મોટા સાહિત્યકારનું ચરિત્રલેખન આ રીતે ચાલે છે : ‘તુલસીદાસ પુરુષોત્તમ સૂચક ઓળખાય છે ટી. પી. સૂચકના સંક્ષિપ્ત નામથી. પહેલી વાર એમના હેરોના ઘરમાં મળવાનું થયું ત્યારે તેમનો ખાદીનો પોશાક જોઈને આશ્ચર્ય થયેલું. તે પછી સોમવારે મૌન પાળે છે, તેવું સાંભળીને આશ્ચર્ય બેવડાઈ ગયું. એમાં ગાંધીજીનો પ્રભાવ અચૂક વરતાય.’

જયન્તભાઈએ ટી. પી. સૂચકના ચરિત્રને સાંકળી લઈને બ્રિટનમાં વસતાં ઘણાં બધાં સર્જકોને યાદ કરી લીધાં છે અને ઘણાંનાં વ્યક્તિચિત્રો પુસ્તકમાં સમાસ કરી લીધાં છે. એ લખે છે, ‘પૂર્વ આફ્રિકાથી બ્રિટનમાં આવીને સ્થાયી થયેલો કવિઓ અને લેખકોનો ઠીક ઠીક કહી શકાય એવો જથ્થો છે. પૂર્વ આફ્રિકામાં બ્રિટનમાં આવીને પાંગરેલા કલમી આંબાઓમાં ભાનુશંકર ઓધવજી વ્યાસ, પુરુષોત્તમ હરજી ભોજાણી, શાંતશીલા ગજ્જર, ભાનુબહેન કોટેચા આજે હયાત નથી, પરંતુ બેરિસ્ટર ડાહ્યાભાઈ પટેલ, ટી. પી. સૂચક, બળવંત નાયક, વનુ જીવરાજ, યોગેશ પટેલ, જયંતીલાલ થાનકી, વલ્લભ નાંઢા, પોપટલાલ પંચાલ, કુસુમ પોપટ, ઉપેન્દ્ર ગોર, વિનય કવિ, રમણીકલાલ કા. ભટ્ટ, રમેશ પટેલ ‘પ્રેમોર્મિ’, પ્રફુલ્લ અમીન, ભદ્રા વડગામા અને આફ્રિકાથી નહીં પણ ભારતથી લંડનમાં જઈ વસેલા જગદીશ દવે વગેરેએ દીવા ટમકતા રાખ્યા છે. મૅન્ચેસ્ટર, બ્લેકબર્ન, બૉલ્ટન, બૅટલી આદિ આસપાસના વિસ્તારોમાં ગઝલોના ઉપાસકો છે. પ્રવીણ સાંગાણી જેવા નાટ્યરસિકો અને ગીતોનો ગુંજારવ રેલાવનારા ચંદુભાઈ મટાણી છે. આ બધાને જોડનારું પરિબળ છે ‘ગુજરાતી લિટરરી અકાદમી’ અને ગુજરાતી માસિક “ઓપિનિયન”. આ બન્ને પ્રવૃત્તિઓની ધુરા ઉપાડનાર અને નર્મદના જેવો જોસ્સો ધરાવનાર પુરુષ છે વિપુલ કલ્યાણી. એમના પત્ની કુંજબહેન અને દીકરી કુન્તલ એ વિપુલ કલ્યાણીના ‘વન મેન મિશન’ના સહયોગીઓ છે. એમાં ટી. પી. સૂચક જેવાની હાજરી જૂનીનવી પેઢીના સાયુજ્યની બ્રિટનના મિત્રો જેને ગુજરાતી ડાયસ્પોરા કહે છે તેના પર્વની પ્રતીત કરાવે છે.’

જયન્તભાઈના વીસ વ્યક્તિચિત્રોમાં બહેનોનું સ્થાન પણ મોખરે રહ્યું છે : કુસુમબહેન ભટ્ટ એટલે ‘નિત્ય જીવંત માતૃત્વ’, વિલાસબહેન ધનાણી એટલે ‘બહેનોનો વિસામો’ અને જયાબહેન દેસાઈ એટલે ‘બ્રિટનના મજૂર આંદોલનના પહેલાં એશિયન નારી’. મિત્રોની ત્રિપુટી ડાહ્યાભાઈ મિસ્ત્રી અને ધનસુખભાઈ મિસ્ત્રી અને પ્રફુલ્લભાઈ અમીનને આ રીતે સાંકળી લીધા છે : ‘ડાહ્યાભાઈ અને ધનસુખભાઈને એકસૂત્રે બાંધે એવું કાંઈ તત્ત્વ હોય તો તે ચિંતન’; ‘ડાહ્યાભાઈ અને પ્રફુલ્લભાઈના ગામ જુદા પણ નજીકમાં અને ડાહ્યાભાઈ પણ જીવતા માણસ. ફરક એટલો કે પ્રફુલ્લભાઈ જાડું સૂતર કાંતે અને ડાહ્યાભાઈ ઝીણું.’

સુરેશ દલાલે પુસ્તકના પછીતે સાચું જ કહ્યું છે, ‘જયન્તભાઈના આ વ્યક્તિચિત્રો આપણે જાણે કે એ વ્યક્તિને હાજરાહજૂર મળતાં હોઈએ એવી પ્રતીતિ આપે છે.’ આગળ ચાલતાં સુરેશભાઈ વળી લખે છે : ‘વ્યક્તિચિત્રો લખવાનું કામ ભારે કપરું છે. પૂર્વગ્રહ અને પક્ષપાત વિના થોડાક પ્રસંગો દ્વારા વ્યક્તિના વ્યક્તિત્વને ઉપસાવવું એને માટે ખંડકાવ્યના કવિ જેવી કે વાર્તાકારની કલા દૃષ્ટિ જોઈએ. પ્રસંગ બે-ચાર હોય પણ એમાંથી વ્યક્તિ કે વિભૂતિનું સાંગોપાંગ ચિત્ર, ચરિત્ર ઉપસવું જોઈએ. જયન્તભાઈ પંડ્યા આ કામ આસાનીથી કરી શક્યા છે. … … જયન્તભાઈનું આ પુસ્તક એમની સ્મૃતિને કારણે આપણા સંવેદનને તરબતર કરે છે.’ પુસ્તક અને જયન્તભાઈ માટે આ ઘણી જ યથાયોગ્ય અંજલિ બને છે.

[3, Buckingham Mews, SUTTON COLDFIELD, West Midlands, B73 5PR, U.K.]

દિવસ બનાવવા બેઠી છું

• સંસ્કૃતિરાણી દેસાઈ

દિવસ બનાવવા માટે
ભેળવી દીધી છે સામગ્રી બરાબર
લૅબોરેટરીમાં, પ્રયોગો માટેનો કાચનો પ્યાલો, ત્રણ પાયાવાડી ઘોડી,
પિપેટ, કાચની નળી હલાવવા માટેની
અને બર્નર, યોગ્ય રીતે વાપરીને
એક મોટ્ટો સરસ દિવસ મળે એને માટે.
ગમતો દિવસ બન્યો હોય તો જ મજા આવે ને તેને માણવાની !
મારો બનાવેલો દિવસ જ ગમે મને તો
બસ, એ જ મ્હેક, એ જ સ્વાદ, બધું જ સંપૂર્ણતા નજીક પહોંચતું …

મને જેમ ગમે છે તેમ.
મમ્મીએ બનાવેલો દિવસ પણ ન ગમે.

દિવસ બનાવવાનું, ઘણા લોકો
‘જૉબ વર્ક’ તરીકે સોંપી દે છે બીજાને.
કોણ મહેનત કરે બનાવવાની ?
મહેનત વગર મળે તો !
શું કામ કાળજી રાખે સારો દિવસ બનાવવા માટે
બીજી કોઈ વ્યક્તિ બનાવે ત્યારે ?
આપી દે, ગમે તેમ બનાવીને
કેવી રીતે સારા જાય, મહિના, વર્ષો અને જિંદગી
જો દિવસો જ નકામાં થતા હોય તો !

પત્યો એક દિવસ, મહિનો કે વર્ષ !
કોને ફિકર છે ?

હું તો ફરી બેઠી છું દિવસ બનાવવાની સામગ્રી લઈને.
વ્યવસ્થિત રીતે ભેળવું છું
કાચની નળી ગોળ ગોળ ફેરવીને
શિખવાડી છે એણે આગવી કાર્યરીતિ.
મને ખાતરી છે
દિવસ સરસ બનશે.

[2/C Nanik Nivas, Warden Road, MUMBAI - 400 026, India]

મોજાંની જેમ જીવનને ગૂંથવું પડે છે

• ધીરજલાલ એચ. શાહ

જેમ મોજાંને ગૂંથવાં પડે છે
તેમ જીવનને પણ ગૂંથવું પડે છે.
વાતો કરતાં કરતાં અને
હસતાં હસતાં આપણે
મોજાંને ગૂંથીએ છીએ
અને અવનવા રંગો પૂરીએ છીએ.
કોઈ કોઈ ટાંકા ખોટા હોય છે
કોઈ કોઈ લાઈનો ખોટી હોય છે.
તે ખોલીને પાછા ફરીથી
ગૂંથીએ છીએ, સુધારી લઈએ છીએ.
મોજાંની જેમ જીવનમાં પણ
જ્યારે જ્યારે કંઈક ખોટું થાય
ત્યારે ત્યારે હસતાં હસતાં સુધારી લઈએ
અને જીવનને હર્ષ અને આનંદના
રંગોથી ભરી દઈએ.

[46 Greensward Lane, SUGAR LAND, TX 77479-2503, U.S.A.]

પિતૃ – અંજલિ

• બળવંત પટેલ

આજ અહીં ઊભા અમે,
આયુના છેવટે,
વિચારીએ :
છીએ કંઈ અમે કશું
તમો વતી જ તે બધું.

ન જાણતા વિટંબણા,
આપ શી વેઠતા
બાળ સાવ જે સમે અમે હતા,
મસ્તીમાં જ ડોલતા.
અબુધ સાવ સૂધબૂધ સાવ ના કશી,
ન તમા, તમારે શિર શી વીતતી.

ભાંગતોડ પાટીપેન, દફ્તરો પછાડતા
ચોપડીને એકમાંથી
અનેક કરવાની કળામહીં પાવરધા.

સ્વસ્થ, શાંત ચિત્તથી,
વહાલથી, વળી કદીક કડપથી,
વિપથ ના થવા દીધા.

આપની આંખને ઠારીએ તેવડા,
થયા ન થયા અમે,
ત્યાં જ બસ,
પરભુની પાસ પહોંચી ગયા.

પરમ્પરીય શ્રાદ્ધ તો કર્યાં બધાં,
આયુના છેવટે પ્રમાણીએ,
શ્રાદ્ધ સાચું તો રહ્યું જ શેષ.
સવાયા ક્યાં ?
સમાન આપ શા થવાયું ના.

તોય જે કંઈ કશું
થયા કર્યું તે બધું
શૈશવે, કિશોરકાળમાં જે તમે
રોપિયું જતનથી તે વડે.

ન થયા, ન કરી શક્યાં
મનોમન વાંછ્યું હશે ઘણું તમે.
હવે તો કહેવું રહ્યું
'ક્ષમસ્વ તાત, ક્ષમસ્વ.'

e.mail : Patel.balvant@gmail.com

* * * * * *

કે'ને વાલ્યમ તારા અઢળક આ વ્હાલને
હાયે કઇ પેર હું તે મૂલવું?
આવરી લીધો રે મારા ચિતનો ચંદરવો
એણે આવરી લીધાં રે મારા ચેન
દા'ડીને રેણ હવે દેખે ન કાંઇ બીજું
તારી રમણામાં રચ્યાં નેણ
અંજવાળે અરુંપરું રે'તાં બીડાઇ એને
રેશમ અંધારે ગમે ખૂલવું !
કે'ને વાલ્યમ તારા અઢળક આ વ્હાલને
હાયે કઇ પેર હું તે મૂલવું? ....
રાખું રાખું ને બંધ આપસમાં એવી તોય
ગુસપુસ તે શીય કરી ગોઠ,
વારે વારે ને વળી અમથાં અમથાંયે હવે
મરકી રિયે છે બેઉ ઓઠ,
રોમ રોમ અણજાણ્યા ઊઠતા હુલાસને
હાલર હિંદોલ મારે ઝૂલવું !
કે'ને વાલ્યમ તારા અઢળક આ વ્હાલને
હાયે કઇ પેર હું તે મૂલવું? ...
ઊભરતી એષણાના ઓઘ પરે ઓઘ લઇ
આવ્ય મારા આઠાઢી મેહ,
કુંળી આ કાયાના કણકણમાં રોપી દે
લીલો કુંજાર તારો નેહ,
અતલ ઊંડાણ થકી આનંદના આવ્ય
એક તારું સરૂપ નવું હૂલવું !
કે'ને વાલ્યમ તારા અઢળક આ વ્હાલને
હાયે કઇ પેર હું તે મૂલવું? ....

- પ્રદ્યુમ્ન તન્ના

•

સ્વર્ણિમ ગરબો ઘૂમતો જાય

• મંગુભાઈ આર. પટેલ

ઘૂમતો જાય ઘૂમતો જાય
નમોનો ગરબો ઘૂમતો જાય.
ફરરર ફૂદડી ફરતો જાય
આખા ગુજરાતમાં ઘૂમતો જાય.

આ રે ગરબામાં છે એક જ વાતડી,
ગુજરાત માટે નમો ગાળે છે ગાતડી
મહોરાં પહેરી નમો ઘૂમતા જાય
આ જ નમોનો ગરબો •

આ રે ગરબામાં કંઈ દિગ્ગજો ઘૂમતા
વેતા વગર પણ ઘૂમતા જાય.
આ જ નમોનો ગરબો •

સ્વર્ણિમની વાતે ફરરર ફરતો
હરતો જાય ફરતો જાય
સમગ્ર ગુજરાતમાં ઘૂમતો જાય
આ જ નમોનો ગરબો •

આ રે ગરબામાં છે તેલ પ્રજાનું
તો પણ સૌનું તેલ કાઢતો જાય.
આ જ નમોનો ગરબો •

આ રે ગરબામાં નેનોવાળા આવિયા
અંબાણી તો જામનગરથી આવિયા
અદાણીને તો સાથે લાવિયા
નમોને કારણે જ એ સૌ ફાવિયા
આ જ નમોનો ગરબો •

આ રે ગરબામાં રોકાણોની વાતડી
પ્રજાને માટે તો મોકાણની રાતડી
કરોડોનું આંધણ કરતો જાય.
આ જ નમોનો ગરબો •

કોડિયાં પ્રજાનાં ને તેલે પ્રજાનાં
એમાં નમોના બાપનું કહો શું જાય.
આ જ નમોનો ગરબો •

આ રે ગરબામાં ઘણી ઘણી માત છે.
આનંદી બહેનોની આગવી જમાત છે.
જમાતને પૂછી નમો ઘૂમતા જાય
આ જ નમોનો ગરબો •

આ રે ગરબામાં કહું વાત આવડી
ઠેરઠેર રસ્તામાં ઘૂમે સૌ ગાવડી
વીંઝે શીંગડાં ને ઉલાળતી જાય
આ જ નમોનો ગરબો •

ગરબો ઘૂમવામાં કદી ના હારતો
બોલે એને સમૂળગો પાડતો
પાછળ બોલ એને ધોબીપછાડ, તો
ધનિકોને વધુ ને વધુ ઉદ્ધારતો જાય.
આ જ નમોનો ગરબો •

પ્રજાને રામ ભરોંસે છોડી
ભલે ચોર પેસે તાળાં તોડી
કમાન્ડોની વચ્ચે ફરતો જાય.
આ જ નમોનો ગરબો •

દાસ મંગળ કર જોડીને વદતો,
આ બધું જોઈને લાવા જેમ ધગતો,
વિનંતી કરીને કહેતો જાય
સ્વર્ણિમ નામે ઠગશો ના.
આ જ નમોનો ગરબો •

[Manthan Twins, off Aalay & Tanmay Flats, Judges Bungalows Road, Bodakdev, AHMEDABAD- 380 054]

•

માથે-મોઢે
રૂમાલ બાંધીને
દિવાળીની સફાઈ કરવા
હું માળિયામાં પેસી.
કરોળિયાના જાળાઓમાં
શિકાર થઈ ગયેલાં
મારા ગઈકાલનાં વર્ષોનાં કંકાલ ઝૂલી રહ્યાં હતાં.
એક પલવડી
ધ્યાનભંગ થઈ અને ભાગી ગઈ,
મારાં સ્વપ્નોનાં કટાઈ ગયેલાં વાસણોનાં ઢગલા પાછળ.
મારી પિયરની નેઇમ-પ્લેટ પર
તૂટી ગયેલાં જહાજોનાં દિશાહીન ભંગારનો ભૂકો ફરી વળ્યો હતો.
કરચલીઓનાં કાટમાળ પછવાડેથી
જડી આવ્યું એક આલબમ.
એને ખંખેરતાં જ
પડળ પર પડળ થઈ ચડી ગયેલાં સંબંધોએ
આખા માળિયાને તરબતર કરી દીધું...
અંતરસના અવાવરૂ કૂવા
મારી ભીતર જોરશોરથી
ફાટી ગયેલા અવાજોના જિન્ન સમા
પડઘાવા માંડ્યા
અને
નાની-શી તિરાડમાંથી
બિલ્લીપગલે ઘૂસી આવેલ તડકાનો રૂમાલ
અચાનક મારામાંથી ઓગળીને
આલબમ પર પડેલ એક ટીપાને લૂછવા માંડ્યો.
આલબમના પહેલાં જ પાનાં પર
અમારા હનીમૂનનો ફોટો ચોંસઠ દાંત ઊઘાડીને બેઠો હતો.

- વિવેક મનહર ટેલર

દિવસનું ગોળાકાર હોડકું

• સંસ્કૃતિરાણી દેસાઈ

દિવસના ગોળાકાર હોડકામાં
બેસીને જઈ રહી છું હું
ખૂબ રમણીય લાગે છે
જબલપુરના મારબલ રૉક્સની ઊંડી કોતરો.
કે ગોવાની માન્ડોવી નદીમાં 'સાન્ટા મારિયા'માં નૃત્ય સંગીત
કે પછી ચીલિકામાં સાતપાડા પહોંચતા ડૉલફિનોનો સંગાથ અને સાગરમુખની વિશાળતા.
લઈ જઈ રહ્યું છે દિવસનું હોડકું મને ભવસાગર તરાવવા.
જેમ રિક્ષા બગડી જતાં રિક્ષાવાળો વિનંતી કરી બીજી રિક્ષામાં બેસાડી દે છે.
તેવી જ રીતે દિવસ થાકી જાય છે, ત્યારે
આપણને બીજા દિવસના હોડકામાં બેસાડી દે છે.
ચાલ્યાં જ કરે છે, આપણો પ્રવાસ તો …
કોઈ વાર સોહામણા કુદરતી દૃશ્યોમાંથી
કોઈ થર સુકાતી નદીમાંથી
નદી બિલ્કુલ સુકાઈ ગઈ હોય ત્યારે
દિવસનું હોડકું ચાલવા માંડે છે જમીન પર
ને લઈ આવે છે બીજી પાણીની જગ્યાએ.

હોડકું દિવસનું થાકી જાય અને બીજા દિવસનું હોડકું
આપણને બેસાડવા તૈયાર ન થાય
તો શું થાય ?
કોને ખબર !
દિવસની જ જવાબદારી છે, બને તેટલાને ભવસાગર તરાવવાની
દિલની સચ્ચાઈ સાથે કરે છે પોતાનું કામ …

તૂટી પડેલા દિવસનાં હોડકાં અને
જળસમાધિ લીધેલા આત્માઓ કોઈ વાર
આપણાં હોડકાંની સાથે સાથે તરતાં આવે છે,
ફરી હોડકામાં બેસાડવા માટેની પ્રાર્થના કરતાં
ઘણી વાર તો આવે છે ટોળેટોળાં
તો ક્યારેક અનુભવાય છે નીચે સાગરને બદલે
આત્માઓમાં જ તરતા હોઈએ એવું
ફફડી ઉઠાય છે …
ત્યારે ઘણા આત્માઓ આવી જાય છે પ્રોત્સાહિત કરવા
ફિરસ્તાઓની માફક આકાશમાં
ડરવાનું નહીં, એવું કહેવા
કિનારે પહોંચીને ફરી એક નવો સાગર તરવાનો છે
આના જ હોડકા સાથે
કે કોઈ જુદી રીતે,
ખબર નથી;
કે પછી ચાલતાં જવાનું છે ? કે ઊડતા ?

અત્યારે તો બસ ભવસાગર તરું છું
દિવસના હોડકામાં
સૃષ્ટિ સૌંદર્યને માણતી, અનુભવતી
મંજિલે પહોંચવાની જવાબદારી વગર…

[2/C, Nanik Nivas, Warden Road, MUMBAI - 400 026, India]

ભગવાન મહાવીર અને જેથો ભરવાડ

• સૌમ્ય જોશી

આ સ્યોરી કે'વા આ'યો સુ ને ધાબાજરિયું લા'યો સુ.
અજુ દુઃખતું ઓય તો લગાડ કોનમાં ને વાત હોંભળ મારી.
તીજા ધોરણમાં તારો પાઠ આવે છ.
ભગવાન મહાવીર,
અવે ભા ના પાડતા'તા તોય સોડીને ભણાવવા મે'લી મેં માંડમાંડ
તો ઈને તો ઈસ્કૂલ જઈને પથારી ફેરવી કાલે,
ડાયરેક ભાને જઈને કીધું કે આપણા બાપદાદા રાક્ષસ,
તો મહાવીર ભગવાનના કોનમાં ખીલા ઘોંચ્યા.
અવે ભાની પર્શનાલીટી તને ખબર નહિં,
ઓંખ લાલ થાય ને સીધ્ધો ફેંસલો.
મને કે' ઈસ્કૂલથી ઉઠાડી મેલ સોડીને,
આ તારા પાઠે તો પથારી ફેરવી, સાચ્ચેન.
અવે પેલાએ ખીલ્લા ઘોંચ્યા એ ખોટું કર્યું, હું યે માનું સું,
પણ એને ઓસી ખબર અતી કે તું ભગવાન થવાનો સ!
અને તીજા ધોરણમાં પાઠ આવવાનો તારો.
એનું તો ડોબું ખોવાઈ ગ્યું તે ગભરાઈ ગ્યો બિચારો.
બાપડાન ભા, મારા ભા જેવા હશે,
આ મારથી ચંદી ખોવાઈ ગઈ'તીને તે ભાએ ભીંત જોડે ભોડું ભટકાઈને
બારી કરી આલી'તી ઘરમાં
તો પેલાનું તો આખું ડોબું જ્યું તાર લીધે,
દિમાગ તપ્યું હશે તો ઘોંચી દીધા ખીલ્લા.
વાંક એનો ખરો,
હાડી હત્તરવાર ખરો,
પણ થોડો વાંક તારોય ખરો ક નહિં,
અવે બચારો બે મિનિટ માટે ચ્યોંક જ્યો,
તો આંસ્યુ ફાડીને એનું ડોબું હાચવી લીધું હોત
તો શું તું ભગવાન ના થાત?
તારું તપ તૂટી જાત?
અવે એનું ડોબું ઈનું તપ જ હતું ને ભ'ઈ !
ચલો એ ય જવા દો,
તપ પતાઈને મા'ત્મા થઈને બધાને ઉપદેશ આલવા માંડ્યો,
પછીયે તને ઈમ થ્યું કે પેલાનું ડોબું પાસું અલાવું?
તું ભગવાન, મારે તને બહુ સવાલ નહિં પૂસવા,
ઉં ખાલી એટલું કઉ'સું.
કે વાંક બેનો સે તો ભૂલચૂક લેવીદેવી કરીને પેલો પાઠ કઢાયને ચોપડીમોંથી,
હખેથી ભણવા દે ન મારી સોડીને,
આ હજાર દેરા સે તારા આરસના,
એક પાઠ નહિં ઓય તો કંઈ ખાટુંમોરું નઈ થાય,
ને તો ય તને એવુ હોય તો પાઠ ના કઢાઈ, બસ !
ખાલી એક લીટી ઉમરાઈ દે ઈમાં,
કે પેલો ગોવાળિયો આયો'તો,
સ્યોરી કઈ ગ્યો સે,
ને ધાબાજરિયું દઈ ગ્યો સે!

(સદ્ભાવ : http://tahuko.com/?p=9539)

એતાનશ્રી –

વન બળે ... રીમ તૈયાર થાય ... સામયિક રિ-સાયકલ થાય ...

• મને થયા કરે કે આપણાં ગુજરાતી સામયિકો આ ઈન્ટરનેટનો લાભ લેવાનું ક્યારે ય શીખશે ખરાં ?

એક જાણીતા ગુજરાતી સામયિકે જ્યારે 'સુંદરમ્'ની કવિતાઓનાં બેઢંગી અંગ્રેજી અનુવાદો છાપ્યા હતા, ત્યારે ગ્રાહકોનાં લવાજમના પૈસાનો આવો વેડફાટ કરતાં સંપાદકને લખવું પડ્યું હતું. પણ એ ભાયડો જવાબ આપે ? તમને નમૂનો આપું ! રોમાંચ થશે. કવિ 'સુંદરમે' એક સરસ કવિતામાં વિરહી નાયિકા વને વને વિહરી રહી છે એવા ભાવની નાજુક કવિતા કરી છે. એનો અનુવાદ થયો અને અંગ્રેજીમાં વને વને all the forest સ્વરૂપે વરવું બનીને માથે મરાય છે. (કેટલાયે વન બળે ત્યારે કાગળના રીમ તૈયાર થાય. અને ઘરમાં આવા સામયિકો આવે એટલે થોડાં જ દિવસોમાં એને રિ–સાઇકલ કરાવવાં પસ્તીવાળો ઉઘરાવી જાય!) બધાં જ અનુવાદો આ પ્રમાણેના ધોરણસરનાં છે.

"ઓપિનિયન" બધી જ રીતે પરફેક્ટ છે. જરા પણ કષ્ટ વિના, એક પછી એક, પાનાં વંચાયે જાય ..."ઓપિનિયન"ની સ્ટાઈલ બરાબર જ છે.

- રમેશ શાહ (સુરત)

e.mail : shahrameshb@gmail.com

ભાષાની ખરાઈ ને મુદ્રણની ચોક્કસાઈ

• હમણાં પ્રવાસમાં હતો. અમારી ગુજરાતી સાહિત્ય અકાદમીએ આ વરસે ફ્લોરિડામાં સાતમું સાહિત્ય સમ્મેલન યોજેલું, તો તેમાં ય ત્રણ દિવસ જઈ આવ્યો. કવિતા વિષેનું પારિતોષિક મને એનાયત થયેલું. બહુ રાજી થયેલો. પરંતુ આથી વિશેષ આનંદ તો આખો અવસર પ્રસન્નકર રહ્યો. અને તેમાં ય ભારતથી પધારેલાં ત્રણ મહેમાનો - ભોળાભાઈ પટેલ, નિરંજન ભગત તેમ જ વર્ષા અડાલજાને સાંભળવાની તો ઓર જ મજા આવેલી.

વિસ્મયપૂર્વક મેં નોંધ્યું છે કે તમારા બંને સામયિકો ("ઓપિનિયન" ને "નિરીક્ષક") જોડણીની તથા મુદ્રણની નહીંવત્ ભૂલો કરે છે. બધા પ્રકારના સમસામયિકોમાં મેં તમામ પ્રકારની ભૂલો દીઠી છે (અલબત્ત, ભારતથી આવતાં કેટલાંક ઉત્કૃષ્ટ સામયિકો તેમાંથી બાકાત છે). "ઓપિનિયન" તેમ જ "નિરીક્ષક" આનંદની સુરખી વાટે નવીન જોમ પૂરે છે. ભાષાની ખરાઈ તેમ જ મુદ્રણની ચોક્કસાઈ માટે બંને સામયિકોને તથા તેમના જવાબદાર કર્તાહર્તાઓ પ્રત્યે ઋણભાવ વ્યક્ત કરી લઉં છું.

- વિરાફ કાપડિયા

e.mail : vkapmail@yahoo.com

• "ઓપિનયન"નો સપ્ટેમ્બર અંક આખો વાંચી કાઢ્યો. બહુ જ સરસ. ભરત શાહ પ્રેષિત 'કુંવરબાઈનું મામેરું' વિશેષ ગમ્યું. આભાર.

- રાજેશ્વરી શુક્લ

email : mrsrdshukla@gmail.com

• મને "ઓપિનિયન" પાઠવવા માટે આભારી છું. મને તે વાંચવું ગમે છે. આ પહેલાંના અંકો પણ તમે મોકલ્યા જ છે. ધન્યવાદ.

- સુરેશ અને ચંદ્રા શાહ

e.mail : cshah@singnet.com.sg

'કુંવરબાઈનું મામેરું'નાં લેખિકા નીલમબહેન દોશી છે

• સપ્ટેમ્બર ૨૦૧૦ના અંકમાં મૂકેલી કવિતા 'કુંવરબાઈનું મામેરું'નાં લેખિકા નીલમબહેન દોશી છે. તેમને યથાયોગ્ય ક્રેડિટ તમારી ઈ.કૉપીમાં આપવા ઘટિત કરશો.

- વિજય શાહ

e.mail : vijaykumar.shah@gmail.com

તે બ્લૉગ પરેથી તર્યા કરે છે, ફર્યા કરે છે

• "ઓપિનિયન"નો સપ્ટેમ્બર ૨૦૧૦નો અંક વાંચ્યો છે. ખરેખર સરસ છે. સંપાદનની કુશળતા બોલે છે.

એક બાબત વિશે તમારું ધ્યાન દોરવું છે : 'કુંવરબાઈનું મામેરું' કવિતા ભરતભાઈ શાહે મોકલેલી તે તમે પ્રગટ કરી છે. તે કવિતા મારી લખાઈ છે. આશરે ત્રણેક વરસ પહેલાં લખીને મારા 'બ્લૉગ' પરે મૂકેલી. માનશો ? ત્યાથી, બસ, તે અહીં તહીં તર્યા ફર્યા કરે છે ! તેની નીચે કર્તાનું નામ અપાયું નહોતું, આથી આટલો ખૂલાસો. આભાર.

- નીલમ દોશી

e.mail : nilamhdoshi@gmail.com

કોમો વચ્ચે મનમેળ કરવાનું ગંજાવર કામ

• "ઓપિનિયન"ના સપ્ટેમ્બર અંક સાથે મોકલેલો તમારો આમુખ શો કાગળ વાંચ્યો. તમે જે લાગણી દર્શાવી છે તેની સાથે હું ય પૂરો સહમત છું. પરંતુ દેશની સાંપ્રત રાજકીય, સામાજિક અને આર્થિક પરિસ્થિતિ જોતાં દેશની બધી જ કોમો વચ્ચે મનમેળ કરવાનું બહુ ગંજાવર કામ થવાનું. અને જો આ વ્યહારમાં લાવી શકાય તો બહુ મોટું પદાર્પણ થયું લેખાશે.

- વિજયકર મહેતા

e.mail : vijaykermehta@gmail.com

ઈન્ટરનેટ ભાષા - સાહિત્યનાં કામને આગળ વધારશે

• "ઓપિનિયન"નો અંક એકદમ સરસ છે. અને ભવિષ્યમાં તેની વિવિધતા વધતી જશે અને તેનો પ્રચાર વૈશ્વીક ગુજરાતી સમુદાયમાં થશે તેની ખાતરી છે. ઈન્ટરનેટ ભાષા તથા સાહિત્યનાં કામને એકદમ આગળ વધારવાની તક આપશે, તેમાં કોઈ શંકા નથી. "ઓપિનિયન"ની આ નવા સ્વરૂપમાં હું સંપૂર્ણ સફળતા ચાહું છું.

- રોહિત બારોટ

e.mail : rohitbarot@gmail.com

જૂના કવિઓની કવિતાઓ વચ્ચે

• "ઑપિનિયન"નો નવો અંક મળ્યો. વાંચીને આનંદ થયો. જૂના કવિઓની કવિતાઓ વચ્ચે સમાવી, એ જોઈ મનને અજબ શાતા મળી. .. મારી કવિતા પણ જોઈ ... આ સામયિકનો એક નિયમિત ભાગ બની ગયો હોઉં એવું અનુભવાય છે ... આભાર !!

- વિવેક ટેલર

e.mail : dr_vivektailor@yahoo.com

• "ઓપિનિયન"નો સપ્ટેમ્બરનો અંક વાંચીને ખૂબ જ આનંદ થયો. તમામ અંકો સમયસર મોકલવા બદલ તમારો ખૂબ ખૂબ આભારી છું.

- યશવંત ઠક્કર

e.mail : asaryc@gmail.com

• તમારા "ઓપિનિયન"નો સપ્ટેમ્બર માસનો ડિજિટલ અંક જોયો, વાંચ્યો. અભિનંદન. ટેકનોલોજી હરણફાળે આગળ ધપી રહી છે અને આપણે તેનો સદુપયોગ કરવો રહે છે. હવે તો "માતૃભાષા" પણ ઑસ્ટ્રેલિયાથી ડિજિટલ આવૃત્તિમાં જ પ્રગટ થાય છે.

- જયંતી મણિલાલ દલાલ

e.mail : jmdalal@rediffmail.com

• ઘણા વખત બાદ તમારી ઈ.મેલથી "ઓપિયિન"નો અંક મળ્યો. બધા જ અંકો વાચી ગયો. ડિજિટલ અંકોનો તમારો પ્રયાસ પ્રશંસીય છે. તમારી સફળતાને બિરદાવું છું. અભિનન્દન.

- મુકુન્દ દેસાઈ

e.mail : mddesai2003@yahoo.com

માતૃભાષા અને માતૃભૂમિ માટેનો સ્નેહ

• ગુજરાતી સામિયક "ઓપિનિયન" મને પાઠવવા માટે તમારો આભારી છું. સામયિકની રજૂઆત બહુ સરસર છે. શુદ્ધ ગુજરાતીમાં પેશ કરાયેલી સઘળી સામગ્રીઓ પણ રસપ્રદ છે. માતૃભાષા તેમ જ માતૃભૂમિ માટેનો તમારો સ્નેહ આમાં પ્રદર્શિત થાય છે.

- ભાગ્યેન્દ્ર પટેલ

સહાયક સંપાદક (ગુજરાતી), નેશનલ બૂક ટ્રસ્ટ, નવી દિલ્હી - ૧૧૦ ૦૭૦

• ગુજરાતીઓ elanનો ઉચ્ચાર ઐલાન કરે છે? જુઓ મધુ રાયનું ‘ન.મો. ગાંધીનો ઐલાન’.

- દયાશંકર જોશી

e.mail : dmjoshi1@gmail.com

‘ઐલાન’ મૂળગત અરબી શબ્દ છે

• **ઐલાન** અંગ્રેજી elan નહીં, અરબી ‘એલાન’ છે, જેનો ગુજરાતી ઉચ્ચાર કે. કા. શાસ્ત્રીજીના કોશ મુજબ ઍલાન થાય છે, અને હું ઊંધી માત્રા સ્વીકારતો નથી તેથી ઐલાન કરેલું. અંગ્રેજી elanનો અર્થ પ્રાણતત્ત્વ, ઊર્જા, ઉત્સાહ વગેરે થાય છે, તે ઉપલબ્ધ ડિક્શનરીમાં જોઈ શકાય. તે તે બધું ન. મો. ગાંધીમાં હશે જ પરંતુ મારા લેખમાં મેં તેમના ઐલાનની યાને ઘોષણા, ઢંઢેરા, પયગામની વાત કરી છે. …

- મધુ રાય

e.mail : madhu.thaker@gmail.com

• તમે આ ‘એલાન’(elan)ના અંગ્રેજી શબ્દને જ કેમ વળગી રહ્યા છો ?

- મધુ રાય

ગુજરાતીઓને તેની માતૃભાષાનું ગૌરવ નથી

હકીકતે તે ફ્રેન્ચ શબ્દ છે. આ ‘élan’ શબ્દ અંગ્રેજીમાં ઊતરી આવ્યો છે પરંતુ તેનો મૂળ ઉચ્ચાર ખરી પડ્યો છે. અંગ્રેજીમાં આ ઉચ્ચાર જળવાયો નથી. માટે આ ‘લીન્ક’ પરે જોઈએ તો આ સમજાય છે : http://www.merriam-webster.com/dictionary/elan. જ્યારે અંગ્રેજી શબ્દકોશમાં ઉચ્ચાર જળવાયો છે.

જ્યારે તમને જણાયું કે ગુજરાતીમાં જડતા આ શબ્દની વ્યુત્પત્તિ મૂળ અરબીમાં છે અને ફારસી વાટે આપણને આવી મળ્યો છે, ત્યારે તેના મૂળ અરબી ઉગમ વિશે તમને ખ્યાલ આવી જવો જોઈતો હતો. યુસૂફ બી. ગરસીએ આ 'i'lān અરબી શબ્દ અંગે આમ લખ્યું છે : http://groups.google.com/group/soc.culture.indian/browse_thread/thread/b19e81ab148edd78/6388e7c84020d601?hl=en#6388e7c84020d601

વળી, તેણે સમજાવ્યું છે કે અરબીનો ‘**i**’ ભારતીય ભાષાઓમાં ‘**e**’ રૂપે ફેરવાયો પણ હોય. ‘**ઍ**’ને ‘**ઐ**’ તરીકે લખાયું છે, તેની સમજણ મળી આવે છે.

ગુજરાતીઓને તેની માતૃભાષાનું ગૌરવ નથી. તમારે કે.કા. શાસ્ત્રી પાસે જવાની જરૂર નહોતી; આપણી સમક્ષ રતિલાલ ચંદરયા સરળતાએ છે જ. જુઓ : http://www.gujaratilexicon.com/index.php?action=GGDictionary&sitem=%E0%AA%8F%E0%AA%B2%E0%AA%BE%E0%AA%A8&type=1&dict=2&page=0&p=1 <http://www.gujaratilexicon.com/index.php?action=GGDictionary&sitem=%E0%AA%8F%E0%AA%B2%E0%AA%BE%E0%AA%A8&type=1&dict=2&page=0&p=1>

અલબત્ત, તમારી મૌલિકતા તેથી પ્રદર્શિત ન થઈ હોત. સામાન્યપણે લોકો પોતાની મૌલિકતાને પ્રદર્શિત કરવાના લોભમાં, મળતી સહાયને ધ્યાનમાં લેતા જ નથી. વિપુલ કલ્યાણી પણ આ રીતે ‘હૈડાપાટુ’માં અટવાયા જ હતા.

આ રીતે તરંગી અભિરુચિવાળા શબ્દોના ઉપયોગ કરવાથી ગુજરાતી લાંબું જીવી ન શકે. તેને એવાં લખાણની ખપત છે જેથી બાળકો ખરા ગુજરાતી શબ્દો સાંભળતા સાંભળતા ઉછેરાતાં રહે. જેમ મરાઠી, તમિળ, કન્નડ જેવી જેવી ભાષાઓમાં બને છે તેમ અને તેવી રીતે.

- દયાશંકર એમ. જોશી

e.mail : joshidm@gmail.com

• “ઓપિનિયન”ની સપ્ટેમ્બરની ડિજિટલ આવૃત્તિ મોકલવા માટે આભારી છું. અથથી ઈતિ વાંચી ગયો. ખૂબ મજા પડી.

- મનુ નાયક

e.mail : manu.nayak@sbcglobal.net

આ કચડાયેલું જીવન છે

• “ઓપિનિયન”ના આ સપ્ટેમ્બર અંકમાં મેં કેટલાક ફોટાઓ પણ જોયા - ગરીબાઈના, ઘાતકીપણાવાળી ભાંગફોડના તેમ જ માનવજીવનને છિન્નભિન્ન કરતા ફોટાઓ છે. મારી કને ય આવાં ચિત્રો છે, પરંતુ દરેક ચિત્ર સાથે નાનું અમથું લખાણ પણ છે. કદાચ તમને ખબર ન પણ હોય, ત્રીસેક વરસના અરસાથી ‘લેપ્રસી ફાઉન્ડેશન’ નામે એક નાની સંસ્થા ચલાવું છું. કેટલાંક સમર્પિત મિત્રો મારી સાથે આમાં જોડાયાં પણ છે.

વારંવાર હું ભારત જતો હોઉં છું અને આ ભંડોળનો ઉપયોગ કરતો રહું છું. વારુ, આવો એકાદ લેખ અને સાથે એકાદબે ચિત્રો તમને મોકલું છું. … આ બાળકો મારી નજીક પણ આવતાં ગભરાતાં હતાં. તેઓ મારી સાથે વાતચીત કરે – રડ્યાખડ્યા બેચાર શબ્દો ય બોલે - તેને સારુ તો ભગીરથ પ્રયાસ કરવો પડેલો. આ કચડાયેલું જીવન છે. અને આવાં લાખો લોકો છે.

- આનંદરાવ લિંગાયત

e.mail : gunjan_gujarati@yahoo.com

તેને આટોપી લેવામાં ઉતાવડ કરી છે

• આ સપ્ટેમ્બર ૨૦૧૦નો અંક ઉત્કૃષ્ટ છે. તમારા સંપાદનકામને સલામ. જાણે એક ઈંચનો પણ બગાડ નહીં. બધા જ ગુણવત્તાભર્યા લેખો - ઉત્તમ લેખકો. ‘એતાનશ્રી -’માં મેં કેટલાં બધાં નવાં નામો ભાળ્યાં. ઈન્ટરનેટ વાટે આ સામયિકને જે પ્રતિષ્ઠા સાંપડી રહી છે તેનું એ દ્યોતક છે.

અબી હાલ મારી કને કમ્પ્યૂટર નથી, હું લાઇબ્રેરીમાં જઈને ઉપયોગમાં લઉં છું. તમારા રશિયા વિશેના લેખો વિશે મને સવાલ જાગ્યો છે - મને લાગે છે તમે તેને આટોપી લેવામાં ઉતાવડ કરી છે. દરમિયાન, જૂના મિત્ર, હયદરઅલી જીવાણીનો કાગળ જોઈ, વાંચીને બહુ રાજી થયો. એ હમણાંના જાણે કે શાન્ત પડી ગયા હતા.

- હરનિશ જાની

e.mail : harnish5@yahoo.com

ડાયસ્પોરાનો મજબૂત અવાજ

• આ સપ્ટેમ્બર અંક વાંચવાની મજા પડી. ‘આંતરરાષ્ટ્રીય શાન્તિ દિવસ’ને તમે યાદ કરી તે વિશેનું લખાણ કર્યું તેથી હું રાજી થઈ છું. રશિયા વિશેના તમારા લેખો ય વાંચવા ગમ્યા. આ ફેરે તેણે મને મારા ૧૯૮૭ના દિવસોની યાદ અપાવી. તે વરસે હું ‘આંતરરાષ્ટ્રીય મહિલા મહાસભા’માં (the World Congress of Women) પ્રતિનિધિ તરીકે ભાગ લેવા મૉસ્કો ગયેલી. ગોર્બાચોવને સાંભળવાની પણ મને તક સાંપડી હતી. રશિયાના વિશ્વવિખ્યાત નૃત્યો જોવાનો ય જોગ ઊભો થયો હતો.

ડાયસ્પોરાનાં જીવન તેમ જ તેનાં સાહિત્ય બાબત “ઓપિનિયન” હવે મજબૂત અવાજ હોય તેમ પૂરવાર થઈને રહ્યું છે. હરહંમેશ માટેની તમને શુભ કામનાઓ જ હોય.

- ઉષા ઠક્કર

e.mail : ushathakkar@yahoo.com

જયન્તભાઈ પંડ્યા સાંભરી આવ્યા

• “ઓપિનિયન”ને વીજળિક વાઘામાં જોઈ બહુ આનંદ થયો. “ઓપિનિયન”નો ડિજિટલ અવતાર આરંભ થયો ત્યારે તેનો પહેલો ય અંક જોયો જ હતો. કેટલા બધાને આને લીધે “ઓપિનિયન” વાંચવાનું મળે છે !

તમારા લેખમાં સપ્ટેમ્બર - ઑક્ટોબરને ‘સીલી સિઝન’ કહે છે જાણી ગમ્મત પડી. … સ્પાસિબા રશિયા … દુસ્વીદાનિયા તરફ તરત ધ્યાન ગયું. કારણ રુસી ભાષા હું શીખી છું. “ઓપિનિયન” વાંચવાની મજા આવે છે.

ઑગસ્ટ અંકમાં જયન્તભાઈ પંડ્યાના શબ્દો વાંચવા ગમ્યા : ‘સર વિપુલ કલ્યાણી’ !! … અને જયન્તભાઈ અને તમારી સાથે સાહિત્ય પરિષદની આપણી મુલાકાત યાદ આવી. … ‘ગુજરાતી દિવસની’ ઉજવણીનો હેવાલ બહુ રસથી વાંચ્યો. … તમારી સઘળી સિદ્ધિઓ માટે અભિનંદન હજો ! અશોક કરણિયાના તમારા માટેના શબ્દો વાંચી મજા આવી. … આ કામ ચાલુ જ રાખજો !

- સંસ્કૃતિરાણી દેસાઈ

sanskritidesai@yahoo.com

એક ગુમનામ લેખિકાનું લોકલાડીલું ગીત

• દીપક મહેતા

‘રક્ત ટપકતી સો સો ઝોળી સમરાંગણથી આવે’, એ પંક્તિથી શરૂ થતું ઝવેરચંદ મેઘાણીનું ‘કોઈનો લાડકવાયો’ ગીત, આપણાં અત્યંત જાણીતાં અને લોકપ્રિય ગીતોમાંનુ એક છે. આખું ગીત નખશીખ એવું તો તળપદું છે કે જો મેઘાણીએ પોતે નિખાલસતાથી જણાવ્યું ન હોત કે ‘સમબડીઝ ડાર્લિંગ’ નામના અંગ્રેજી ગીતને આધારે લખાયું છે, તો બીજા કોઈને એવો વહેમ પણ કદાચ ન જાત. મેઘાણીએ પોતે અંગ્રેજી ગીત વાંચ્યું પણ નહોતું, સાંભળ્યું હતું. દેવદાસ ગાંધીએ જેલમાં એક કાર્યક્રમમાં વાંચ્યું, તે પરથી મેઘાણીને ગુજરાતી ગીત સૂઝ્યું.

મેઘાણી પોતે કહે છે: ‘અત્યારના આપણા સમયને અનુરૂપ ભાવ આપેલો છે. અનુવાદ નથી. રંગો પૂરવામાં છૂટ લીધી છે. પણ મૂળ અંગ્રેજી ગીત લખ્યું કોણે? ક્યારે? ક્યા સંજોગોમાં? આ ગીત લખનાર એક સ્ત્રી છે. એનું નામ મેરી રાવેનાલ દ લા કોસ્ટ. તેનો જન્મ ૧૮૪૫માં, મૃત્યુ ૧૯૩૬માં. ગીત લખાયું અમેરિકાના આંતરવિગ્રહ દરમિયાન. રાતોરાત અમેરિકામાં ખૂબ લોકપ્રિય થઈ પડેલું. લખનાર મેરીનાં માતાપિતા ફ્રેન્ચ હતાં, પણ સ્વદેશ છોડી અમેરિકાના જ્યોર્જિયામાં સ્થાયી થયેલાં. મેરી પણ ફ્રેન્ચ ભાષાની શિક્ષિકા હતી. જેની સાથે તેનાં લગ્ન થવાનાં હતાં તે યુવાન લશ્કરમાં હતો અને યુદ્ધભૂમિ પર માર્યો ગયો હતો. તેના અવસાન પછી અવારનવાર મેરી સ્થાનિક હૉસ્પિટલોમાં જતી, ઘવાયેલા સૈનિકો માટે ફૂલો લઈ જતી, તેમની સાથે વાતો કરતી. એક વાર એક અજાણ્યા સૈનિકને મરણતોલ હાલતમાં હોસ્પિટલમાં લાવવામાં આવ્યો ત્યારે મેરી ત્યાં હાજર હતી અને તેણે ‘સમબડીઝ ડાર્લિંગ’ ગીત લખી નાખ્યું.

ગીત લોકોનાં હૈયે અને જીભ પર વસ્યું, પણ લેખિકા તરીકે મેરીનું નામ વસ્યું નહીં. મેરીને પોતાને પણ નામની ઝાઝી પડી નહોતી. ઘણા સંગ્રહોમાં પણ ગીત લખનારના નામ વગર જ પ્રગટ થતું રહ્યું. પણ ૧૮૮૦માં એક સંગ્રહમાં મેરીએ લખેલા કેટલાક પત્રો સાથે આ કાવ્ય પ્રગટ થયું ,ત્યારથી મેરીને આ ગીત લખનાર તરીકેનું માન મળ્યું. અલબત્ત, ગીતની લોકપ્રિયતામાં તેની બંદિશે પણ મહત્ત્વનો ભાગ ભજવેલો. જોન હિલ હેવિટ નામના જાણીતા સંગીતકારે આ ગીતને સંગીતના સૂરોમાં ઢાળ્યું. પોતે લખેલું ગીત લઈને મેરી એક પ્રકાશક હર્મન શ્રેઈનર પાસે ગઈ. તેને આ ગીત પસંદ પડી ગયું અને તેથી તેણે તે હેવિટને જોવા મોકલ્યું અને કહ્યું કે તમને ઠીક લાગે તો આનું મ્યુઝિક કમ્પોઝ કરી આપો. હેવિટે તૈયાર કરેલા સંગીતના નોટેશન્સ સાથે શ્રેઈનરે તે છાપ્યું પણ કોણ જાણે કેમ તેના પર લેખિકાનું નામ જ નહોતું છાપ્યું. આ ‘શીટ મ્યુઝિક’ની માગ એટલી બધી થઈ ગઈ કે તેને પહોંચી વળવાનું પ્રકાશક માટે અઘરું બની ગયું. અમેરિકાના આંતરવિગ્ર વિષેની અત્યંત જાણીતી ફિલ્મ ‘ગોન વિથ ધ વિન્ડ’માં પણ આ ગીતનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આવી એક ગુમનામ લેખિકાનું ગીત મેઘાણીને કાને પડ્યું અને તેમાંથી આઝાદીની ચળવળને અનુલક્ષીને લખાયું ‘કોઈનો લાડકવાયો’. મૂળ અંગ્રેજી ગીત પણ બનેલું લોકોનું લાડકું, પણ તેની લેખિકા બનેલી ગુમનામ.

(સદ્‌ભાવ : ‘વર્ડનેટ’, “મુંબઈ સમાચાર”, ૩૦.૦૯.૨૦૧૦)

e.mail : deepakbmehta@gmail.com

•

કોઈનો લાડકવાયો

• ઝવેરચંદ મેઘાણી

**રક્ત ટપકતી સો સો ઝોળી સમરાંગણથી આવે,
કેસરવરણી સમરસેવિકા કોમલ સેજ બિછાવે;
ઘાયલ મરતાં મરતાં રે! માતની આઝાદી ગાવે.
કોની વનિતા, કોની માતા, ભગિનીઓ ટોળે વળતી,
શોણિતભીના પતિ-સુત-વીરની રણશૈયા પર લળતી;
મુખથી ખમ્મા ખમ્મા કરતી માથે કર મીઠો ધરતી.
થોકે થોકે લોક ઊમટતા રણજોધ્ધા જોવાને,
શાબાશીના શબ્દ બોલતા પ્રત્યેકની પિછાને;
નિજ ગૌરવ કેરે ગાને જખમી જન જાગે અભિમાને.
સહુ સૈનિકનાં વહાલાં જનનો મળિયો જ્યાં સુખમેળો,
છેવાડો ને એકલવાયો અબોલ એક સૂતેલો;
અણપૂછયો અણપ્રીછેલો કોઈનો અજાણ લાડીલો.
એનું શિર ખોળામાં લેવા કોઈ જનેતા ના'વી;
એને સીંચણ તેલ-કચોળા નવ કોઈ બહેની લાવી;
કોઈના લાડકવાયાની ન કોઈએ ખબર પૂછાવી.
ભાલે એને બચીઓ ભરતી લટો સુંવાળી સૂતી,
સન્મુખ ઝીલ્યાં ઘાવો મહીંથી ટપટપ છાતી ચૂતી;
કોઈનો લાડકવાયાની આંખડી અમ્રુત નીતરતી.
કોઈના એ લાડકવાયાનાં લોચન લોલ બિડાયાં,
આખરની સ્મ્રતિનાં બે આંસુ કપોલ પર ઠેરાયાં;
આતમ-લપક ઓલાયો, ઓષ્ટનાં ગુલાબ કરમાયાં.
કોઈનાં એ લાડકડા પાસે હળવે પગ સંચરજો,
હળવે એનાં હૈયા ઊપર કર-જોડામણ કરજો;
પાસે ધૂપસળી ધરજો, કાનમાં પ્રભુપદ ઉચરજો!
વિખરેલી એ લાડકડાની સમારજો લટ ધીરે,
એને ઓષ્ટ-કપોલે-ભાલે ધરજો ક હુંબન ધીરે;
સહુ માતા ને ભગિની રે! ગોદ લેજો ધીરે ધીરે.
વાંકડિયા એ ઝુલ્ફાંની મગરૂબ હશે કો માતા,
એ ગાલોની સુધા પીનારા હોઠ હશે બે રાતા;
રે! તમ ચુંબન ચોડાતાં પામશે લાડકડો શાતા.
એ લાડકડાની પ્રતિમાનાં છાનાં પૂજન કરતી,
એની રક્ષા કાજા અહનિરશ પ્રભુને પાયે પડતી;
ઉરની એકાંતે રડતી વિજોગણ હશે દિનો ગણતી.
કંકાવટીએ આંસુ ધોળી છેલ્લું તિલક કરતાં,
એને કંઠ વીંટાયાં હોશે કર બે કંકણવંતા;
વસમાં વળામણાં દેતાં બાથ ભીડી બે પળ લેતાં.
એની કૂચકદમ જોતી અભિમાન ભરી મલકાતી,
જોતી એની રૂધિર - છલક્તી ગજગજ પ્હોળી છાતી;
અધબીડયાં બારણિયાંથી રડી કો હશે આંખ રાતી.
એવી કોઈ પ્રિયાનો પ્રીતમ આજ ચિતા પર પોઢે,
એકલડો ને અણબૂઝેલો અગન-પિછોડી ઓઢે;
કોઈના લાડકવાયાને ચૂમે પાવકજવાલા મોઢે.
એની ભસ્માંકિત ભૂમિ પર ચણજો આરસ-ખાંભી,
એ પથ્થર પર કોતરશો નવ કોઈ કવિતા લાંબી;
લખજોઃ 'ખાક પડી આંહી કોઈના લાડકવાયાની'.**

SOMEBODY'S DARLING

— MARIE LA COSTE
1845 - 1935

Into a ward of the white washed walls,
Where the dead and dying lay,
Wounded by bayonets, shells and balls,
Somebody's darling was borne one day.

Somebody's darling so young and brave
Wearing yet on his pale sweet face,
Soon to be hid by the dust of the grave,
The lingering light of his boyhood's grace.

Matted and damp are the curls of gold
Kissing the snow of that fair young brow;
Pale are the lips of delicate mold -
Somebody's darling is dying now.

Back from the beautiful blue-veined brow
Brushed all the wandering waves of gold;
Cross his hands on his bosom now;
Somebody's darling is still and cold.

Kiss him once for somebody's sake,
Murmur a prayer soft and low;
One bright curl from it's fair mates take;
They were somebody's pride you know.

Somebody's hand has rested there;
Was it a mother's soft and white?
And have the lips of a sister fair
Been baptized in the waves of light?

God knows best! He was somebody's love,
Somebody's heart enshrined him there.
Somebody wafted his name above,
Night and morn on the wings of prayer.

Somebody wept when he marched away,
Looking so handsome brave and grand;
Somebody's kiss on his forehead lay;
Somebody clung to his parting hand.

Somebody's watching and waiting for him,
Yearning to hold him again to her heart;
And there he lies with his blue eyes dim,
And the smiling child-like lips apart.

Tenderly bury the fair young dead,
Pausing to drop on his grave a tear;
Carve on the wooden slab at his head,
"Somebody's darling slumbers here."

•

કવિતા

• પ્રીતમ લખલાણી

અમેરિકાથી ફક્ત અઠ્યાવીસ દિવસ માટે આવેલા ડૉ. કવિ મૃગેશ શેઠ, અંગ્રેજી ગુજરાતીના પ્રાધ્યાપક, વિવેચક પલ્લવી મહેતા જોડે પવિત્ર મંત્રો અને શરણાઈના સૂરો વચ્ચે, અગ્નિની સાક્ષીએ, લગ્નગ્રંથિએ બંધાઈ ગયા. બે અઠવાડિયા બાદ અમેરિકા પાછા ફરતા પહેલાં નવોઢા સાથે, ડૉક્ટર મૃગેશ મધુર રજનીનો આનંદ માણવા મુંબઈથી નજીક આવેલા માથેરાન જઈ ચઢ્યા.

વહેલી સવારે માથેરાનની ટેકરીઓ વચ્ચે સૂર્યોદય જોવા ઘોડા પર નીકળેલાં આ પ્રેમી પંખીડાં એકમેકની વાતોમાં ગુંથાયા હતાં. બરાબર એ જ વખતે રોજ રોજ વિવેચન તરફ ઢળતી પ્રાધ્યાપક પલ્લવીએ, મેડિકલ અમેરિકન ડૉક્ટર અને ગુજરાતી યુવાન કવિને એક પ્રશ્ન પૂછ્યો!

'કવિ તમારી દૃષ્ટિએ કવિતા કોને કહેવાય ?'

મૃગેશે, આ પ્રશ્ન પર કશો વિચાર કર્યા વગર, પલ્લવીને બેધડક જણાવી દીધું, 'કવિતા એટલે કવિતા', કારણ વિના આપણે શું કામ કવિતા વિશે ખોટી સાચી વ્યાખ્યા બાંધવી?'

'મૃગેશ, તારે આ બાબતમાં જવાબ ન આપવો હોય તો કંઈ નહીં, પણ કારણ વિના તું આમ મારી વાતને ટાળી ન દે ! મૃગેશ, આજકાલ કાવ્યમાં વિશેષ ગઝલ લખાય છે ! કેમ ખરુંને?' પલ્લવીની વાતમાં માથું ધુણાવીને મૃગેશે હાની સંમતિ દર્શાવી દીધી.

'મૃગેશ, શું છંદની માત્રામાં અને રદીફ કાફિયાની જાળવણીથી રચાતી રચનાને આપણે ગઝલ ન કહી શકીએ?'

'પલ્લવી, છંદની જાળવણીથી કે રદીફ કાફિયાની માવજતથી ચોક્કસ ગઝલને શરીરનો આકાર પ્રાપ્ત થાય છે પણ ગઝલને કાવ્યનો આત્મા પ્રાપ્ત થતો નથી. આજે ગઝલના લીલા દુકાળમાં મોટે ભાગે આત્મા વિનાની ગઝલો લખાય છે. જો કે ગઝલ લખવી બહુ જ સરળ છે પણ એક શેર લખવો કઠિન છે.'

'તો પછી, મૃગેશ, કાવ્ય અને ગઝલમાં આત્મા કોને કહેવાય?'

'કાવ્યમાં આત્મા શું છે? એ વાતને તો સમજવા, પલ્લવી, જીવન મરણ વચ્ચેનો ગાળો પણ ટૂંકો પડે! આ બધી વાત પર ચર્ચા કરવા માટે તો આપણી પાસે આખું જીવન પડ્યું છે! આ વાત પર આપણે અહીં પડદો પાડી, ચાલ, આપણે ઊગતા સૂર્યને આવકારવા સામેની ટેકરી તરફ આપણા ઘોડાને વાળી લઈએ.'

તબડક તબડક કરતાં, માથેરાનની લાલ માટીને ઊડાડતાં, વહેલી સવારના ઝાંખા પાંખા ધુમ્મસમાં, પલ્લવી અને મૃગેશના ઘોડા ચાલ્યા જતા હતા. બરાબર એ જ વખતે રસ્તાની બંને બાજુની વનરાવલીમાંથી અચાનક સૂર્ય ઉદય જોવા બે-ચાર સસલાનું ટોળું હડી કરતું આવી ચઢ્યું.

પલ્લવીના મુખમાંથી એક તીણી ચીસ નીકળી ગઈ, Oh God, સાથે તેણે ઘોડાની લગામ ખેંચી ઘોડાને થંભાવી દીધો. 'મૃગેશ હમણાં જ ઘોડાના ડાબલાં તળે બિચારું નિર્દોષ ભોળું સસલું કચરાઈ જાત.'

મૃગેશે હસતાં હસતાં કહ્યું, 'પલ્લવી, હમણાં થોડી જ વાર પહેલાં તે મને સવાલ પૂછ્યો હતો ને કે કવિતા એટલે શું?'

'પલ્લવી, જો ઘોડાના ડાબલા તળે સસલું આવી ગયું હોત તો, નિશ્ચિતપણે તેનું મૃત્યુ થયું હોત, ખરું ને! પણ તે ઘોડાની લગામ ખેંચી ઘોડાને કુશળતાપૂર્વક થંભાવી દીધો. નિર્દોષ ગભરું સસલું મૃત્યુને હાથતાળી આપી છટકી ગયું અને તેને નવું જીવન પ્રાપ્ત થયું!'

'પલ્લવી, જીવનમરણ વચ્ચેની નાજુક ક્ષણે તારા મુખમાંથી નીકળેલ ચીસ એ જ કવિતા, અરે, એ જ ગઝલ.'

[65 Falcon Drive, West Henrietta, NY 14586 USA]
email : slakhlan@Rochester.RR.com

•••••••••••••••••••••••••••••

ભોગ

• નીલમ દોશી

છેલ્લા એક વરસથી વિક્રાંત કોંટ્રેક્ટ મેરેજ માટે યોગ્ય છોકરીની તલાશમાં હતો. એક તો પહેલાં જ રીનાને મનાવવામાં સમજાવવામાં ઘણો સમય બગડી ચૂક્યો હતો. અને હવે તે માની હતી ત્યારે કોઈ છોકરીનો મેળ નહોતો પડતો.

વિક્રાંતનો એક મિત્ર પાંચ વરસ પહેલાં આ રીતે જ .. કોઈ છોકરીને પરણીને અમેરિકા પહોંચી ગયો હતો. અને વિક્રાંતને પણ તેણે જ આ રવાડે ચડાવ્યો હતો. બસ .. એક વાર ગમે તેમ કરીને ત્યાં એક વાર આવી જા ... પછી હું છું જ ને ? પાંચ વરસમાં એટલું કમાઈ લઈશ કે તારા બંને છોકરાઓનું ભવિષ્ય સુધરી જશે. અને એક વાર ત્યાં બધું સેટલ થઈ જાય પછી પત્નીને પણ બોલાવી લેવાશે.

વિક્રાંતે રીનાને આ બધું સમજાવ્યું હતું.

'હું આપણાં બાળકોનાં ભવિષ્ય માટે આ બધું કરું છું. તેમનું ભવિષ્ય ઉજ્જ્વળ બને માટે માબાપે ભોગ આપવો જ રહ્યો. અને પાંચ વરસનો જ સવાલ છે. પછી આખી જિંદગી નિરાંત. અને અમેરિકા જવાનો અને રહેવાનો આ સિવાય બીજો કોઈ રસ્તો નથી.'

'રીના, કાગળ પર એક સહી કરી દેવાથી હું તારો મટી નથી જવાનો કે કોઇ અન્યનો પતિ થઈ નથી જવાનો. હું તારો જ છું અને હંમેશાં રહીશ. ત્યાંથી તને પૈસા મોકલતો રહીશ. પાંચ વરસ તો આમ ચપટી વગાડતાં નીકળી જશે. બાળકો માટે આપણે ભોગ નહીં આપીએ તો કોણ આપશે ?'

અને આમ અનેક દલીલો કરી રીનાને હા પડાવી હતી. પરંતુ નસીબ બે ડગલાં આગળ હતું. જે એન.આર.આઈ. છોકરીનું નક્કી થયેલું તેણે કોઈ બીજા સાથે લગ્ન કરી લીધાં. અને હવે વિક્રાંત બીજી કોઈ છોકરીની તલાશમાં હતો. પરંતુ જલદીથી મેળ નહોતો પડતો.

ત્યાં એક દિવસ તે બહારથી આવ્યો ત્યાં ....

'વિક્રાંત, ખુશખબર છે ... '

'શું કોઇ છોકરી મળી ગઈ ?' ખુશીથી ઉછળતાં વિક્રાંતે કહ્યું.

'ના, છોકરી તો નહીં ... પરંતુ એન.આર.આઈ. છોકરો મળી ગયો છે. તેથી તારે બદલે હવે કોંટ્રેક્ટ મેરેજ મારે કરવાના આવશે. ... પરંતુ શું થાય ? સંતાનો માટે એક બાપ થઈને તું ભોગ આપવા તૈયાર હતો, તો હું તો તેમની મા છું. મારે એટલો ભોગ આપવો જ રહ્યો. બરાબરને ?'

ઝીણી આંખે વિક્રાંત તરફ નજર કરતાં રીનાએ કહ્યું.

વિક્રાંત જવાબ ન આપી શક્યો.

e.mail : nilamhdoshi@gmail.com



પ્રકાશક : Parivaar Commincations, 4 Rosecroft Walk, WEMBLEY, Middlesex HA0 2JZ [U.K.] · [26.10.2010]